# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

૨૦ વર્ષીય ધુરંધર અભિનેત્રી સારા અર્જુન, જે રણવીર સિંહ સામે ડેબ્યૂ કરશે?



પેજ-09

બાબર આઝમ શાહિદ આફ્રિદીને પછાડી પાકિસ્તાનમાં બદનામ રેકોર્ડમાં ટોચ પર!

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 32.00 | 19.00 |

પેજ 5



પિયુષ ગોયલ ઇઝરાયેલ મુલાકાત માટે રવાના વેપાર કરાર પર નજર

20 NOVEMBER-2025 THURSDAY

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફને ભારતનો ડર



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85186.47 | ▲ | 513.45 |
| નિફ્ટી | 26052.65 | ▲ | 142.06 |
| સોનું | 123267.00 | ▲ | 627.00 |
| ચાંદી | 156639.00 | ▲ | 1995.00 |


વર્ષ-15 । અંક-009 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# દિલ્હી વિસ્ફોટ પછી અલ ફલાહ યુનિવર્સિટીના 10 લોકો ગૂમ

## જૈશ-એ-મોહમ્મદની નવી ચાલ: ફંડ એકત્રિત કરવું

### NIAના હાથે લાગ્યા 70 વીડિયો: 11 યુવાનોને મોકલાયા હતા બ્રેઈનવોશિંગના પુરાવા!

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

દેશની રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા ભયાનક કાર બોમ્બ વિસ્ફોટના મામલામાં હવે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. હરિયાણાના ફરીદાબાદમાં આવેલી અલ ફલાહ યુનિવર્સિટી શંકાના દાયરામાં આવી છે. દિલ્હી વિસ્ફોટ બાદ યુનિવર્સિટી સાથે સંકળાયેલા દસ જેટલા લોકો ગુમ છે અને તેમના ફોન પણ બંધ આવી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓને શંકા છે કે ગ્રાઉન્ડ વર્કર તરીકે કામ કરતા આ વ્યક્તિઓ વિસ્ફોટના મોટા કાવતરામાં સામેલ હોઈ શકે છે. આ સાથે જ તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો છે કે આત્મઘાતી હુમલો કરનાર આતંકવાદી ડૉ. ઉમર નબી એક આખી આત્મઘાતી ટુકડી તૈયાર કરવાનું કાવતરું ઘડી રહ્યો હતો. આ માટે તે સતત વીડિયો બનાવીને અનેક રાજ્યોના યુવાનોનું બ્રેઈનવોશ કરી રહ્યો હતો. NIA સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓના મોબાઈલ ફોનમાંથી ડૉ. ઉમરના 12 સહિત 70 થી વધુ વીડિયો મળી આવ્યા છે. આમાંથી 7 વીડિયો યુવાનોને મોકલવામાં આવ્યા હતા. આમાંથી સાત યુવાનો કાશ્મીરી મૂળના હોવાનું કહેવાય છે અને તેઓ તમામ અલ-ફલાહ યુનિવર્સિટી સાથે જોડાયેલા છે.




### ડૉ. ઉમરના ફોનમાંથી 70 વીડિયો મળ્યા

તપાસમાં બહાર આવ્યું છે કે ડૉ.ઉમરે I-20 કાર આપનાર આમિર રશીદ અલી પણ આત્મઘાતી બોમ્બર બનવા તૈયાર નહોતો. ત્યાર બાદ ઉમરે તેને આવા જ બ્રેઈનવોશિંગ વીડિયો મોકલ્યા હતા. એજન્સીઓને શંકા છે કે ડૉ. ઉમર નબી એક આખી આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યો હતો, જે ભારતના અનેક રાજ્યોના યુવાનોને નિશાન બનાવી રહ્યો હતો.

### 6,400ની રકમનું ફંડ માગ્યું

આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદએ ભારતમાં વધુ આત્મઘાતી હુમલાઓ કરવા માટે ભંડોળ એકત્ર કરવાનું શરૂ કર્યું છે. જૈશે દરેક વ્યક્તિ પાસેથી 6,400ની રકમનું ફંડ માગ્યું છે. આ પૈસા પાકિસ્તાની ઓનલાઈન પેમેન્ટ એપ દ્વારા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આ પૈસાનો ઉપયોગ આતંકવાદીઓ માટે જૂતા અને કપડાં ખરીદવા માટે કરવામાં આવશે.

## મંત્રીઓની યાદી ફાઇનલ... અમિત શાહ પહોંચશે પટના...

# બિહારમાં ઐતિહાસિક ક્ષણ: નીતિશ કુમાર આજે 10મી વખત CM પદના શપથ લેશે

(એજન્સી) પટના । તા. 19

બિહારના રાજકારણમાં આજે એક નવો અધ્યાય લખાઈ ગયો છે. રાજધાની પટનામાં મોટો રાજકીય ભૂકંપ આવ્યા પછી, મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે, આ અંત નથી, પણ એક નવી શરૂઆત છે! નીતિશ કુમાર આવતીકાલે ગુરુવારે 10મી વખત મુખ્યમંત્રી (CM) પદના શપથ લેશે. આ શપથ ગ્રહણ સમારોહ ગાંધી મેદાનમાં ભવ્ય રીતે યોજાશે. આ સમારોહ બિહારના રાજકીય ઈતિહાસમાં એક ઐતિહાસિક ક્ષણ બની રહેશે, કારણ કે તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત 11 રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજરી આપવાના છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ શપથ સમારોહમાં હાજરી આપશે. લગભગ 150 વિશેષ મહેમાનોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે, જેના માટે ગાંધી મેદાનમાં બે ભવ્ય મંચ તૈયાર કરવામાં આવ્યા છે.



### બિહારમાં 'ડબલ એન્જિન'ની ડબલ તાકાત

આ વખતે માત્ર મુખ્યમંત્રી જ નહીં, પણ બે નાયબ મુખ્યમંત્રી પણ શપથ લેશે. ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં સમ્રાટ ચૌધરીને ધારાસભ્ય દળના નેતા તરીકે અને વિજય સિન્હાને ઉપનેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. તેનો અર્થ એ છે કે બિહારમાં હવે બે નાયબ મુખ્યમંત્રી હશે. માહિતી અનુસાર, નીતિશ કુમારની સાથે સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા પણ ઉપમુખ્યમંત્રી તરીકે શપથ લઈ શકે છે. આનાથી રાજ્યમાં 'ડબલ એન્જિનની સરકાર'ની તાકાત બમણી થશે. આ પહેલાં JDU અને BJP બંનેના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. JDUની બેઠકમાં નીતિશ કુમારને નેતા તરીકે ચૂંટવામાં આવ્યા, જ્યારે BJPની બેઠકમાં સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાની પસંદગી કરવામાં આવી. આ તમામ પ્રક્રિયા કેન્દ્રીય નિરીક્ષકોની દેખરેખ હેઠળ થઈ હતી. ભાજપ સંસદીય બોર્ડે ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને કેન્દ્રીય નિરીક્ષક, જ્યારે કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિને સહ-નિરીક્ષકની જવાબદારી આપી હતી. આ તમામ નેતાઓ મંગળવારે રાત્રે જ પટના પહોંચી ગયા હતા.

### ચિરાગ પાસવાનની મોટી રાજકીય માંગણી

આ બધાની વચ્ચે ચિરાગ પાસવાનની પાર્ટી LJP(R) પણ NDAમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચિરાગ પાસવાને NDAમાં બે મંત્રી પદ અને એક ડેપ્યુટી CM પદની માંગણી રાખી છે. આ વખતે વિધાનસભા ચૂંટણીમાં LJP(R)એ 19 બેઠકો જીતી છે, જેના કારણે તેનું રાજકીય વજન વધ્યું છે. ચિરાગ પાસવાન પોતાના બનેવી અરુણ ભારતીનું નામ ડેપ્યુટી CM માટે આગળ વધારી શકે છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ પટના પહોંચવાના છે. તેઓ નીતિશ કુમાર સાથે મુલાકાત કરશે અને ત્યારબાદ ભાજપના નેતાઓ સાથે બેઠક કરીને મંત્રીમંડળની અંતિમ યાદી પર મહોર મારશે.

## Quick Read

### પાકિસ્તાન: પૂર્વ PMની બહેનોને રોડ પર ઢસડવામાં આવી, 'દરિંદા પોલીસ' અધિકારીઓ વાયરલ થયા

ઈસ્લામાબાદ | પાકિસ્તાનમાં રાજકીય સંઘર્ષ હવે માનવતાની તમામ સીમાઓ ઓળંગી ગયો છે. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ત્રણ બહેનો - અલીમા, ઉઝમા અને નૌરીન ખાન - સાથે રાવલપિંડીની અદિયાલા જેલની બહાર પંજાબ પોલીસે કરેલા અત્યાચાર અને ગેરવર્તણૂકનો એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે. અહેવાલો મુજબ, ઈમરાન ખાનની બહેન નૌરીન ખાનને કસ્ટડીમાં લેતાં પહેલાં પોલીસે રસ્તા પર નિર્દયતાથી ઢસડી હતી. આ સમગ્ર ઘટનાને કારણે ત્રણેય બહેનો ગભરાયેલી, ડરેલી અને ધ્રૂજતી હાલતમાં જોવા મળી હતી. ઈમરાન ખાન, જે હાલમાં અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં 14 વર્ષની સજા ભોગવી રહ્યા છે અને અદિયાલા જેલમાં એકાંત કારાવાસમાં છે, તેમને મળવા માટે તેમની બહેનો જેલ પહોંચી હતી.

### મોટો ઝટકો: મહાવિકાસ અઘાડીમાં તિરાડ, ઉદ્ધવની પાર્ટી એકલી પડી! કોંગ્રેસ બાદ સપાએ પણ છોડ્યો સાથ!

મુંબઈ | મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટો ભૂકંપ આવ્યો છે. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં જ વિપક્ષી ગઠબંધન **મહાવિકાસ અઘાડી (MVA)માં ભંગાણના સ્પષ્ટ સંકેતો મળ્યા છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)ને એક પછી એક બે મોટા આંચકા લાગ્યા છે, જેના કારણે ગઠબંધનમાં તેની સ્થિતિ હવે સાવ એકલી પડી ગઈ હોય તેવી દેખાઈ રહી છે. આજે સમાજવાદી પાર્ટી (SP)એ MVAથી અલગ થવાનો સત્તાવાર નિર્ણય જાહેર કરીને ગઠબંધનને વધુ એક મોરચે ઝટકો આપ્યો છે. મહારાષ્ટ્ર સપાના અધ્યક્ષ અને ધારાસભ્ય અબુ આઝમીએ જાહેરાત કરી કે, તેમની પાર્ટી BMC ચૂંટણીમાં 150 બેઠકો પર લડશે. તેમણે સ્પષ્ટ કર્યું કે, 'સમગ્ર મહારાષ્ટ્રમાં જ્યાં પણ ચૂંટણી યોજાશે.

### મોટી કબૂલાત: 'લાલ કિલ્લાથી કાશ્મીર સુધી હુમલા કરાવ્યા અને કરાવતા રહીશું'- પાકિસ્તાની નેતાનો વીડિયો વાયરલ!

નવી દિલ્હી | ભારત પર થતા આતંકી હુમલાઓ પાછળ પાકિસ્તાનનો હાથ હોવાની ભારતની વાતને હવે પાકિસ્તાન તરફથી જ સમર્થન મળ્યું છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)ના રાષ્ટ્રપતિ અને વરિષ્ઠ નેતા ચૌધરી અનવરુલ હકે એક વાયરલ વીડિયોમાં ચોંકાવનારી કબૂલાત કરી છે કે ભારતમાં થયેલા મોટા આતંકી હુમલાઓ પાકિસ્તાને બદલો લેવા માટે કરાવ્યા હતા. હકે સીધો દાવો કર્યો છે કે, 'પાકિસ્તાને બદલો લેવા માટે અને ભારતને ટાર્ગેટ કરવા માટે લાલ કિલ્લા અને પહલગામમાં આતંકી હુમલો કરાવ્યો હતો.' તેમની આ કબૂલાતથી આતંકવાદને પ્રોત્સાહન આપવાના પાકિસ્તાનના ઘૃણાસ્પદ ઈરાદા ખુલ્લા પડ્યા છે. અનવરુલ હકે 22 એપ્રિલના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા હુમલાનો ઉલ્લેખ કર્યો, જેમાં 26 લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

# કિસાન સન્માન નિધિનો 21મો હપ્તો જાહેર: 9 કરોડ 'ખેડૂતોના ખાતામાં' પહોંચ્યા ₹18,000 કરોડ!

## તમિલનાડુમાં 35,000 હેક્ટરમાં 'કુદરતી ખેતી', કર્ણાટક-કેરળમાં મલ્ટી-લેયર ફાર્મિંગ

(એજન્સી) કોઈમ્બતુર । તા. 19

દેશના ખેડૂતો માટે આજે એક મોટી રાહત અને ઉત્સાહનો દિવસ છે. PM નરેન્દ્ર મોદીએ બુધવારે તમિલનાડુના કોઈમ્બતુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો જાહેર કર્યો. એક જ ક્લિકથી દેશભરના 9 કરોડથી વધુ નાના ખેડૂતોના ખાતામાં 18,000 કરોડથી વધુની રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે. આ યોજના વર્ષ 2019માં શરૂ કરવામાં આવી હતી, જેના અંતર્ગત પાત્ર ખેડૂતોને દર વર્ષે 6,000ની આર્થિક સહાય ત્રણ હપ્તામાં મળે છે. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યું કે, 'આ યોજના હેઠળ અત્યાર સુધીમાં નાના ખેડૂતોના ખાતામાં કુલ 4 લાખ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વિવિધ યોજનાઓ દ્વારા ખેડૂતોને 10 લાખ કરોડ પણ પૂરા પાડવામાં આવ્યા છે. આ આંકડા માત્ર પૈસાના નથી, પણ ખેડૂત પરિવારની આશાઓ, ગરીબીમાંથી મુક્તિ અને સન્માનના છે.'



### કુદરતી ખેતીએ 'કૃષિ નિકાસ' કરી બમણી!

તમિલનાડુના ખેડૂતોના વખાણ કરતાં તેમણે કહ્યું કે, 'કેટલાક એવા યુવાનો છે જેઓ મિકેનિકલ એન્જિનિયરિંગ અને પીએચડી પૂર્ણ કર્યા પછી ખેતી કરી રહ્યા છે. કેટલાક તો નાસામાં કામ છોડીને આવ્યા છે અને અન્ય ખેડૂતોને તાલીમ આપી રહ્યા છે.' તેમણે માહિતી આપી કે માત્ર તમિલનાડુમાં જ 35,000 હેક્ટરમાં કુદરતી ખેતી કરવામાં આવી રહી છે. કર્ણાટક અને કેરળમાં નારિયેળ, મરચાં અને અન્ય પાક એકસાથે ઉગાડીને મલ્ટી-લેયર ફાર્મિંગ કરવામાં આવી રહ્યું છે, જે ખરેખર પ્રેરણાદાયક છે.

### 'કુદરતી ખેતી' મારા હૃદયની નજીક

વડાપ્રધાન મોદી કોઈમ્બતુર ખાતે દક્ષિણ ભારત નેચરલ ફાર્મિંગ સમિટ 2025નું ઉદ્ઘાટન કરવા આવ્યા હતા. આ મંચ પરથી તેમણે કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો. તેમણે ભાવનાત્મક અંદાજમાં કહ્યું કે, 'કુદરતી ખેતી મારા હૃદયની ખૂબ નજીક છે. આ ખેતીની ક્રાંતિએ આપણી કૃષિ નિકાસ બમણી કરી દીધી છે. આનાથી દેશની જમીન પણ બચી રહી છે અને ખેડૂતોનું સ્વાસ્થ્ય પણ સુધરી રહ્યું છે.'

### 'ગામછો' લહેરાવતા ખેડૂતો અને હપ્તાની ગતિવિધિ

વડાપ્રધાને મંચ પરના ખેડૂતોને જોઈને મજાક પણ કરી. તેમણે કહ્યું કે જ્યારે તેઓ સ્ટેજ પર આવ્યા ત્યારે ઘણા ખેડૂતો ગામછો (ગામઠી ટુવાલ) લહેરાવી રહ્યા હતા. તેમને લાગ્યું કે તેમના આગમન પહેલાં બિહારની હવા પણ અહીં પહોંચી ગઈ છે. આ વાતાવરણથી સ્પષ્ટ થયું કે દક્ષિણ ભારતમાં પણ ખેડૂત સન્માન નિધિ યોજનાની લોકપ્રિયતા કેટલી વધારે છે.

### X ડાઉન, ChatGPT ઠપ: દુનિયા 4 કલાક થંભી ગઈ!

**75 લાખ સાઇટ્સ અસરગ્રસ્ત**

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

18 નવેમ્બર, 2025 સાંજે 5 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી દુનિયાભરમાં એક સન્નાટો છવાઈ ગયો હતો. જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની તાકાત ChatGPT આપણા જીવનનો ભાગ બની ગયા છે, તે અચાનક બંધ થઈ ગયા! ચાર કલાક સુધી લાખો યુઝર્સ પોતાના ફોન અને લેપટોપ સામે બેઠા રહ્યા, માત્ર સ્ક્રીનને રિફ્રેશ કરતા રહ્યા, પણ કશું જ ન થયું. ભારતના ખૂણે ખૂણેથી અને દુનિયાભરમાંથી યુઝર્સને લોગિન, સાઈનઅપ, પોસ્ટ જોવા કે કરવાની સુવિધાઓમાં મુશ્કેલી આવી. આ મુશ્કેલીનું મૂળ કારણ ક્યાંક બીજું જ હતું-સર્વર પ્રોવાઈડર ક્લાઉડફ્લેર. સ્થાનિક સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ આઉટેજનું સીધું કારણ ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની ક્લાઉડફ્લેરના ડાઉન થવાનું છે.

## 'બચ્ચન બહુ'ના સંસ્કાર જોઈ દેશ થયો ગદગદ!

# અભિનેત્રી ઐશ્વર્યા રાય PM નરેન્દ્ર મોદીને પગે લાગી

(એજન્સી) પુટ્ટપર્થી । તા. 19

આજે આંધ્રપ્રદેશના પુટ્ટપર્થીમાં એક અલૌકિક અને ગૌરવશાળી દ્રશ્ય જોવા મળ્યું. જ્યારે એક તરફ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્ય સાંઈ બાબાના શતાબ્દી સમારોહમાં આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફ, બોલિવૂડની સૌથી સન્માનિત અભિનેત્રી અને બચ્ચન પરિવારની વહુ, ઐશ્વર્યા રાય, પોતાના સંસ્કારોથી કરોડો લોકોનું દિલ જીતી રહી હતી. કાર્યક્રમ દરમિયાન, ઐશ્વર્યા રાયે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પગે લાગીને આશીર્વાદ લીધા. વડાપ્રધાને પણ સામે આદરથી હાથ જોડીને અભિવાદન કર્યું. આ દ્રશ્યની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જ્યાં ફેન્સ 'બચ્ચન બહુ'ના સંસ્કારો અને વિનમ્રતાના ખૂબ જ વખાણ કરી રહ્યા છે.

### ધર્મ અને જાતિ પર ઐશ્વર્યાનું ભાષણ

આ સમારોહમાં અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચને પણ સંબોધન કર્યું. તેમણે ધર્મ અને જાતિ પર પોતાના વિચારો વિશ્વ સમક્ષ રજૂ કર્યા. જોકે, તેમણે ભાષણ આપતા પહેલાં વડાપ્રધાનને પગે લાગીને આશીર્વાદ લેવાનું ભૂલી ન હતી. આ વિનમ્રતા અને સંસ્કારને કારણે સોશિયલ મીડિયા પર તેની પ્રશંસા થઈ રહી છે. ફેન્સ કહી રહ્યા છે કે આટલી મોટી સેલિબ્રિટી હોવા છતાં, ભારતીય સંસ્કારોનું આ આટલું સુંદર પ્રદર્શન જોઈને મન ગદગદ થઈ ગયું.

### 'વસુધૈવ કુટુમ્બકમ'નું જીવંત સ્વરૂપ

આ બુધવારે વડાપ્રધાન મોદી આંધ્રપ્રદેશ અને તામિલનાડુની મુલાકાતે હતા. સૌપ્રથમ તેઓ પુટ્ટપર્થીમાં સત્ય સાંઈ બાબાના મંદિર અને મહાસમાધિ ગયા, જ્યાં તેમણે પૂજા કરી અને શ્રદ્ધાંજલિ આપી. શતાબ્દી સમારોહને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "શ્રી સત્ય સાંઈ બાબાના જન્મ શતાબ્દી વર્ષ આપણી પેઢી માટે ફક્ત ઉત્સવ નહીં, પણ એક દિવ્ય વરદાન છે."

# ભારતને 'હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું જરૂરી નથી' મોહન ભાગવતનું સૌથી મોટું નિવેદન!

(એજન્સી) ગુવાહાટી । તા. 19

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે ગુવાહાટીની ધરતી પરથી એક એવું નિવેદન આપ્યું છે, જેણે દેશના રાજકારણ અને સાંસ્કૃતિક ચર્ચાને એક નવી દિશા આપી દીધી છે. ભાગવતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'ભારત અને હિન્દુ એક જ છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું જરૂરી નથી. આપણી સભ્યતા પહેલાથી જ આ સત્યને દર્શાવી રહી છે.' આ વાત કહીને તેમણે 'હિન્દુ રાષ્ટ્ર'ની પરિભાષાને રાજકીય દાયરામાંથી બહાર કાઢીને સભ્યતા અને સંસ્કૃતિના મજબૂત આધાર પર મૂકી દીધી છે.



### પૂર્વોત્તરમાં એકતા અને 'સંઘનું કાર્ય'

ભાગવતે પૂર્વોત્તર ભારતની વિશેષ પ્રશંસા કરી અને તેને ભારતની વિવિધતામાં એકતાનું તેજસ્વી ઉદાહરણ ગણાવ્યું. તેમણે મહાન યોદ્ધા લચિત બોરફૂકન અને શ્રીમંત શંકરદેવ જેવા વ્યક્તિઓને માત્ર પ્રાદેશિક નહીં પણ રાષ્ટ્રીય મહત્વ ધરાવતા વ્યક્તિ ગણાવ્યા, જે તમામ ભારતીયોને પ્રેરણા આપે છે. આ સાથે તેમણે વસ્તી વિષયક પરિવર્તનના મુદ્દા પર પણ વાત કરી.

### હિન્દુ ધાર્મિક નહીં સાંસ્કૃતિક ઓળખ છે : મોહન ભાગવત

ગુવાહાટીમાં એક કાર્યક્રમને સંબોધિત કરતા RSS પ્રમુખે ભારપૂર્વક કહ્યું કે, જેને પણ પોતાના દેશ, પોતાની ધરતી પર ગર્વ છે, તે દરેક વ્યક્તિ હિન્દુ છે. તેમના મતે, હિન્દુ ધાર્મિક નહીં સાંસ્કૃતિક ઓળખ છે, જે હજારો વર્ષોથી ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરા સાથે જોડાયેલી છે. આ એક એવો વિચાર છે જે ભારતમાં વસતા દરેક ધર્મ, જાતિ અને સમુદાયના લોકોને એક દોરીમાં બાંધે છે.

### મ્યાંમારના સ્કેમ સેન્ટરમાં ફસાયેલા 1500 ભારતીયોની 'વતન વાપસી'!

(એજન્સી) બેંગકોક । તા. 19

ભારત સરકારે દક્ષિણ-પૂર્વ એશિયામાં સ્કેમ સેન્ટરોમાં ફસાયેલા પોતાના નાગરિકોને સુરક્ષિત રીતે પાછા લાવવાનું એક મોટું અભિયાન ચલાવ્યું છે, જે અંતર્ગત આજે વધુ એક સફળતા મળી છે. બુધવારે થાઈલેન્ડના મે સોટથી વિશેષ ભારતીય વાયુસેનાની ફ્લાઈટ દ્વારા ઓછામાં ઓછા 125 ભારતીય નાગરિકોને વતન પરત લાવવામાં આવ્યા છે. બેંગકોકમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, આ સાથે જ માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં મ્યાંમારના મ્યાવાડીમાં આવેલા સ્કેમ સેન્ટરોમાંથી મુક્ત કરાયેલા અને થાઈલેન્ડ મારફત પ્રત્યાવર્તિત કરાયેલા ભારતીયોની કુલ સંખ્યા 1500 પર પહોંચી ગઈ છે.

# ઈતિહાસમાં પહેલીવાર : રાહુલ ગાંધી વિરુદ્ધ 272 'નિવૃત્ત જજ-અધિકારીઓ'નો લેટર બોમ્બ!



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

દેશના રાજકારણના આકાશમાં એક મોટો ધડાકો થયો છે. રાજધાની દિલ્હીથી દેશભરના 272 નિવૃત્ત જજ, વહીવટી અમલદારો અને સૈન્ય અધિકારીઓએ એક ખુલ્લો પત્ર બહાર પાડીને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને તેમના પક્ષની આકરી ટીકા કરી છે. આ પત્રમાં ચૂંટણી પંચની વિશ્વસનીયતાને નબળી પાડવાના પ્રયાસોને દેશના લોકશાહી માળખા માટે ખતરનાક ગણાવવામાં આવ્યા છે. નિવૃત્ત મહાનુભાવોના આ સમૂહે આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ પાર્ટી સતત બંધારણીય સંસ્થાઓની છાપ બગાડીને દેશની લોકશાહી વ્યવસ્થામાં બિનજરૂરી અવિશ્વાસ ફેલાવી રહી છે.

### લેટરની મોટી વાતો વાચકના દિલને હલાવી દે તેવી

**ખતરનાક વલણ:** પત્રમાં કહેવાયું છે કે પહેલાં સેના, પછી ન્યાયતંત્ર અને સંસદ પર સવાલ ઊઠાવવામાં આવ્યા, અને હવે ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. આ એક એવું 'ખતરનાક વલણ' છે જેમાં ચૂંટણીમાં મળેલી હારને છુપાવવા માટે સંસ્થાઓની વિશ્વસનીયતા પર હુમલો કરવામાં આવી રહ્યો છે.

**કોઈ નક્કર આધાર નથી:** રાહુલ ગાંધીએ EC પર 'દેશદ્રોહી' હોવાના ગંભીર આરોપો લગાવ્યા અને અધિકારીઓને ધમકાવ્યા, છતાં તેમણે આજ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ કે સોગંદનામું દાખલ કર્યું નથી. લેટરમાં તેને ફક્ત 'રાજકીય આક્રોશ' ગણાવવામાં આવ્યો, જેનો કોઈ નક્કર આધાર નથી.

**રાજકીય અવસરવાદ:** મહાનુભાવોએ કહ્યું કે જ્યારે વિરોધ પક્ષો જીતે છે, ત્યારે ચૂંટણી પંચને દોષ આપવામાં આવતો નથી, પણ હારતાની સાથે જ બધો દોષ કમિશન પર આવી જાય છે. આ સીધો રાજકીય અવસરવાદ છે.

**મજબૂત EC પર હુમલો:** ટી.એન. શેષન અને એન. ગોપાલસ્વામી જેવા ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરોએ ECને મજબૂત અને નિષ્પક્ષ બનાવ્યું છે. આજે તેના પરના પાયાવિહોણા હુમલાઓ લોકશાહી માટે હાનિકારક છે.

### MLA ચૈતન્યસિંહ ઝાલા અને સાંસદ જશુભાઈ રાઠવાએ ફ્લેગ ઓફ આપી યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

# વડોદરાના પાદરા વિધાનસભા વિસ્તારમાં 'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ' યોજાઇ

(એજન્સી) વડોદરા | તા.19

ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે 'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ' અંતર્ગત વડોદરા જિલ્લાની પાદરા વિધાનસભા વિસ્તારમાં ભવ્ય એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ યુનિટી માર્ચ જકાતનાકા સ્થિત સરદાર પટેલ સ્ટેચ્યુ ખાતેથી પ્રારંભ થઈ હતી અને ૧૦ કિલોમીટરના લાંબા રૂટ પર ફરીને રણૂ ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કર્યા બાદ પૂર્ણ થઈ હતી. પદયાત્રાના રૂટ દરમિયાન જય સરદારનો ગુંજારવ અને ભવ્ય સ્વાગતથી સમગ્ર વાતાવરણ તિરંગાના રંગે રંગાઈ ગયું હતું. પાદરાના ધારાસભ્યશ્રી ચૈતન્યસિંહ ઝાલા અને છોટા ઉદેપુરના સાંસદશ્રી જશુભાઈ રાઠવાએ ફ્લેગ ઓફ આપી યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રારંભ પૂર્વે બંને મહાનુભાવોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ધારાસભ્યશ્રી ઝાલાએ પોતાના પ્રેરક ઉદ્બોધનમાં ઉપસ્થિત સૌને સરદાર પટેલના આદર્શોને વળગી રહીને સામાજિક સમરસતાને મજબૂત કરવા આહ્વાન કર્યું હતું. તેમણે રાષ્ટ્રીય એકતા, સ્વદેશી જીવનશૈલી અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ ગતિ આપવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ, ભગવાન બિરસા મુંડા અને વંદે માતરમની ૧૫૦ વર્ષની ઉજવણીના વિષયોને પણ વણી લીધા હતા. આ કાર્યક્રમ દરમિયાન સર્વે ઉપસ્થિત નાગરિકોએ સ્વદેશી અપનાવવા તેમજ આત્મનિર્ભર ભારત માટે યોગદાન આપવા માટે સામૂહિક શપથ લીધા હતા.

છોટા ઉદેપુરના સાંસદશ્રી જશુભાઈ રાઠવાએ યુનિટી માર્ચને રાષ્ટ્ર નિર્માણના સરદાર પટેલના આદર્શો અને સંકલ્પોને પુનઃ સમર્પિત થવાનો પવિત્ર અવસર ગણાવ્યો હતો. વક્તાઓએ મક્કમપણે જણાવ્યું હતું કે, આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ રજવાડાઓના વિલીનીકરણથી એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ જ એકતાના મંત્રને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'થી સાકાર કર્યો છે.

## નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ગુજરાતમાં 70 લાખથી વધુ નાગરિકો જાગૃત

(એજન્સી) ગાંધીનગર | તા.19

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા. 15 ઓગસ્ટ 2020માં શરૂ કરાયેલ 'નશામુક્ત ભારત અભિયાન' ગુજરાતમાં ભવ્ય સફળતા હાંસલ કરી રહ્યું છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં મળીને અંદાજિત કુલ 20,000થી વધુ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજિત 70 લાખથી વધુ નાગરિકોએ સહભાગી બનીને આ અભિયાનને સફળ બનાવ્યું છે. સૌપ્રથમ તા.15 ઓગસ્ટ 2020ના રોજ અમદાવાદ, વડોદરા, ભરૂચ, મહેસાણા, સુરત, રાજકોટ, જામનગર, પોરબંદર મળીને કુલ આઠ જિલ્લાઓમાં આ અભિયાન શરૂ થયું હતું. ત્યારબાદ તા.15 ઓગસ્ટ 2022માં બનાસકાંઠા, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, વલસાડ, ગાંધીનગર જેવા જિલ્લાઓમાં અને તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૪માં દેશના બાકી તમામ જિલ્લાઓમાં તેનો વિસ્તાર કરવામાં આવ્યો હતો.

### એકતાનગરમાં ફૂડ સ્ટોલ દ્વારા ધનેશ કુમારે ₹60 હજારની આવક કરી

# ઉત્તરપ્રદેશના PM સ્વનિધિના લાભાર્થી માટે ભારત પર્વ બન્યો યાદગાર અનુભવ

(એજન્સી) ગાંધીનગર | તા.19

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ શેરી ફેરિયાઓ અને નાના દુકાનદારોને આર્થિક રીતે સશક્ત કરવાના પીએમ સ્વનિધિ યોજનાનો ઉદ્દેશ્ય સકારાત્મક રીતે સાકાર થઈ રહ્યો છે. તેનું ઉત્તમ ઉદાહરણ ઉત્તરપ્રદેશના રહેવાસી અને પીએમ સ્વનિધિના લાભાર્થી ધનેશ કુમાર ગુપ્તાએ પૂરું પાડ્યું છે. ઈટાવાના રહેવાસી ધનેશ કુમારે તાજેતરમાં એકતાનગર ખાતે આયોજિત ભારત પર્વમાં ભાગ લીધો હતો, જે તેમના માટે માત્ર વ્યવસાયિક તક નહીં, પણ એક યાદગાર અનુભવ બની ગયો છે. ધનેશ કુમાર ગુપ્તાને પરંપરાગત વાનગીઓનો સ્વાદ લોકો સુધી પહોંચાડવા માટે ગુજરાત સરકારે ભારત પર્વમાં સ્ટોલ લગાવવા માટે આમંત્રિત કર્યા હતા. તેમણે મુલાકાતીઓને પોતાની ખાસ




વાનગીઓ રબડી અને કેસર મિલ્કનો સ્વાદ ચખાડ્યો હતો. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી વાનગીઓ સ્વાદ અને ગુણવત્તાના કારણે જોતજોતામાં લોકપ્રિય બની અને તેમનો સ્ટૉલ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો. ગુજરાતમાં તેમના આ પ્રથમ અનુભવ વિશે ધનેશ કુમાર ઉત્સાહપૂર્વક જણાવે છે, "ભારત પર્વમાં સામેલ થવું એ મારા જીવનના સૌથી યાદગાર અનુભવો પૈકી એક છે. મારા સ્ટૉલની મુલાકાત લેનારા લોકોમાં વિનમ્રતા જોવા મળી અને તેમણે અમારી વાનગીઓના વખાણ કર્યા. મને અહીં આવવાનું આમંત્રણ આપવા બદલ હું ગુજરાત સરકારનો આભારી છું. આશા છે કે હું આવતા વર્ષે અહીં ફરી આવીશ અને ગુજરાતની સ્વાદપ્રેમી જનતાને નવી વાનગીઓનો સ્વાદ ચખાડીશ." આ કાર્યક્રમમાં સામેલ થવાથી ધનેશ કુમારના આત્મવિશ્વાસમાં અનેકગણો વધારો થયો છે. ભારત પર્વ દરમિયાન તેમણે ૬૦ હજાર જેટલી નોંધપાત્ર આવક કરી છે. આ આવક દર્શાવે છે કે આ પ્રકારના મંચ શેરી ફેરિયાઓને આર્થિક રીતે સશક્ત કરવાના પીએમ સ્વનિધિના ઉદ્દેશને મજબૂત રીતે સાકાર કરી રહ્યા છે. સ્થાનિક ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ભારત પર્વ જેવા કાર્યક્રમો એક મહત્વપૂર્ણ આધાર પૂરો પાડે છે, જેમાં ભારતની સંસ્કૃતિ અને વૈવિધ્યસભર વ્યંજનોની ઝાંખી પણ જોવા મળે છે.

### બીજા ખેડૂતોને પણ ઝડપથી જામીન મળશે

# બોટાદ આંદોલનમાં જેલમાં જનાર 6 ખેડૂતોને હાઈકોર્ટે આપ્યા જામીન

(એજન્સી) અમદાવાદ | તા.19

બોટાદ કડદા કાંડ કેસમાં જેલમાં બંધ 6 ખેડૂતોને ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન મળતા આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી અને ખેડૂત નેતા સાગર રબારીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, બોટાદ એપીએમસીમાં ચાલતા કડદાનો વિરોધ કરી રહેલા ખેડૂતો ઉપર હડદડમાં થયેલી સભામાં ખેડૂતો ઉપર પોલીસે અત્યાચાર ગુજાર્યો હતો અને 85 ખેડૂતો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. એ કેસ પૈકીના 6 ખેડૂતોની જામીન અરજી માટેની સુનાવણી આજે ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરવામાં આવી હતી. આ છ ખેડૂત આરોપીઓને ગુજરાત હાઈકોર્ટે 10,000 રૂપિયાના જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. ગત મુદતમાં સરકાર પક્ષે ખેડૂતોને જામીન મળે નહીં એના માટે પૂરતી તાકાત લગાવી હતી અને આજે ખેડૂતોને જામીન મળી રહ્યા છે એવું જણાતા સરકારી વકીલે છેલ્લે એવી દલીલ કરી કે આ ખેડૂતો જેલમાંથી છૂટીને રેલીઓ કરશે. એમનો કહેવાનો એવો હેતુ હતો કે કોર્ટ જામીનમાં એવી શરત મૂકે કે આ ખેડૂતો કોઈપણ રેલી, પ્રદર્શન, ધરણામાં ભાગ લઈ શકે નહીં. નામદાર ગુજરાત હાઈકોર્ટે નાગરિકોના મૂળભૂત લોકશાહી અધિકારોને અકબંધ રાખતા આ દલીલ ખારીજ કરી દીધી હતી.

## બનાસકાંઠામાં 22-23 નવેમ્બરે ગણતરી પત્રક જમા કરાવવાની અંતિમ તક

(એજન્સી) પાલનપુર | તા.19

બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર મિહિર પટેલ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભા મતદાર વિભાગના તમામ મતદારોને વિનંતી કરવામાં આવે છે કે, હાલમાં ચાલતી મતદારયાદી સઘન સુધારણા કામગીરી હેઠળ નાગરિકોએ ગણતરી પત્રક વહેલામાં વહેલી તકે ભરીને BLOને જમા કરાવવાના રહેશે. મતદાન મથકે ગણતરી ફોર્મ જમા કરાવવાની આ છેલ્લી તક છે. ૨૨ નવેમ્બર અને ૨૩ નવેમ્બરના રોજ એમ બે દિવસ સવારે 09:00 વાગ્યાથી બપોરે 01:00 વાગ્યા સુધી BLO પોતાના મતદાન મથક ઉપર મળશે તો જિલ્લાના નાગરિકોએ વહેલી તકે પોતાના ફોર્મ જમા કરાવવાના રહેશે.

### ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરીમાં મોટી સંખ્યામાં

# કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ AAPમાં જોડાયા

(એજન્સી) અમદાવાદ | તા.19

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આજે આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભા મળી હતી. જેમાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, યુવા પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકી, યુવરાજસિંહ જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા. AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આજની આ જનસભામાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટીમાં દિવસેને દિવસે નવા લોકો જોડાઈ રહ્યા છે. આજે વલસાડની ધરમપુર વિધાનસભાના



કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈશ્વર પટેલ 400થી સમર્થકોની સાથે અમારી પાર્ટીમાં જોડાયા છે અને અમે એમને આવકારીએ છીએ. કોંગ્રેસમાંથી પણ ઘણા સદસ્યો આજે અમારી સાથે જોડાયા છે એમને પણ અમે આવકારીએ છીએ. પાર્ટીમાં એમનું સન્માન જળવાય, એમના માર્ગદર્શન હેઠળ આવનારા દિવસોમાં પાર્ટી મજબૂત બને એવા અમારા પ્રયાસો રહેશે. આવનારી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની જે ચૂંટણી છે તેમાં તમામ બેઠકો ઉપર આમ આદમી પાર્ટી સ્વતંત્ર રીતે લડવા જઈ રહી છે ત્યારે તમામ ઉમેદવારો ખૂબ સારી રીતે અને મજબૂતાઈથી લડે, જીતે અને સત્તા ઉપર આવે એવા પ્રયાસો આમ આદમી પાર્ટી કરી રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં રાષ્ટ્રીય લેવલ થી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું ગઠબંધન નથી એની જાહેરાત થઈ ગઈ છે. ત્યારે ગુજરાતમાં તમામ બેઠકો ઉપર આમ આદમી પાર્ટી સ્વતંત્ર રીતે લડવા જઈ રહી છે.

### ઓવર હોલિંગ અને મશીન ટેમ્પિંગ કાર્ય માટે પશ્ચિમ રેલ્વે દ્વારા સમારકામની જાહેરાત

# કલોલ અને જુલાસણ વચ્ચે આવેલ રેલવે ફાટક 21 નવેમ્બરે બંધ રહેશે

(એજન્સી) અમદાવાદ | તા.19

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન હેઠળ આવતા કલોલ અને જુલાસણ સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ફાટક નંબર ૨૨૯ (કિમી ૭૫૪/૧૫-૧૭) રોડ વપરાશકર્તાઓ માટે ૨૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ બંધ રાખવામાં આવશે. રેલ્વે વિભાગ દ્વારા ફાટકની જરૂરી ઓવર હોલિંગ અને મશીન ટેમ્પિંગ કાર્ય કરવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમારકામ કાર્યક્રમ નિર્ધારિત સમયમાં પૂર્ણ થાય તે માટે ૨૧ નવેમ્બરે વાહનવ્યવહારને અટકાવવામાં આવશે. રેલ્વે ફાટક બંધ રહેવાના આ સમયગાળા દરમિયાન રોડ વપરાશકર્તાઓને અસુવિધા ન થાય તે માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે. તમામ રોડ વપરાશકર્તાઓ આ સમયગાળા દરમિયાન રોડ ઓવર બ્રિજ નંબર ૧૦૨૬ 'B' કિમી ૭૫૧/૨૫-૨૭નો ઉપયોગ કરી શકે છે. પશ્ચિમ રેલ્વે દ્વારા જાહેર જનતાને આ સમારકામ કાર્યમાં સહયોગ આપવા અને અસુવિધા ટાળવા માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. નિર્ધારિત સમય પછી ફાટક નિયમિત વાહનવ્યવહાર માટે ફરી ખુલ્લું મૂકવામાં આવશે.

## સાવલીના રસુલપુરા ખાતે પ્રાથમિક શાળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

વડોદરા | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ ભવનના માર્ગદર્શન હેઠળ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન વર્ષ-૨૦૨૫નો કાર્યક્રમ સાવલી તાલુકાની રસુલપુરા પ્રાથમિક શાળા ખાતે ભારે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. આ કાર્યક્રમનું વિશેષ મહત્ત્વ એ હતું કે, શાળાના ૭૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગ્રામજનો અને સ્કૂલ મેનેજમેન્ટ સમિતિના સૌજન્યથી કેક કાપીને શાળાનો વાર્ષિક દિવસ પણ ઉજવાયો હતો.



## પોરબંદરના માધવપુર ઘેડ યાત્રાધામનો રૂ.43 કરોડથી વધુના ખર્ચે સર્વાંગી વિકાસ કરાશે

પોરબંદર | વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતીય ઐતિહાસિક અને ધાર્મિક વિરાસતોની જાળવણી અને સંવર્ધન કરીને 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે ગુજરાતમાં બહુમુખી વિકાસની આગવી પેટર્ન વિકસી રહી છે. આ વિકાસ યાત્રાને આગળ વધારતા, પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે આવેલા શ્રી કૃષ્ણા-રૂક્ષ્મણી યાત્રાધામનો સર્વાંગી વિકાસ અંદાજે કુલ રૂ. ૯૧ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવી રહ્યો છે. ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની યાદી મુજબ, આ માસ્ટર પ્લાનમાં માધવપુર ગામમાં એકબીજાથી 1 કિ.મી. જેટલા અંતરે આવેલા વિવિધ સ્થળોને આવરી લેવાશે, જેના પરિણામે યાત્રાળુઓને અનેકવિધ નવીન સુવિધાઓ ઉપલબ્ધ થશે. શ્રી કૃષ્ણા-રૂક્ષ્મણી યાત્રાધામના વિકાસના બીજા તબક્કામાં રૂ. ૪૩.૭૨ કરોડના ખર્ચે નીચે મુજબના મુખ્ય વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૪૮ કરોડના ખર્ચે વિકાસકાર્યો પૂર્ણ કરી દેવાયા છે. જેમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, ચૉરી માયરાની જગ્યા, માધવરાયજી મંદિર જતાં રસ્તા પર બીચ ડેવલોપમેન્ટ, બ્રહ્મ કુંડ તેમજ મેળા ગ્રાઉન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



### કબજાની નોટિસ

જ્યારે, **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ની કલમ 13 (12) અને નિયમ 3 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉધાર લેનારા/લેનારા/લેનારાઓને **ડિમાન્ડ નોટિસ** જારી કરી હતી, જેમાં ઉધાર લેનારાઓને ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાના **60 દિવસ**ની અંદર ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત લાગુ દરે સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ અને તેના પર વ્યાજ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, તેમજ ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતા આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે તરીકે ભવિષ્યના વ્યાજ સાથે ચુકવણી કરવાનું કહેવામાં આવ્યું હતું.

| ક્ર. નં. | લોન નં. | ઉધાર લેનાર/ સહ-ઉધાર લેનાર/ જામીન આપનાર/ગીરો આપનાર | ૧૩(૨) નોટિસ તારીખ/ બાકી બાકી (રૂ.માં) મુજબ | તારીખ/સમય અને કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| 1. | 31969420002605 | 1) રાવલ ધર્મેન્દ્રકુમાર ભગવાનદાસ, 2) જ્યોત્સનાબેન રાવલ | 24/08/2025 સુધીમાં 28/08/2025 થી: રૂ. 16,18,600/- (સોળ લાખ અઢાર હજાર છસો રૂપિયા માત્ર) | તારીખ: 18/11/2025 સમય: 03:45 PM પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** તમામ તે સ્થાવર રહેણાંક મિલકતનો ટુકડો અને ભાગો, જે ટીકા નંબર 6/6, સિટી સર્વે નંબર 222 અને ટીકા નંબર 6/6, સિટી સર્વે નંબર 197 છે. મ્યુનિસિપલ સેન્સસ નંબર 1/13/16/1, સિટી સર્વે 222 ના 51.84.00 ચોરસ મીટર અને સિટી સર્વે 197ના 00.83.61 ચોરસ મીટરનું બાંધકામ ક્ષેત્રફળ છે. કુલ ક્ષેત્રફળ 52.67.61 ચોરસ મીટર, ગામ વિસનગર સિમ, તાલુકો વિસનગર અને જિલ્લો મહેસાણા. **હદ: પૂર્વ:** બાજુના સિટી સર્વે નંબર 219ની મિલકત, **પશ્ચિમ:** રોડ, **ઉત્તર:** બાજુના સિટી સર્વે નંબર 223ની મિલકત, **દક્ષિણ:** બાજુના સિટી સર્વે નંબર 221 ની મિલકત. | | | |
| 2. | 31480430000872 | 1) મીર દશરથભાઈ નાગજીભાઈ, 2) ભરવાડ નાગજીભાઈ લાખાભાઈ, 3) મનુબેન નાગજીભાઈ | 14/08/2025 સુધીમાં 18/08/2025 થી: રૂ. 3,23,711/- (ત્રણ લાખ ત્રેવીસ હજાર સાતસો અને અગિયાર રૂપિયા માત્ર) | તારીખ: 18/11/2025 સમય: 04:52 PM પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ભૃગુપુર આકારણી પત્રક ઇન્ડેક્સ નંબર 1164, પ્રોપર્ટી નંબર 767 પરનો રહેણાંક મકાન. 332.16 ચો.મી. જમીન, ગ્રાઉન્ડ ફ્લોર બાંધકામ ક્ષેત્રફળ (મેંગલોરીયન ટાઇલ્સ) 31.18 ચો.મી., ગ્રાઉન્ડ ફ્લોર બાંધકામ ક્ષેત્રફળ (શીટ) 10.74 ચો.મી. તદનુસાર, ભૃગુપુર ખાતે, પંચાયતની હદમાં, તાલુકો ચૂડા, જિલ્લો સુરેન્દ્રનગર ખાતે આવેલી અને ભરવાડ નાગિનભાઈ લાખાભાઈની માલિકીની. **હદ: ઉત્તર:** ગણાભાઈ લાલભાઈનો ખુલ્લો પ્લોટ, **દક્ષિણ:** રોડ, **પૂર્વ:** દેવકરણભાઈ ભૂરાભાઈ ભરવાડનું મકાન, **પશ્ચિમ:** રોડ અને રાજાભાઈ મેરાભાઈનો ખુલ્લો પ્લોટ. | | | |
| 3. | 31480430000872 | 1) પંકજ રામ, 2) નીલુ દેવી | 11/12/2024 સુધીમાં 13/12/2024 થી: રૂ. 12,40,605/- (બાર લાખ ચાલીસ હજાર છસો અને પાંચ રૂપિયા માત્ર) | તારીખ: 18/11/2025 સમય: 08:05 AM પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સુરક્ષિત સંપત્તિનું વર્ણન: તમામ તે સ્થાવર મિલકતનો ટુકડો અને ભાગ જે પ્લોટ નંબર 8 છે. સ્થળ પરની સ્થિતિ મુજબ 72.50 ચોરસ વાર એટલે કે 60.62 ચોરસ મીટર, જ્યારે કે.જે.પી. મુજબ બ્લોક નંબર 351/8, 66.34 ચોરસ મીટર ક્ષેત્રફળ છે. "આરાધના સ્કાય પાર્ક પાર્ટ-3" માં રોડ અને સી.ઓ.પી.ની જમીનમાં 55.00 ચોરસ મીટરનો અવિભાજ્ય હિસ્સો. આ મિલકત મોજે ગામ કરેલી, પેટા-જિલ્લો અને તાલુકો પલસાણા, જિલ્લો સુરતની રેવન્યુ સર્વે નંબર 339, બ્લોક નંબર 351, ક્ષેત્રફળ 12012 ચોરસ મીટરની બિન-ખેતીની જમીન પર આવેલી છે. **હદ: પૂર્વ:** બાજુનો સોસાયટી ઇન્ટર્નલ રોડ, **પશ્ચિમ:** બાજુની સોસાયટીની હદ, **ઉત્તર:** બાજુનો પ્લોટ નંબર 9, **દક્ષિણ:** બાજુનો પ્લોટ નંબર 7. | | | |

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત વર્ણવેલ મિલકતો/સુરક્ષિત સંપત્તિઓનો **કબજો લીધો** છે. અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના ચાર્જને આધીન રહેશે.

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: ૨૦.૧૧.૨૦૨૫**

**Sd/- જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ માટે અધિકૃત અધિકારી**

**જના સ્મોલ ફાઇનાન્સ બેંક (એ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)**
**રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ૨૦૮ થી ૨૧૩, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.**



## સરદાર પટેલની 150મી જન્મજયંતી: ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન

ગાંધીનગર | લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની બે વર્ષ સુધી ધામધૂમથી ઉજવણી કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયના ભાગરૂપે, ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો આપીને સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો છે. નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ સંદર્ભે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય પદયાત્રા સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી યોજાશે.

### વડોદરા મંડળે ભારતીય રેલવે પર પહેલી વાર

# ઈ-ઓક્શન ઇનોવેશન દ્વારા "આપણી તરફનો પ્રથમ" વેરહાઉસિંગ કોન્ટ્રાક્ટ કર્યો

(એજન્સી) વડોદરા | તા.19

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે ભારતીય રેલવે પર એક નવીન અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. મંડળના વાણિજ્ય વિભાગે બિન-ભાડા આવક પહેલને નોંધપાત્ર પ્રોત્સાહન આપતાં, રેલવે પર પ્રથમ વખત ઈ-ઓક્શન નવીનતા દ્વારા વેરહાઉસ સુવિધા માટે "આપણી તરફનો પ્રથમ" કોન્ટ્રાક્ટ સફળતાપૂર્વક કર્યો છે. આ પહેલ હેઠળ વડોદરા સ્ટેશન પાર્સલ કચેરી નજીક આવેલી ખાલી પડેલી જગ્યાની ઓળખ કરી, તેનો અસરકારક ઉપયોગ કરીને નિષ્ક્રિય સંપત્તિને રેલવે માટે આકર્ષક આવક સ્ત્રોતમાં ફેરવવામાં આવી છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, મંડળના વાણિજય વિભાગે આ સિદ્ધિ ઈ-ઓક્શન મોડ્યુલમાં એક ખાસ શ્રેણીના નિર્માણના માધ્યમથી હાંસલ કરી છે. આવી નવીનતા ભારતીય રેલવેમાં વધુ સુગમ પરિસંપત્તિ મુદ્રીકરણ માટે માર્ગ મોકળો કરે છે. આ કોન્ટ્રાક્ટનું મૂલ્ય ત્રણ વર્ષના સમયગાળા માટે ૨૪.૩૩ લાખ રૂપિયાનું છે, જે રેલવેના તેના સંસાધનોના મુદ્રીકરણને અધિકતમ કરવાના ઉદ્દેશ્યની દિશામાં એક સફળ પગલું છે.

### શિક્ષક BLOની કામગીરી કઈ રીતે કરી શકશે?: ચૈતર વસાવા

# મામલતદાર કચેરીમાં બોલાવીને BLOને ધમકાવવામાં આવ્યા : ચૈતર વસાવા

(એજન્સી) અમદાવાદ | તા.19

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી SIRની કામગીરી કરી રહેલા અનેક BLOની અમને ફરિયાદ મળી છે. હમણાં આયોજિત થયેલા સરકારી કાર્યક્રમો એટલે કે વિકાસ મહોત્સવ અને ગૌરવ યાત્રામાં તમામ સરકારી કર્મચારીઓને 15 નવેમ્બર સુધી લગાડી દેવામાં આવ્યા હતા અને વડાપ્રધાનના કાર્યક્રમમાં પણ લગાડી દેવામાં આવ્યા હતા . ત્યારબાદ હવે ગતરોજ તમામ BLO કર્મચારીઓને મામલતદાર



કચેરીએ બોલાવીને ધમકાવવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે આટલા દિવસની અંદર તમામ લોકોના ફોર્મ ભરાઈને ઓનલાઈન થઈ જવા જોઈએ અને જો નહીં કરો તો તમને સસ્પેન્ડ કરી દઈશું. આ સિવાય જેટલા પણ બી.એલ.ઓ ગેરહાજર હતા, એમના વિરુદ્ધ વોરંટ કાઢવામાં આવ્યા છે અને તેમને ઘરે જઈને પોલીસ ઉઠાવી રહી છે અને મામલતદારને ત્યાં હાજર કરી રહ્યા છે. ત્યારબાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણી જગ્યાએ શિક્ષકોની એવી ફરિયાદ છે કે તેઓ એક જ શિક્ષક છે તો જો તેઓ તરીકે SIR ની કામગીરી કરવા જશે તો બાળકોને ભણાવશે કોણ? ઘણી આંગણવાડીની બહેનોને પણ જબરજસ્તીથી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે એમનું પણ કહેવું છે કે તેઓ આંગણવાડી ચલાવે કે BLOની કામગીરી કરે? આંગણવાડીમાં આવી રહેલા નાના નાના ભૂલકાઓને કઈ રીતે સાચવવામાં આવશે?

## મુખ્યમંત્રીનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કેબિનેટ બેઠકમાં લેવાયો

(એજન્સી) ગાંધીનગર | તા.19

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રવિ સિઝનના વાવેતરને ધ્યાને રાખીને ખેડૂતોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રવિ સિઝન દરમિયાન રાજ્યમાં થતા જીરાના પુષ્કળ વાવેતરને કારણે સિંચાઈ માટે વીજ પુરવઠો વધારવાની જનપ્રતિનિધિઓ અને ખેડૂતોની રજૂઆતોને હકારાત્મક વાચા આપીને આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણય મુજબ, જીરાના વાવેતરવાળા વિસ્તારોમાં ખેડૂતોને પિયત માટે આવતીકાલ તા. ૨૦ નવેમ્બર-૨૦૨૫થી જ ખેતીવાડી ફીડરોમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. આ નિર્ણયનો લાભ નીચેના ૬ જિલ્લાના ૧૩ તાલુકાના આશરે ૧,૦૯૦ ગામોના ૪૯,૦૦૦થી વધુ ખેતીવાડી ગ્રાહકોને મળશે: વધુમાં, નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકાઓમાં પણ રવિ સિઝન માટે ૮ કલાકના બદલે ૧૨ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બંને તાલુકાના ૧૯૧ ગામોના ૯,૭૫૮ ખેડૂતોને આ નિર્ણયનો લાભ મળશે.

## રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં માર્ગોની સ્થિતિ અંગે મુખ્યમંત્રીએ સમીક્ષા કરી

(એજન્સી) ગાંધીનગર | તા.19

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના માર્ગોની વર્તમાન સ્થિતિ અંગે કરાયેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

ગત સપ્તાહે મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીશ્રીઓને તેમના પ્રભારી જિલ્લામાં રાજ્યના માર્ગોની સ્થિતિ અંગે અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સ્થળ-સ્થિતિનો ઝીણવટભર્યો વિગતવાર અહેવાલ તૈયાર કરવા માટે સૂચના આપી હતી. આ સૂચનાના અનુસંધાને થયેલી કામગીરીની સમીક્ષા આજની બેઠકમાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, તમામ પ્રભારી મંત્રીશ્રીઓ દ્વારા તેમના પ્રભારી વિસ્તારમાં સ્થળ ચકાસણી અને સમીક્ષા બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ આ કામગીરીની નોંધ લઈને, માર્ગોની સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ તા. ૩૦ નવેમ્બર સુધીમાં રજૂ કરવા માટે સૂચના આપી છે.

જે અનુસંધાને તમામ પ્રભારી મંત્રીઓ દ્વારા આ અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરવામાં આવશે. ગુજરાતમાં માર્ગોની ગુણવત્તા જાળવવા અને પ્રજાજનોને સારી માર્ગ સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ હોવાનું આ નિર્ણય દ્વારા પુનઃ સાબિત થાય છે.

## ટેકાના ભાવે રાજ્યના ખેડૂતો પાસેથી રૂ. 1,177 કરોડની મગફળી ખરીદાઈ

(એજન્સી) ગાંધીનગર | તા.19

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યમાં ચાલી રહેલી ટેકાના ભાવે મગફળીની ખરીદી તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા બે કૃષિ રાહત પેકેજ સંદર્ભેની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ સંદર્ભે પ્રેસ-મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ગુજરાત સરકારે નોંધપાત્ર પ્રગતિ કરી છે. અત્યાર સુધીમાં રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી કુલ ૧.૬૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરવામાં આવી છે, જેનું મૂલ્ય રૂ. ૧,૧૭૭ કરોડથી વધુ છે. ખેડૂતોને ચૂકવણા પણ સીધા તેમના બેંક ખાતામાં જમા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઈને મુખ્યમંત્રીની રજૂઆતને પગલે ભારત સરકારે પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કર્યો હતો. પરિણામે, ચાલુ વર્ષે ટેકાના ભાવે વેચાણ માટે રાજ્યના ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષે થયેલી નોંધણીની અઢી ગણી વધારે છે. ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે થયેલી પાક નુકસાનીથી ખેડૂતોને બેઠા કરવા માટે જાહેર કરાયેલા ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય મેળવવા માટે આજ સુધીમાં રાજ્યના કુલ ૧૦ લાખથી વધુ ખેડૂતોએ VCE મારફત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# એક્સપ્રેસ વે પર ડોક્ટરે મજૂરોને ઉડાવ્યાં, 2ના મોત

## મધ્યપ્રદેશના 5 શ્રમિક હાઈવે સમારકામ કરતા હતા, 3નો બચાવ; પાદરાના સરસવણી ગામ પાસે એક્સિડન્ટ

વડોદરા | દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર અકસ્માતમાં 2 મજૂરના મોત થયા છે. પાદરાના સરસવણી ગામ નજીક હાઈવે સમારકામની કામગીરી દરમિયાન ડોક્ટરે કારે અડફેટે બે મજૂરના મોત થયા છે. કુલ 5 મજૂર કામ કરતા હતા, જેમાંથી 3નો આબાદ બચાવ થયો છે. વડોદરાથી ભરૂચ તરફ જતી ડોક્ટરે કારે અચાનક નિયંત્રણ ગુમાવી મજૂરોને અડફેટે લીધા હતા. સમગ્ર મામલે પાદરા પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

અકસ્માત કરનાર ભરૂચનો ડોક્ટર હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ડોક્ટરની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે. બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાદરા CHC ખાતે લઈ જવામાં આવ્યો હતો છે.

એક્સપ્રેસ હાઈવે પર ઠેર ઠેર રોડના સમારકામની કામગીરી ચાલી રહી છે. જ્યાં બેરીકેટિંગ પર કરેલું છે, તેમ છતાં ડોક્ટરે મજૂરોને ટક્કર મારી હતી અને જેમાં મધ્ય પ્રદેશના 2 મજૂરના મોત થયા છે. ઘટનાને પગલે મજૂરોના પરિવારજનો દોડી આવ્યા હતા અને રોષે ભરાયા હતા.

સાગર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, અમે લોકો સવારે અહીંયાથી રોડ મેન્ટેનન્સના કામ માટે હાઈવે પરની સાઈટ ખાતે જવા નીકળ્યા હતા. સવારે 8:30 વાગ્યે સાઈટ પર પહોંચ્યા હતા. પોતાનું સેફ્ટી વગેરે બધું જ લગાવ્યું હતું. અમે 5 લોકો કામ કરી રહ્યા હતા. આ સમયે સવારે 9 વાગ્યે ફુલ સ્પીડમાં એક ગાડી આવી હતી અને તેણે અકસ્માત કરી દીધો હતો. જેમાં અમારા 2 લોકોને હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં બંનેને મૃત જાહેર કરાયા હતા.



### રાજકોટમાં પતિ પીછો કરી પાર્કિંગમાં આવ્યો, ધક્કો મારતાં જ પત્નીએ લાફા ઝીંક્યા, ફાયરિંગ બાદ લમણે ગોળી ધરબી...

# ઝપાઝપીથી ફાયરિંગ સુધીની એ 40 સેકન્ડ

(એજન્સી) રાજકોટ | તા. 19

રાજકોટમાં પતિનું પત્ની પર ફાયરિંગના કેસમાં CCTV સામે આવ્યા છે. CCTVમાં જોઈ શકાય છે કે યોગા ક્લાસમાંથી આવતા સમયે પતિ પત્નીનો પીછો કરીને એપાર્ટમેન્ટના પાર્કિંગમાં આવે છે. ઝપાઝપી બાદ પતિ ફાયરિંગ કરી પોતાને ગોળી મારી દે છે.

15 નવેમ્બરે નાગેશ્વર વિસ્તારમાં કાકી અને ભત્રીજા વચ્ચેના પ્રેમસંબંધથી કંટાળેલા પતિએ બિલ્ડિંગના પરિસરમાં પત્નીને પોતાની પરવાનાવાળી રિવોલ્વરથી ગોળી માર્યા બાદ પોતાના લમણે ગોળી મારી આપઘાત કર્યો હતો. આ ઘટનામાં પતિનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે પત્નીને સારવારમાં ખસેડવામાં આવી હતી. 17 નવેમ્બરે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પત્નીનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

સોસાયટીમાં પ્રવેશ્યા બાદ પત્ની અને તેની મિત્ર પાર્કિંગમાં ટૂ-વ્હીલર પાર્ક કરે છે, જ્યારે પતિ રસ્તા વચ્ચે જ ટૂ-વ્હીલર પાર્ક કરીને પત્ની પાસે જાય છે.

પતિ પત્નીને ધક્કો મારતાં પત્ની પણ સામે પતિને ધક્કો મારે છે. પત્નીએ ધક્કો મારતાં જ પતિ થોડે દૂર ધકેલાય છે અને તેમની વચ્ચે માથાકૂટ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે.

પત્ની પતિને ધક્કો મારી થોડે દૂર ધકેલે છે. બાદમાં પતિ પાસે પહોંચી પત્ની ધડાધડ લાફા ઝીંકી દે છે. આ દરમિયાન પત્નીની મિત્ર પણ ત્યાં હાજર હોય છે.

પત્નીએ પતિને ધડાધડ લાફા ઝીંક્યા બાદ મામલો વધુ ઉગ્ર બને છે. આ દરમિયાન પતિ પોતાની પાસે રહેલી રિવોલ્વર કાઢે છે. સ્થિતિ તંગ બનતાં જ પત્નીની મિત્ર ત્યાંથી અન્ય જગ્યાએ જતી જોવા મળે છે. આ દરમિયાન પત્ની તેની મિત્રને કંઈક કહેતી પણ જોવા મળે છે. પતિ રિવોલ્વર કાઢી પત્ની પર ફાયરિંગ કરવાનું શરૂ કરે છે, જેમાં પહેલું ફાયરિંગ મિસ થઈ જાય છે. બાદમાં પત્ની પર તે વધુ બે રાઉન્ડ ફાયરિંગ કરે છે. ધડાધડ 4 રાઉન્ડ ફાયરિંગથી સોસાયટી ધ્રૂજી ઊઠે છે. પત્નીને ગોળી વાગ્યા બાદ તે જમીન પર પડી જાય છે. બાદમાં પતિ પણ પોતાના લમણે ગોળી ધરબી દે છે. ત્યાર બાદ તે પણ પત્ની પાસે જ નીચે ઢળી પડે છે. આ કેસમાં ગાંધીગ્રામ પોલીસે કથિત પ્રેમીનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસ તપાસમાં કથિત પ્રેમીએ પરિવારજન હોવાથી ઘરે અવરજવર રહેતી હોવાનું જણાવ્યું હતું. જ્યારે કૌટુંબિક કાકી સાથે અનૈતિક સંબંધો હોવાની વાતનો અસ્વીકાર કર્યો હતો. આ ઉપરાંત તેણે મૃતક પતિ-પત્ની વચ્ચે સંબંધોમાં તિરાડ હોવાનું જણાવતા પોલીસે કથિત પ્રેમીનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મને બનેવી ઘરે બોલાવી બહેનને સમજાવવા કહેતા: મહિલાનો ભાઈ

બનાવ અંગે મૃતક મહિલાના ભાઈએ 15 નવેમ્બરે (શનિવાર) ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે મારે ત્રણ બહેન છે, જેમાં સૌથી મોટાં સોનલબેન (નામ બદલ્યું છે) છે. દોઢેક મહિના પહેલાં મારી બેનને અન્ય કોઈ વ્યક્તિ સાથેના અફેર બાબતે બનેવી સાથે ઝઘડો થયો હતો અને ત્યારથી મારી બેન તેની બહેનપણી સાથે રહેતી હતી. મારા બનેવી અવારનવાર મને ફોન કરી તેમના ઘરે બોલાવી મારી બેનને સમજાવવા કહેતા હતા.

ગત 14 નવેમ્બરના રોજ સાંજના આશરે 6:30 વાગ્યાની આસપાસ બનેવીએ મને ફોન કરી તેમના ઘરે બોલાવતાં હું ત્યાં ગયો હતો. રાત્રિના આશરે 11 વાગ્યાની આસપાસ હું તથા મારો ભાણેજ મારી બેન સાથે વાત કરવા તેમની બહેનપણીના ઘરે ગયા હતા, જ્યાં મેં મારી બેનને સમજાવી હતી કે તમે બંને સાથે બેસીને જે કાંઈ હોય એ બાબતે વાત કરી લો. આ પછી બનેવીને ત્યાં બોલાવ્યા હતા, પરંતુ તેઓ વચ્ચે સમાધાન ન થતાં અમે ત્રણેય ત્યાંથી જતા રહ્યા હતા. હું પણ મારા બનેવીના ઘરે રાત્રે રોકાયો હતો. બાદમાં 15 નવેમ્બરની સવારે 9 વાગ્યા આસપાસ ભાણેજના મોબાઈલમાં સતત રિંગ વાગતી હતી અને કોઇ દરવાજો ખખડાવતા હતા, જેથી મેં દરવાજો ખોલ્યો ત્યારે અમારા બનેવીના એપાર્ટમેન્ટમાં રહેતાં એક બેને કહ્યું કે તમારાં બેન-બનેવી સામેના એપાર્ટમેન્ટમાં નીચે માથાકૂટ કરે છે.

**શું હતો સમગ્ર મામલો?** : રાજકોટના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં રહેતાં પતિ-પત્ની વચ્ચે આડાસંબંધને લઈ તકરાર ચાલી રહી હતી. પોતાના ભત્રીજા સાથે પત્નીને પ્રેમસંબંધ હતો, જેની જાણ થતાં પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. આ તકરારને કારણે પત્ની 20 વર્ષના દીકરા અને પતિનું ઘર છોડીને સામેના બિલ્ડિંગમાં જ રહેતી તેની સહેલીના ઘરે રહેવા જતી રહી હતી. છેલ્લા દોઢ મહિનાથી પતિ પત્નીને મનાવતો હતો અને પત્નીને બધું ભૂલી પરત ઘરે આવી જવા માટે કહેતો હતો. આમ છતાં પત્ની ઘરે આવવા માટે તૈયાર નહોતી.

## ન્યૂઝ ફ્લેશ

### 50 લાખની લૂંટ થાય એ પહેલા જ 4 લૂંટારા દબોચી લેવાયા

મહેસાણા | મહેસાણા જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક કાર્યવાહીમાં અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે 50 લાખની ધાડ પાડવાના પૂર્વ-આયોજિત કાવતરાનો પર્દાફાશ કર્યો છે. કાવતરામાં સામેલ આઠ આરોપીઓ પૈકી ચાર શખ્સોને 2 પિસ્તોલ અને ચોરીના વાહન સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે વિસનગર તાલુકા પોલીસ મથકમાં તમામ સામે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. મહેસાણા LCB પોલીસ સ્ટાફ રાત્રિ પેટ્રોલિંગમાં હતો ત્યારે દુધ સાગર ડેરી આગળ PSI એમ. ડી. ડાભીની ટીમના ASI ડાહ્યાભાઇ ગણેશભાઇને ખાનગી બાતમી મળી હતી. બાતમી અનુસાર, ભાન્ડુ ગામના ગેટ નજીક ચાર માણસો એક મોટરસાઇકલ સાથે હાજર હતા અને તેઓ અન્ય સાથીદારો સાથે મળીને કાલુપુર રેલ્વે સ્ટેશન પર આંગડિયા લૂંટ કરવાનો પ્લાન ધરાવતા હતાં. આ લૂંટ માટે તેઓ બે પિસ્તોલ પણ લાવ્યા હતા. બાતમીની ખાતરી કરવા માટે પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને ભાન્ડુ ગામના ગેટ નજીક સર્વિસ રોડ પર પહોંચી હતી. પોલીસને જોઈને હાજર ચારેય શખ્સો ભાગવા લાગ્યા હતાં, જોકે પોલીસ સ્ટાફે તેમને તે જ સ્થિતિમાં ઝડપી પાડ્યા હતાં. જેમાં પોલીસે ઠાકુર ગણપત રામકરણ (ભાન્ડુ, વિસનગર), રાધેશ્યામ મોતીરામ બાવરી (મૂળ રહે. પાલીયાસ, રાજસ્થાન), જીતેન્દ્ર બોડારામ બાવરી ઠાકોર અલ્પેશજી જીતાજી (વડુ, વિસનગર) ને ઝડપી લીધા હતા.

### ત્રણ મિત્રોને હોસ્પિટલ લઈ જવા યુવકે ઘણી બૂમો પાડી; એકનું મોત

# યુવક રાતના 1.39 વાગે મદદ માટે તડપતો રહ્યો

## શ્વાનને બચાવવા જતાં ફોક્સવેગનનો ભુક્કો બોલી ગયો

(એજન્સી) નવસારી | | તા. 19

નવસારી શહેરમાં મધરાતે એક વાગ્યાને 38 મિનિટે ભયંકર અકસ્માતની ઘટના સામે આવી છે. ફોક્સવેગન કાર લઈને નીકળેલા ચાર મિત્રોએ રસ્તા વચ્ચે અચાનક આવેલા શ્વાનને બચાવવા જતાં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર મોલના પ્રવેશદ્વાર પાસે આવેલા થાંભલાને અથડાતાં એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે ત્રણ યુવકને ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કાળજું કંપાવી દેતી આ અકસ્માતની સમગ્ર ઘટના સીસીટીવી કેમરામાં કેદ થઈ છે, જેમાં જોવા મળે છે કે મધરાતે મદદ માટે યુવક રોડ પર તડપતો રહે છે, ઘાયલ મિત્રોને હોસ્પિટલ લઈ જવા ઘણી બૂમો પાડે છે, પણ કોઇ મદદે આવ્યું નહિ.

સામે આવેલા સીસીટીવીમાં સ્પષ્ટ જોવા મળે છે કે નવસારી શહેરમાં આવેલા સેન્ટ્રલ મોલ આગળ મધરાતે સન્નાટો હોય છે. આ દરમિયાન રાત્રે એક વાગ્યાને 38 મિનિટે પૂરઝડપે આવેલી ફોક્સવેગન કાર મોલના પ્રવેશદ્વાર આગળના થાંભલાને ધડાકાભેર અથડાય છે. આ ટક્કર એટલી ભયંકર જોવા મળે છે કે ભલભલાની છાતીનાં પાટિયાં બેસી જાય. આ ટક્કરમાં કારનો ભુક્કો બોલી જાય છે. થોડીવાર પછી ડ્રાઈવર સીટનો દરવાજો ખૂલે છે અને યુવક બહાર નીકળવાનો પ્રયાસ કરે છે. સીસીટીવીમાં જોવા મળે છે કે યુવક બહાર નીકળવાનો પ્રયાસ કરે છે એ દરમિયાન મોલમાંથી કોઇ બહાર આવતું દેખાય છે, પણ એ વ્યક્તિ કોઇ મદદ કર્યા વગર કારને જોઇને પાછી મોલમાં જતી રહે છે. આ બાદ યુવક માંડ માંડ કરીને કારમાંથી બહાર નીકળે છે અને માંડ કરીને હાઈવે પર જઈને મદદની પોકાર કરે છે, પરંતુ સૂમસામ રસ્તા પર કોઈ તેની મદદ નથી કરતું. બાદમાં તે યુવક રોડ પર જ બેસી જાય છે અને હાથ ઊંચા કરીને મદદની પોકાર કરતો જોવા મળે છે.



### કેનેડાથી મિત્ર આવ્યાની ખુશીમાં પાર્ટી કરવાના હતા

મૃતક પ્રદીપ મિસ્ત્રીના પરિવારજનોના જણાવ્યા અનુસાર, 19 વર્ષીય મૃતક પ્રદીપે ધોરણ નવ સુધી અભ્યાસ કર્યો હતો અને પરિવારમાં તે એકનો એક પુત્ર હતો, જેની એક 17 વર્ષીય બહેન છે. પ્રદીપના પિતા રાજુભાઈ મિસ્ત્રી કામ કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. પ્રદીપ પારિવારિક સભ્યને ત્યાં તેલ એજન્સીમાં પરચૂરણ કામ કરતો હતો.

તેના મિત્રોના ગ્રુપમાંથી એક મિત્ર કેનેડાથી ભારત આવ્યો હતો, જેથી સૌમિત્રો ભેગા થઈ પાર્ટી કરવાના હતા, જેમાં એક મિત્રને લેવા માટે તે અન્ય ત્રણ મિત્રો સાથે રાતના એક વાગ્યે પોતાના ઘર કબીલપોરથી ઈંટાડવા ગયો હતો અને ઈંટાળવાથી તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ સમગ્ર અકસ્માતની ઘટના બની હતી. હાલ તો તેનો પરિવાર સિવિલ પીએમ રૂમ ખાતે ભેગા થયા છે અને મૃતદેહને રાજસ્થાન પોતાના વતન લઈ જવાની તૈયારી કરી રહ્યા છે.

### વડોદરા શહેરના મકરપુરા GIDC પાસે ઈકો કારમાં આગ




વડોદરા | વડોદરા શહેરમાં ફોર વ્હીલર વાહનોમાં આગના બનાવ સત્તત સામે આવી રહ્યા છે. ત્યારે ગઈ કાલે એક સાથે બે કાર આગમાં હોમાઈ હતી. આજે શહેરના મકરપુરા GIDC વિસ્તારમાં ઈકો કારમાં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ સળગી ઉઠી હતી, સદ નસીબે કોઈ જાનહાનિ થઈ નથી. વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી GIDC વિસ્તારમાં પેસેન્જર મૂકી પરત ફરતા ઈકો કારમાં અચાનક આગ લગતા દોડધામ મચી જવા પામી હતી. આ બનાવ અંગે GIDC ફાયર વિભાગની ટીમ તાત્કાલિક પોહચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આગમાં ઈકો કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. આ અંગે અમે ઈકો ચાલક દેવેશભાઈ ચાંપાનેરિયા સાથે ટેલિફોનીક વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, મેં વર્દી મળતા માંજલપુર ઈવા મોલ પાસે પેસેન્જર ઉતરવા ગયો હતો. બાદ ઘરે જવા માટે તરસાલી થઈ સોમા તળાવ થઈ નીકળી જાઉં છે તેવું વિચાર્યું હતું. ચાલુ કારે મને વાયરીંગ બળતું હોય તેવું લાગતું હતું અને ટ્રાફિક હતો.

### સુરતમાં એમ્બ્રોઈડરી મશીન ઉતારતા સમયે ક્રેન કન્સ્ટ્રક્શનના ખાડામાં ખાબકી

(એજન્સી) સુરત | તા. 19

સુરતના વરાછા વિસ્તારમાં આજે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી, જેમાં એક ક્રેન કન્સ્ટ્રક્શન માટે ખોદાયેલા ઊંડા ખાડામાં ખાબકી પડી હતી. આ ઘટના વરાછા વિસ્તારની અંકુર સોસાયટી પાસે આવેલી દિવાળીબા ઈન્ડસ્ટ્રીઝમાં બની હતી. આ દુર્ઘટના ત્યારે બની જ્યારે ઈન્ડસ્ટ્રીઝમાં એમ્બ્રોઈડરી મશીન ઉતારવાની કામગીરી ચાલી રહી હતી. આ કામગીરી માટે એક વિશાળ ક્રેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.

મશીન ઉતારતી વખતે અચાનક ઈન્ડસ્ટ્રીઝની એક દીવાલ ધરાશાયી થઈ હતી. દીવાલ ધરાશાયી થવા સાથે જ ક્રેનનો સપોર્ટ હટતાં, ક્રેન નજીકમાં જ રોડની બાજુમાં બાંધકામ માટે ખોદવામાં આવેલા ઊંડા ખાડામાં નીચે પડી હતી. આ ખાડો બાંધકામ પ્રોજેક્ટ માટે ખોદવામાં આવ્યો હોવાથી તે પૂરતો ઊંડો હતો. ક્રેન પૂરી રીતે તેમાં ખાબકી હતી. સૌથી રાહતની વાત એ છે કે આ ગંભીર દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. ક્રેન નીચે પડવાની ક્ષણે ડ્રાયવરે સમયસૂચકતા વાપરી હતી.



# જેલમાંથી છૂટ્યો ને બની ગયો માસ્ટરમાઈન્ડ : BSc ગ્રેજ્યુએટે 3 કંપની બનાવી 1200 નિર્દોષ લોકોને ડેટા એન્ટ્રીના નામે છેતર્યા

(એજન્સી) સુરત | તા. 19

સુરત સાયબર સેલે એક વ્હાઈટ-કોલર ઠગનો પર્દાફાશ કર્યો છે, જેણે પોતાની ઉચ્ચ ડિગ્રી (B.Sc. મેથેમેટિક્સ) અને ચીફ ફાઈનાન્સ ઓફિસરની પ્રતિષ્ઠિત નોકરીનો દુરુપયોગ ગુના માટે કર્યો. આ શખસે લોકોને સરળ ડેટા એન્ટ્રી કામ અને લોનની લાલચ આપીને ફસાવ્યા હતા. તેને લોસ મેકિંગ કંપની ખરીદી અને એનો ઉપયોગ ષડયંત્રના એક ભાગ તરીકે કર્યો. આ યુવકે 1200થી વધુ નિર્દોષ લોકો સાથે છેતરપિંડી કરીને 9 કરોડથી વધુની રકમ ખંખેરી લીધી હતી.

સુરત સાયબર ક્રાઈમ સેલે તાજેતરમાં એક એવા હાઈ-પ્રોફાઈલ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઊઠી છે. જે વ્યક્તિ પુણેની એક કંપનીમાં ચીફ ફાઈનાન્સ ઓફિસર જેવી જવાબદાર પોસ્ટ પર હોય, જેનો પગાર મહિને 65,000 રૂપિયા હોય અને કંપનીમાં 20% હિસ્સેદારી હોય, તે વ્યક્તિએ 1200થી વધુ લોકો સાથે છેતરપિંડી કરી છે. સમગ્ર કેસમાં માસ્ટરમાઈન્ડ



નિતેશ ગોવાણી છે. શું એક વ્યક્તિ, જે બી.એસ.સી. મેથેમેટિક્સ ભણી હોય, પુણેની પ્રતિષ્ઠિત કંપનીમાં ચીફ ફાઈનાન્સ ઓફિસર જેવી ઉચ્ચ પોસ્ટ પર હોય અને મહિને 65,000 રૂપિયાનો વ્હાઈટ-કોલર પગાર મેળવતો હોય, તે ગુનેગાર હોઈ શકે? સુરત સાયબર સેલે એક એવા શાતિર ભેજાબાજનો પર્દાફાશ કર્યો છે, જેણે પોતાની ડિગ્રી અને કોર્પોરેટ અનુભવનો ઉપયોગ કોઈ કંપનીના વિકાસ માટે નહીં, પરંતુ 1200થી વધુ નિર્દોષ લોકોને લૂંટવા માટે કર્યો હતો. આંકડો નાનો નથી, આ વ્હાઈટ કોલર ઠગે લોકોને નોકરી અને લોનની લાલચ આપીને 9 કરોડથી વધુ રકમ ખંખેરી લીધી છે.

નિતેશ ગોવાણીની પ્રોફાઈલ જોઈને કોઈને પણ ઈર્ષ્યા આવી શકે. તેણે BSc Mathematics સુધીનો અભ્યાસ કર્યો છે. ગણિત અને આંકડાઓ પર તેની મજબૂત પકડ હતી. આ જ આવડતના જોરે તે પુણેની એક નામાંકિત પ્રાઈવેટ કંપનીમાં CFO તરીકે નોકરી કરતો હતો.

### ફરિયાદ કરે તો પોલીસ તડીપારની ધમકી આપતા હોવાનો આક્ષેપ

# ગાંજો ફૂંકીને ફોટોગ્રાફરને હેરાન કર્યો : રડતા-રડતા કલેક્ટરને રજૂઆત

(એજન્સી) સુરત | તા 19

સુરતના પ્રખ્યાત ડુમસ બીચ પર પર્યટકોના ફોટા પાડીને પેટ ભરતા ફોટોગ્રાફરોની રોજી-રોટી પર સંકટ આવી પડ્યું છે. ગાંજો ફૂંકીને હેરાન કરતા નશાખોર તત્વો અને સ્થાનિક પોલીસની કથિત કાર્યવાહીથી કંટાળીને આજે ફોટોગ્રાફર રડતાં-રડતાં જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી ગયા અને લેખિત રજૂઆત કરી હતી. તેમનો આક્ષેપ છે કે, પોલીસ ખોટી રીતે કલમ-151 હેઠળ અટકાયત કરે છે, તડીપાર કરવાની ધમકી આપે છે અને નશાખોરોની ફરિયાદો એકતરફી સાંભળીને ફોટોગ્રાફરોને જ પરેશાન કરે છે જેના પુરાવારૂપે તેમણે બનાવેલા વીડિયો પણ રજૂ કર્યા છે.

કેટલાક કિસ્સામાં ફોટોગ્રાફરોને ખોટા કેસ કરીને તડીપાર કરવાની ધમકીઓ પણ પોલીસ દ્વારા આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફોટોગ્રાફરોએ માત્ર પોલીસ જ નહીં પરંતુ, બીચ પરના કેટલાક તત્વો સામે પણ આંગળી ચીંધી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, ડુમસ બીચ પર કેટલાક લોકો ખુલ્લેઆમ ગાંજાનું વ્યસન કરે છે અને ફોટોગ્રાફરો સાથે મારામારી પણ કરે છે તેમછતાં પોલીસ એકતરફી રજૂઆત સાંભળીને ફોટોગ્રાફરોને જ પરેશાન કરે છે.

ફોટોગ્રાફરોને હેરાન કરવામાં આવતા હોય એવા વીડિયો પુરાવા પણ સામે આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા સતત 5 દિવસ સુધી ફોટોગ્રાફરોને બીચ પર કામ અર્થે જવા દેવામાં આવ્યા ન હતા. ફોટોગ્રાફર મુકેશ રાવલે કહ્યું કે, અમને પોલીસ ખોટી રીતે હેરાન કરે છે. અમે ત્યાં ધંધો કરવા જઈએ છીએ તો કેટલા લોકોના કહેવા અનુસાર પોલીસ હેરાન કરે છે અને 151 મુજબ અટકાયત કરી લેવાય છે.

વધુમાં જણાવ્યું હતું કે, પોલીસ એકતરફી વાત સાંભળીને અમારી પર દબાણ લાવે છે અને તડીપાર કરવાની ધમકી આપે છે. અમારે માત્ર શાંતિથી રોજગારી મેળવવી છે. રોજીરોટી છીનવાઈ જવાના ડર સાથે કલેક્ટર કચેરીએ પહોંચેલા ફોટોગ્રાફરોની એક જ માંગ છે કે પોલીસની ખોટી હેરાનગતિ તાત્કાલિક બંધ કરવામાં આવે અને તેમને ડુમસ બીચ પર કાયદેસર રીતે કામ કરવા દેવામાં આવે.

### પોલીસ ફોટોગ્રાફરોની ખોટી રીતે અટકાયત કરી છે

જિલ્લા કલેક્ટરને રજૂઆત કરનાર ફોટોગ્રાફરે ડુમસ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ફોટોગ્રાફરના જણાવ્યા મુજબ પોલીસ સ્થાનિક લોકો સાથે મળીને તેમને ફોટોગ્રાફીનું કામ કરવા દેતી નથી. જ્યારે પણ તે બીચ પર જાય છે ત્યારે તે સ્થાનિક નથી તેમ કહીને તેમને ધંધો કરતા અટકાવવામાં આવે છે. સૌથી ગંભીર આક્ષેપ એ છે કે, પોલીસ ફોટોગ્રાફરો વિરુદ્ધ ખોટી રીતે કલમ 151 હેઠળ કાર્યવાહી કરી તેમને પોલીસ સ્ટેશનમાં બેસાડી દે છે.

# પાટણ-શિહોરી હાઈવે પર 4 વાહનો પર પથ્થરમારો:3 ST બસોના કાચ તૂટ્યા...

(એજન્સી) પાટણ | તા. 19

પાટણ-શિહોરી હાઈવે પર 18 નવેમ્બર, 2025 ના રોજ રાત્રે સવા આઠ વાગ્યાની આસપાસ અજાણ્યા બાઈક સવારોએ ચાર વાહનો પર પથ્થરમારો કર્યો હતો. મોટા નાયતા ગામ નજીક બનેલી આ ઘટનામાં ગુજરાત એસ.ટી. નિગમની ત્રણ બસો સહિત કુલ ચાર વાહનોના આગળના કાચને નુકસાન થયું હતું. દિયોદર ડેપોના ડ્રાઈવર મોહમંદસલીમ કરીમભાઈ કાળાભાઈએ સરસ્વતી પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી મોહમંદસલીમ કાળાભાઈ શામળાજીથી દિયોદર રૂટની એસ.ટી. બસ (રજી. નં. જી.જે.18.ઝેડ.8167) લઈને પાટણ બસ સ્ટેન્ડથી દિયોદર તરફ જઈ રહ્યા હતા. રાત્રે સવા આઠ વાગ્યાના સુમારે મોટા નાયતા ગામ નજીક હનુમાન દાદાના મંદિરના પુલથી 400 મીટર દૂર, શિહોરી તરફથી આવેલા એક મોટરસાયકલ સવારે તેમની ચાલુ બસના આગળના કાચ પર પથ્થરો ફેંક્યા હતા. ડ્રાઈવરે બસનું સ્ટેરિંગ કાબુમાં રાખી બસને રોડની સાઈડમાં ઊભી કરી દીધી હતી.

આ ઘટના બાદ, નડિયાદથી દિયોદર રૂટની એસ.ટી. બસ (નં. જી.જે.18.ઝેડ.ટી.2029) અને તેની પાછળ આવતી મહેસાણા ડેપોની અમદાવાદથી થરા જતી બસ (રજી. નં. જી.જે.18.ઝેડ.ટી.2735) ને પણ અજાણ્યા બાઈક સવારે ભુતિયાવાસણાથી કાંસા ગામ વચ્ચે પવનસેતુ લીઝ નજીક આગળના કાચ પર પથ્થરો મારી નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત, ટ્રબો ગાડી (નં. જી.જે.24. એક્સ.4199) ના ચાલક સોલંકી મહેન્દ્રસિંહ અમરતસિંહે પણ તેમની ગાડીના આગળના કાચ તૂટ્યા હોવાની ફરિયાદ નોંધાવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે.

**મિથુન : ક. છ. ઘ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક : ડ. હ.**

માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**સિંહ : મ. ટ.**

પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈઓ સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**તુલા : ર. ત.**

આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો.

**વૃશ્ચિક : ન. ય.**

આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્ઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો તમારી અનુકંપા તથા સમજદારીનું વળતર તમને મળશે.

**મકર : ખ. જ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**મીન : દ. ચ. ઝ. થ.**

બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે. તમે છેલ્લા થોડા સમયથી વિચારી રહ્યા છો એ કારકિર્દીને લગતા મહત્વના નિર્ણયો લેવાનો સમય છે.

**કરુણ અંત: ઠાસરામાં આંબાના ઝાડ પર લટકતી હાલતમાં મળ્યા પ્રેમી પંખીડાં**

# ઠાસરા આપઘાત: દેવભૂમિ દ્વારકાથી ભાગી આવેલા પ્રેમી પંખીડાંનો ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

ઠાસરા - પ્રેમ સંબંધમાં નિષ્ફળતા અને ભાગી જવાના અંતે કરૂણ અંજામનો વધુ એક મામલો સામે આવ્યો છે. ઠાસરા નજીક એક ખેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના એક પ્રેમી પંખીડાંએ ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ દુઃખદ ઘટનામાં યુવતીનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું, જ્યારે યુવકને સમયસર સારવાર મળતાં તેનો જીવ બચી ગયો છે.મળતી માહિતી મુજબ, આ ઘટના ઠાસરાથી ગુમાડીયા ગામ તરફ જવાના રસ્તા પર, ઠાસરા પાલિકાની સોમનાથ સોસાયટી પાછળ આવેલા ચંદુભાઈ પટેલના ડાંગરના ખેતરમાં બની હતી. નજીકમાં રહેતા રમેશભાઈએ ખેતરમાં જઈને જોયું તો એક આંબાના ઝાડ ઉપર દોરડું બાંધીને એક યુવક અને એક યુવતી લટકતી હાલતમાં જોવા મળ્યા હતા. રમેશભાઈએ તાત્કાલિક નજીક જઈને જોયું તો યુવતી અસ્મિતાબેન કમલેશભાઈ ભૂરિયા (રહે. વેરડા ગામ, ભાણવડ, દેવભૂમિ દ્વારકા) નું સ્થળ ઉપર જ મૃત્યુ થઈ



ચૂક્યું હતું. જોકે, યુવક રાહુલભાઈ રમેશભાઈ બારૈયા (રહે. વેરડા ગામ) નો શ્વાસ ચાલુ હતો.સ્થાનિક રહેવાસી રમેશભાઈએ તાત્કાલિક માનવતા દાખવી અને યુવકનો જીવ બચાવવાના પ્રયાસો શરૂ કર્યા. તેમણે ખભે ઊંચકીને દોરડું કાપીને બંનેને નીચે ઉતાર્યા હતા. યુવતીના મૃત્યુની પુષ્ટિ થતા, યુવક રાહુલને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સરકારી દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. હાલમાં રાહુલનો જીવ બચી ગયો છે અને તેની સારવાર ચાલી રહી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતક અસ્મિતાબેન અને રાહુલભાઈ બંને દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના વેરડા ગામના રહેવાસી હતા. બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો અને સમાજ કે પરિવારના ડરથી બંને ઘર છોડીને ભાગી આવ્યા હતા. જીવનમાં આગળ કોઈ માર્ગ ન દેખાતા કે કોઈ દબાણના કારણે, તેમણે ઠાસરા આવીને આ અંતિમ અને કરુણ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ છે.

પોલીસે આ બનાવની નોંધ લઈ યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને યુવક રાહુલની સારવાર પૂર્ણ થયા બાદ તેનું નિવેદન લેવામાં આવશે. પોલીસ હવે યુવક-યુવતીના પરિવારજનોનો સંપર્ક કરીને તેમના ઠાસરા આવવા પાછળના ચોક્કસ કારણો અને સંજોગોની વધુ તપાસ હાથ ધરી છે, જેથી આત્મહત્યાના પ્રયાસ પાછળનું સાચું કારણ જાણી શકાય.

**મહુવા જુગારધામ: ૧૯ શખ્સ ઝબ્બે**

## માર્કેટીંગ યાર્ડ પાસે 'યંત્ર ચિત્ર' પર ચાલતા જુગારના અખાડા પર LCBના દરોડા

ભાવનગર/મહુવા : ભાવનગર જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ મહુવા શહેરના હૃદય સમાન વિસ્તારમાં ચાલતા એક હાઈ-ટેક મહુવા જુગારધામ પર દરોડો પાડીને ખળભળાટ મચાવ્યો છે. માર્કેટીંગ યાર્ડના ગેટની બાજુમાં આવેલા મહેતા કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર યંત્ર ચિત્ર ના માધ્યમથી ચાલતા આ જુગારના અખાડા પર ત્રાટકીને LCB એ સંચાલકો સહિત ૧૯ શખ્સને ઝબ્બે કર્યા છે અને કુલ ૧.૫૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે લીધો છે.લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, મહુવાના ઝમ-ઝમ પેલેસનો રહેવાસી જાબીર દાઉદભાઈ બેલીમ અને તારવાડી વિસ્તારનો ઉવેશ ઉર્ફે અબ્બા સોહીલભાઈ શેખ સંયુક્ત રીતે જુગારનો અખાડો ચલાવી રહ્યા છે.આ સંચાલકોએ મહેતા કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી અજમેરી પાન ફિલ્ડ્રીક્સની દુકાનની બાજુમાં આવેલી બે બંધ દુકાનોનો ઉપયોગ કરીને 'જય ખેતલા આપા ટી સ્ટોલ અને પાન' નામની દુકાનમાં 'ઓનસ્ટ' નામની ફ્રેન્ચાઈઝી હેઠળ જુગારનું નેટવર્ક ઊભું કર્યું હતું. આ સંચાલકો બહારથી માણસોને બોલાવીને આર્થિક લાભ માટે દુકાનમાં મશીન મૂકીને યંત્રના ચિત્રો ઉપર રોકડ રકમ લગાવડાવતા હતા. જુગારની આ પદ્ધતિમાં, જુગારીઓ યંત્રના ચિત્રો પર રોકડ રકમ લગાવતા હતા અને યંત્રનું ચિત્ર જાહેર થયા બાદ વિજેતાને તેણે લગાવેલ રોકડ રકમને બદલે દસ ગણી રોકડ રકમ આપવામાં આવતી હતી.

**શ્વાસના રોગોનો ખતરો**

# પ્રતિબંધ છતાં શહેરના વૉક-વે, હાઈવે ડિવાઈડર પર 'કોનોકાર્પસ'ના વૃક્ષો, તાત્કાલિક હટાવવા માંગ

નડિયાદ - ગુજરાત સરકારે જાહેર આરોગ્ય અને પર્યાવરણને ગંભીર નુકસાન થતું હોવાના કારણોસર જેના વાવેતર અને ઉછેર પર પ્રતિબંધ મૂક્યો છે તેવા વિવાદાસ્પદ કોનોકાર્પસ વૃક્ષો (Conocarpus Trees) હજુ પણ ખેડા જિલ્લાના નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. નડિયાદના પશ્ચિમ વિસ્તારના વૉક-વે સહિત અનેક જાહેર સ્થળોએ આ જોખમી વૃક્ષોનું વાવેતર યથાવત રહેતા સ્થાનિક લોકો અને પર્યાવરણ પ્રેમીઓએ તેમને તાત્કાલિક ધોરણે દૂર કરવાની ઉગ્ર માંગણી કરી છે. કોનોકાર્પસ વૃક્ષો લોકોના આરોગ્ય અને પર્યાવરણ માટે અનેક પ્રકારે જોખમી સાબિત થયા છે, જેને ધ્યાનમાં રાખીને સરકારે વન વિભાગની નર્સરીમાં તેના ઉછેર અને વાવેતર પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂક્યો છે. તેમ છતાં, નડિયાદ શહેરમાં મહાનગરપાલિકાના વૉક-વે ઉપરાંત ઉત્તરસંડા રોડ, પીપલગ, બિલોદરા, પીજ, વસો, અને નેશનલ હાઈવેના ડિવાઈડર સહિત જાહેર સ્થળો, સરકારી કચેરીઓ, બેન્ક્વેટ હોલ અને રિસોર્ટ જેવા સ્થળો પર આ વૃક્ષોની હાજરી યથાવત છે.

શ્વાસના રોગો: આ વૃક્ષોની પરાગરજ ઉડીને શ્વાસમાં જવાથી શરદી, એલર્જી અને ગંભીર અસ્થમા જેવા શ્વસન રોગો નોતરે છે.

તીવ્ર સુગંધ: કોનોકાર્પસના વૃક્ષોની સુગંધ એટલી તીવ્ર હોય છે કે તેનાથી માથું ચઢી જાય છે. આ કારણે પક્ષીઓ પણ આ વૃક્ષો પર માળો બાંધવાનું પસંદ કરતા નથી, જે જૈવવિવિધતા માટે પણ જોખમી છે.

**આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ**

## ઘોઘા સર્કલ પર ૬ કરોડના ખર્ચે ફૂડ પાર્ક, ફૂડ સ્ટ્રીટ બનાવવા સ્ટેન્ડીંગ કમિટીની મંજૂરી

ભાવનગર - વિકાસ અને શહેરીજનોને સ્વચ્છ તથા આકર્ષક ફૂડ હબ પૂરા પાડવાના ઉદ્દેશ્ય સાથે ભાવનગર મહાનગરપાલિકા (BMC) દ્વારા એક મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટને આકાર આપવામાં આવી રહ્યો છે. શહેરના મુખ્ય વિસ્તારો પૈકીના એક ઘોઘા સર્કલ વિસ્તારમાં અંદાજિત રૂપિયા ૬ કરોડના ખર્ચે એક આધુનિક ફૂડ પાર્ક અને ફૂડ સ્ટ્રીટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેન્ડીંગ કમિટી કક્ષાએથી આ પ્રોજેક્ટ માટે પરામર્શ આપવામાં આવ્યો છે અને મહાનગરપાલિકા દ્વારા આ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં 'ક્લીન ફૂડ હબ' / ફૂડ સ્ટ્રીટ બનાવવાના કોન્સેપ્ટને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આ આયોજનમાં શહેરીજનોના આરોગ્યને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે. તેથી, ફૂડ પાર્કમાં વેચાતી તમામ વાનગીઓ અને સ્ટોલ્સ માટે ફૂડ સેફટીના કડક ધારા-ધોરણોનું સંપૂર્ણ પાલન કરવું ફરજિયાત રહેશે. આ પહેલ માત્ર સ્વાદ નહીં, પણ સ્વચ્છતા અને ગુણવત્તા પણ સુનિશ્ચિત કરશે.

**પંચાયતની નિષ્ક્રિયતાનો આક્ષેપ : કાર્યવાહી નહીં તો વિરોધ**

## કપડવંજના ઘડિયામાં 29 લાખની ટાંકી બનાવી પણ પાણી અપાતું નથી



(એજન્સી) કપડવંજ | તા.19

કપડવંજ તાલુકાના ઘડિયા ગામમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાંચ વર્ષ પૂર્વ પીવાના પાણીની ટાંકી, અંડરગ્રાઉન્ડ સંપ બનાવ્યો છે. ટાંકીમાંથી હજુ સુધી પાણી આપવાનું શરૂ નહીં કરતા ગ્રામજનોમાં આક્રોશ ફેલાયો છે. કપડવંજ તાલુકાના ઘડિયા ગામમાં અંદાજે પાંચ વર્ષ પહેલા રૂા. ૨૯ લાખમાં પાણીની ટાંકી ગ્રામજનોના ઉપયોગ માટે બનાવવામાં આવી હતી પરંતુ, આજદીન સુધી એક પણ ઘરે ટાંકી મારફતે એક ટીપું પણ પાણી પહોંચ્યું ન હોવાથી ટાંકી શોભાના ગાંઠિયા સમાન બની ગઈ છે. ગ્રામજનો પાંચ વર્ષથી નવનિર્મિત ટાંકી અને સંપ દ્વારા પીવાનું પાણી મળે તેની રાહ જોઈ રહ્યા છે. ગ્રાનજનોએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે, ગામમાં બનાવેલી ટાંકી દ્વારા લોકોને પાણી મળે તેવી વ્યવસ્થા કરવાનું પંચાયત મુહૂર્ત જોતા હોય તેવું લાગે છે. ગામના સરપંચ અને સભ્યોની બેદરકારીના કારણે ગ્રામજનોને ટાંકીમાંથી પાણી નહીં મળતા હાલાકી વેઠવી પડે છે. ત્યારે સંબંધિત તંત્ર અને સરપંચ દ્વારા જરૂરી કાર્યવાહી કરી ટાંકી શરૂ નહીં કરાય તો ઉગ્ર વિરોધ કરવાની ગ્રામજનોએ ચિમકી ઉચ્ચારી છે.

**વાલ્વનું સ્ટેન્ડ, વાલ્વ ફિટિંગ કરવાના બાકી છે : સરપંચના પતિ**

પંચાયતના સરપંચ રામીબેનના પતિ રેવાભાઈએ જણાવ્યું હતું કે, નવનિમત પાણીની ટાંકી માટે વાલ્વનું સ્ટેન્ડ બનાવવાનું બાકી છે. કોઈ વ્યવસ્થિત વાલ્વ ફિટિંગ કરનારા મળ્યા અલગ અલગ વિસ્તારોમાં વાલ્વ બેસાડયા પછી પાણી પહોંચાડવાનું ચાલુ થઈ જશે.

**ભાવનગર હત્યાકાંડ** | **પત્ની-બાળકોને મોતને ઘાટ ઉતારી મૃતદેહો ઘર પાછળ દાટી દીધા**

# પત્ની અને બે માસૂમ બાળકોની હત્યાનો કેસ ACf શૈલેષ ખાંભલા ૭ દિવસના રિમાન્ડ પર

(એજન્સી) ભાવનગર | તા.19

ભાવનગરમાં નવ માસ પૂર્વે જ વન વિભાગના આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ACf) તરીકે પોસ્ટિંગ મેળવીને આવેલા એક અધિકારીએ હેવાનિયતની હદ વટાવી દીધાનો ચોંકાવનારો ભાવનગર હત્યાકાંડ સામે આવ્યો છે. ACf શૈલેષ ખાંભલા નામના આ આરોપીએ સામાન્ય ઘર કંકાસ જેવી બાબતમાં પોતાની પત્ની અને બે માસૂમ સંતાનને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ધૃણાસ્પદ ઘટનાનો ઘટસ્ફોટ થતાં પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો અને કોર્ટે તેને ૭ દિવસના રિમાન્ડ પર મોકલ્યો છે.આ ઘટના ભાવનગર શહેરના તળાજા રોડ પર આવેલી ફોરેસ્ટ કોલોનીમાં બની હતી, જ્યાં વન વિભાગમાં ACf તરીકે ફરજ બજાવતા




શૈલેષ ખાંભલા રહેતા હતા. પોલીસના જણાવ્યા મુજબ, શૈલેષે ૫ નવેમ્બરની વહેલી સવારે જ પોતાની પત્ની નયનાબેન અને બે માસૂમ બાળકો, પુત્ર ભવ્ય અને પુત્રી પૃથા ની ગળું દબાવીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી.હત્યા બાદ પણ આરોપીની હેવાનિયત અટકી નહોતી. તેણે ઠંડા કલેજે ત્રણેય મૃતદેહોને ઘરની પાછળના ભાગમાં ખાડો ખોદીને દાટી દીધા હતા. ત્યારબાદ, તેણે કોઈને શંકા ન જાય તે માટે પત્ની અને બાળકો ગુમ થયા હોવાની પોલીસમાં અરજી પણ આપી દીધી હતી. સમગ્ર મામલો ત્યારે ઉજાગર થયો જ્યારે ફોરેસ્ટ કોલોનીમાં ઘરમાંથી તીવ્ર દુર્ગંધ ફેલાવા લાગી. આ દુર્ગંધના પગલે પોલીસે તપાસ આદરી હતી, જેમાં ઘરની પાછળના ભાગે દાટેલા નયનાબેન, ભવ્ય અને પૃથાના મૃતદેહ મળી આવ્યા હતા. આ હત્યાકાંડનો પર્દાફાશ થતા પોલીસે હત્યારા પતિ શૈલેષ ખાંભલા ને સુરતથી ઝડપી પાડ્યો હતો, જ્યાં તે ફરાર થવાના પ્રયાસમાં હતો.

પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું કે ઘર કંકાસને કારણે તેણે આ હત્યાઓ કરી હતી. ભરતનગર પોલીસે આરોપી ACf શૈલેષ ખાંભલાને આજે ભાવનગર કોર્ટમાં રજૂ કર્યો હતો.

આરોપી શૈલેષને જ્યારે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટ પરિસરમાં લાવવામાં આવ્યો, ત્યારે ત્યાં હાજર લોકોનો આક્રોશ ચરમસીમાએ હતો. લોકોએ 'આ રાક્ષસને ફાંસી આપો' ના નારા લગાવ્યા હતા, જે આ ઘટના પ્રત્યે સમાજની ગંભીર સંવેદના અને રોષ દર્શાવે છે.પોલીસે આરોપી શૈલેષ પાસેથી હત્યા પાછળના સંપૂર્ણ રહસ્યો જાણવા અને હત્યામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ, તેમજ હત્યાના કારણોની ઊંડી તપાસ કરવા માટે કોર્ટ સમક્ષ ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, કોર્ટે દલીલો સાંભળીને આરોપી શૈલેષ ખાંભલાને ૭ દિવસના રિમાન્ડ પર મંજૂર કર્યા છે.પોલીસ માને છે કે આ રિમાન્ડ દરમિયાન હત્યામાં ઉપયોગમાં લેવાયેલું કોઈ હથિયાર (જો હોય તો), ગુમ થયેલા સામાનની વિગતો અને હત્યા પહેલાંની ઘટનાઓ અંગે વધુ મહત્ત્વપૂર્ણ માહિતી બહાર આવી શકે છે.

## મહુવા રાજુલા હાઈવે: વાંગર ગામના પુલ પાસે કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, દંપતી ખંડિત

ભાવનગર - મહુવા-રાજુલા નેશનલ હાઈવે પર વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં મહુવા ખાતે રહેતા એક દંપતીને તેમના જીવનની ખુશીના પ્રસંગે જ નિયતિએ જોરદાર ફટકો માર્યો છે. વાંગર ગામના પુલ નજીક કાર અને બાઈક વચ્ચે થયેલા ભીષણ અકસ્માતમાં પતિનું કરુણ મોત નિપજ્યું છે, જ્યારે પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. આ અકસ્માતને કારણે દંપતી ખંડિત થયું છે અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, મહુવા ખાતે રહેતા ધીરુભાઈ સોમાભાઈ સાંખટ અને તેમના પત્ની ભાવનાબેન ધીરુભાઈ સાંખટ પોતાનું મોટરસાયકલ (નંબર GJ 04 1192) લઈને વાંગર ગામે એક સગાઈ પ્રસંગે જઈ રહ્યા હતા. રસ્તામાં, મહુવા-રાજુલા નેશનલ હાઈવે પર વાંગર ગામના પુલ પાસે પહોંચતા જ આ દુર્ઘટના સર્જાઈ હતી.પોલીસ ફરિયાદ મુજબ, સામેથી આવતી એક કાર (નંબર GJ 27 BS 4222) ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી, માણસની જિંદગી જોખમાય તે રીતે બેફામ રીતે બાઈક સાથે અથડાવી દીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે દંપતીને ફંગોળી દીધા હતા અને બંને હાઈવે પર પટકાયા હતા.અકસ્માતની આ ઘટનામાં દંપતીને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જોકે, માથામાં અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થવાને કારણે પતિ ધીરુભાઈ સોમાભાઈ સાંખટ નું સારવાર દરમિયાન કરુણ મોત નિપજ્યું હતું. ધીરુભાઈના મૃત્યુથી પરિવારજનો શોકમાં ડૂબી ગયા છે.જ્યારે, તેમના પત્ની ભાવનાબેન ધીરુભાઈ સાંખટ ને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે અને હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. સગાઈ પ્રસંગે નીકળેલા દંપતીની ખુશી અચાનક શોકમાં પલટાઈ જતાં સમગ્ર મહુવા પંથકમાં કરુણા વ્યાપી ગઈ છે.

**સર્વર ડાઉન**

## ગળતેશ્વર ડભાલી: પાક નુકસાની વળતરના ફોર્મ ભરવામાં વિલંબ, સર્વર ડાઉન રહેતા ખેડૂતોને પારાવાર હાલાકી




ઠાસરા/ગળતેશ્વર - ગળતેશ્વર તાલુકાના ખેડૂતો માટે કમોસમી વરસાદે આપત્તિ સર્જી, પરંતુ હવે વળતર મેળવવાની સરકારી પ્રક્રિયાએ પણ માથાનો દુખાવો વધાર્યો છે. તાલુકાના ડભાલી ગામમાં હાલમાં પાક નુકસાની વળતર ના ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ સર્વર ડાઉન રહેવાના કારણે કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે. પરિણામે, ખેતીનું કિંમતી કામ છોડીને આવેલા ૧૨૫થી વધુ ખેડૂતોને કચેરીના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે, જેના કારણે ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો છે.ડભાલી ગામમાં કમોસમી વરસાદને કારણે ૧૨૫થી વધુ ખેડૂતોને ઉભા પાકમાં આર્થિક નુકસાન થયું છે અને તેઓ સરકાર તરફથી વળતર મેળવવા માટે સતત દોડધામ કરી રહ્યા છે. એક તરફ, આર્થિક નુકસાન થયું હોવા છતાં ખેડૂતો ખેતરોમાં રવી પાક લેવા માટે ખેડાણ સહિતની કામગીરીમાં વ્યસ્ત છે. આ મહત્ત્વપૂર્ણ કામમાંથી સમય કાઢીને ખેડૂતો પાક નુકસાનીના વળતર માટે ગામ પંચાયત ખાતેની કચેરીએ લાંબી લાઈનોમાં ઊભા રહે છે.પરંતુ, આજે સવારથી જ ડભાલી ગામ પંચાયત ખાતે સર્વરની સમસ્યાના કારણે ફોર્મ ભરવાની કામગીરી મંથરગતિએ ચાલી રહી હતી. કમ્પ્યુટર ઓપરેટરે પોતે સ્વીકાર્યું હતું કે, 'સર્વર સતત ડાઉન રહેતું હોવાથી એક ફોર્મ ભરવામાં અંદાજે ૧૦ મિનિટ નો સમય લાગે છે. 'જે ગામમાં ૧૨૫થી વધુ ખેડૂતોને ફોર્મ ભરવાના હોય, ત્યાં ૧૦ મિનિટે એક ફોર્મ ભરાય તો તમામ ખેડૂતોના ફોર્મ ભરાતા અનેક દિવસો લાગી શકે છે.

**ખંભાત PSc વિવાદ: પથી વધુ આશાવર્કરોની રજૂઆત બાદ આણંદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી**

# ધર્માંતરણનો પ્રયાસ: ખંભાત PSc માં આશાવર્કરોને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા દબાણ કરનાર હેડ નર્સની બદલી

આણંદ/ખંભાત - આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના બામણવા ગામના પ્રાયમરી હેલ્થ સેન્ટર (PSc) માં ફરજ બજાવતા હેડ નર્સ સામે ધર્માંતરણ કરાવવાના પ્રયાસ નો ગંભીર આક્ષેપ થતાં આરોગ્ય વિભાગમાં હડકંપ મચી ગયો છે. પાંચથી વધુ આશાવર્કરોએ સત્તાવાર ફરિયાદ નોંધાવ્યા બાદ આણંદ જિલ્લા પંચાયત ના આરોગ્ય વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને વિવાદાસ્પદ હેડ નર્સની બદલી કરી દીધી છે.બામણવા PSc માં ફરજ બજાવતા સપનાબહેન સોલંકી સહિત પાંચ આશાવર્કરોએ આરોગ્ય અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી. તેમની ફરિયાદ મુજબ, PSc ના હેડ નર્સ નમ્રતાબેન મેકવાન છેલ્લા છ મહિનાથી પોતાના ધર્મનો વ્યાપ વધારવા માટે આશાવર્કર બહેનોને હેરાન કરી રહ્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે, નમ્રતાબેન આશાવર્કર બહેનોને મિટિંગના નામે બોલાવીને ખ્રિસ્તી ધર્મની વાતો કરતી હતી. આ ઉપરાંત, તેઓ હિન્દુ દેવી-દેવતા



વિશે અયોગ્ય ટિપ્પણીઓ કરતી હતી અને પાંચથી વધુ આશાવર્કર બહેનોને ખ્રિસ્તી ધર્મના પુસ્તકો વાંચવા આપીને ધર્મ અંગીકાર કરવા માટે સતત દબાણ કરી રહી હતી.આ મામલાનો સૌથી ગંભીર ખુલાસો ગત શનિવારે થયો. આશાવર્કર બહેનોએ જણાવ્યું કે, નમ્રતાબેન મેકવાન તેમને વડોદરા ખાતે આરોગ્યની મિટિંગના બહાને લઈ ગયા હતા, પરંતુ ત્યાં લઈ જઈને તેમને ખ્રિસ્તી ધર્મના પાદરીઓની ધર્માંતરણની મિટિંગ માં બેસાડી દીધી હતી. કલાકો સુધી આશાવર્કર બહેનોનું બ્રેઈનવૉશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ધર્માંતરણના આ પ્રયાસનો આશાવર્કર બહેનોએ સખત વિરોધ કર્યો હતો. વિરોધ બાદ હેડ નર્સ નમ્રતાબેને વેરભાવ રાખીને આશાવર્કરોને પરેશાન કરવાનું શરૂ કર્યું. તેમણે કામનું ભારણ વધારી દીધું અને હાજરી મુદ્દે કનડગત કરીને હેરાનગતિ કરી હોવાનો આક્ષેપ પણ આશાવર્કર બહેનોએ કર્યો છે.આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આણંદ જિલ્લા આરોગ્ય અધિકારી ને રજૂઆત મળતાં જ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે. નાયબ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પૂર્વીબેન નાયકે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, નમ્રતાબેન મેકવાન દ્વારા આશાવર્કરોને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યાં હોવાની ફરિયાદ મળતાં તેમની તાત્કાલિક અસરથી બામણવા PSc માંથી ભાલેજ PSc માં બદલી કરી દેવામાં આવી છે.જોકે, આશાવર્કર બહેનો અને હિન્દુ સંગઠનોએ માત્ર બદલી કરવાના પગલાંને પૂરતા ગણાવ્યા નથી.

**૩ દિવસ પાણી કાપ રહેતા દેકારો**

## તરસમીયા ફિલ્ટર હેઠળના ૨૦થી વધુ વિસ્તારમાં ચારમાંથી પાણીના ધાંધીયા



ભાવનગર : શહેરના રહેવાસીઓને સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં પૂરતા પાણીની અપેક્ષા હોય છે, પરંતુ ભાવનગરના કેટલાક વિસ્તારોમાં હાલમાં 'છતે પાણીએ પાણીનાં ધાંધીયા' જોવા મળી રહ્યા છે. મહાનગરપાલિકાના તરસમીયા ફિલ્ટર હેઠળ આવતા વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસમાંથી ત્રણ દિવસ પાણીનો કાપ રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને શહેરના ૨૦થી વધુ વિસ્તારોમાં પાણી માટે ઉગ્ર દેકારો જોવા મળ્યો છે. ભાવનગર પાણીકાપ ની આ સમસ્યા અચાનક ઉદ્ભવેલા ટેકનિકલ કારણો અને ભંગાણના કારણે સર્જાઈ છે. તરસમીયા ફિલ્ટર હેઠળના વિસ્તારોમાં નીચે મુજબ પાણી વિતરણ ખોરવાયું હતું. પાણીકાપના કારણે કાળિયાબીડ, ભરતનગર, ગાયત્રીનગર, તળાજા રોડ, દેવરાજનગર, ઘોઘા રોડ સહિતના ૨૦થી વધુ વિસ્તારોમાં પાણીનો કકળાટ સાંભળવા મળ્યો હતો. પીવાનું પાણી પણ ઘરમાં ન હોવાથી લોકો પરેશાન થઈ ગયા હતા અને તેમનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. સ્થાનિકોના દેકારાના પગલે મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગની દોડધામ વધી ગઈ હતી. પીવાનું પાણી નહીં મળવાના કારણે અનેક પરિવારોએ ખાનગી ટેન્કરો દ્વારા પાણી મંગાવવાની ફરજ પડી હતી.

# News Brief

## હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાએ વિથલાપુરમાં યોજાયેલા ભવ્ય કિડ્સ કાર્નિવલ દ્વારા નાનાં શીખનારાઓને રોડ સેફ્ટી શિક્ષણ સાથે જોડ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 19

હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા એ આજે ગુજરાતના વિથલાપુર સ્થિત તેમની મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીમાં રંગીન કિડ્સ કાર્નિવલ સાથે બાળ મહિનાની ઉજવણી કરી. ‘સેફ્ટી એક્સપ્લોરર્સ: જર્ની થ્રુ ટ્રાફિક લેન્ડ’ થીમ ધરાવતું આ ઈવેન્ટ બાળકોને રોડ સેફ્ટી વિશે રસપ્રદ અને મઝાની રીતે શીખવવાનું ઉદ્દેશ રાખે છે અને નાના વયથી જ સલામત આદતો વિકસાવવાનું પ્રોત્સાહન આપે છે.વિથલાપુરમાં યોજાયેલા કિડ્સ કાર્નિવલે 9 થી 15 વર્ષની વયના સ્કૂલ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું, જ્યાં ક્રિયેટિવિટી અને એજ્યુકેશનને જોડતો એક ઈમર્સિવ અનુભવ આપવામાં આવ્યો. બાળકો માટે ખાસ બનાવેલ ઝોન જેમાં ઝેબ્રા ક્રોસિંગ ઝોન, હેલ્મેટ હિલ્સ અને સિગ્નલ સિટીનો સમાવેશ હતો દ્વારા જરૂરી ટ્રાફિક સેફ્ટી નિયમો મઝાની અને યાદ રહી જાય એવી રીતથી શીખવાયા.ઈવેન્ટમાં રોડ સેફ્ટી ક્વિઝ, ક્રિયેટિવ ડિસ્પ્લે અને અનેક ઈન્ટરએક્ટિવ એક્ટિવિટીઝ પણ રાખવામાં આવી હતી, જેનાથી શીખવાની પ્રક્રિયા જીવંત અને રોચક બની અને બાળકોને તેમના પરિવાર અને સમાજમાં સલામત ડ્રાઈવિંગ આદતોના એમ્બેસેડર બનવા પ્રોત્સાહન મળ્યું.

## DevX એ ટિયર 2 શહેરોમાં સૌથી મોટું, મેનેજ્ડ ઓફિસ સ્પેસ કેમ્પસ ગણાતું કેપિટલ વન લોન્ચ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભારતના અગ્રણી એન્ટરપ્રાઈઝ-કેન્દ્રિત મેનેજ્ડ ઓફિસ સ્પેસ પ્રોવાઈડર્સ પૈકીની એક દેવ એક્સીલરેટર લિમિટેડે (NSE: DEVX; BSE: 544513) અમદાવાદમાં 3.15 લાખ સ્ક્વેર ફૂટ મેનેજ્ડ ઓફિસ કેમ્પસ એવા કેપિટલ વનના લોન્ચની આજે જાહેરાત કરી હતી જે ભારતના કોમર્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રે એક નિર્ણાયક ક્ષણ છે. ટિયર-2 સિટીમાં દેશની સિંગલ લાર્જેસ્ટ મેનેજ્ડ ઓફિસ સ્પેસ કેમ્પસ તરીકે કેપિટલ વન દર્શાવે છે કે જીસીસી અને ઉચ્ચ વિકાસ ધરાવતી કંપનીઓ ઝડપથી અમદાવાદ જેવા ઉભરી રહેલા વ્યાપારી સ્થળોમાં કામગીરી શરૂ કરી રહી છે.ડેવલપમેન્ટના સ્કેલ છતાં કેપિટલ વને પહેલેથી જ 95 ટકા ઓક્યુપન્સી મેળવી લીધી છે જેમાં ટેક્નોલોજી, એકાઉન્ટિંગ અને મીડિયા કંપનીઓ અગ્રેસર છે. આ મજબૂત પ્રી-લોન્ચ કામગીરી ટિયર 2 શહેરોમાં ઉચ્ચ ગુણવત્તાના, ફ્લેક્સીબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ માટેની વધી રહેલી માંગ દર્શાવે છે અને અમદાવાદના પ્રતિભાશાળી લોકો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખર્ચના લાભમાં વૈશ્વિક તથા સ્થાનિક કંપનીઓના વધી રહેલા વિશ્વાસને રજૂ કરે છે.

## મહિન્દ્રા મેન્યુલાઈફ મ્યુચ્યુઅલ ફંડે ‘મહિન્દ્રા મેન્યુલાઈફ ઈનકમ પ્લસ આર્બિટ્રેજ એક્ટિવ ફંડ્સ ઓફ ફંડ’ લોન્ચ કરવાની જાહેરાત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 19

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સિયલ સર્વિસિઝ લિમિટેડ (મહિન્દ્રા ફાઈનાન્સ) અને મેન્યુલાઈફ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ (સિંગાપોર) પીટીઈ. લિ.ના સંયુક્ત સાહસ મહિન્દ્રા મેન્યુલાઈફ મ્યુચ્યુઅલ ફંડ્સે આજે એનએફઓ રજૂ કર્યો હતો. ઓપન એન્ડેડ સ્કીમ મહિન્દ્રા મેન્યુલાઈફ ઈનકમ પ્લસ આર્બિટ્રેજ એક્ટિવ એફઓએફ રોકાણકારોને વર્તમાન આવકવેરા કાયદાઓ અનુસાર, 24 મહિનાથી વધુ સમયગાળાના હોલ્ડિંગ પર સારૂ એવુ રિટર્ન પ્રદાન કરે છે. આ ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 21 નવેમ્બર, 2025ના રોજ ખુલશે, અને 1 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે.આ સ્કીમનો ઉદ્દેશ સક્રિય રીતે સંચાલિત ડેટ સ્કીમ્સ અને આર્બિટ્રેજ સ્કીમ્સના મિશ્રણમાં રોકાણ કરીને લાંબા ગાળાની વેલ્થ ક્રિએટ કરવાનો છે, જે બદલાતી બજાર પરિસ્થિતિઓમાં દિશા નક્કી કરવા સુગમતા પ્રદાન કરે છે. આ મિશ્રણ રોકાણકારોને 24 મહિનાથી વધુ સમયના હોલ્ડિંગ પીરિયડ માટે કર સક્ષમતા સાથે અસ્થિર બજારમાં આર્બિટ્રેજ સ્પ્રેડનો લાભ લેવા તેમજ ફિક્સ્ડ ઈનકમાં પુનઃરોકાણના જોખમોનું સંચાલન કરવામાં મદદ કરે છે.

## જેએસડબલ્યુ એમજી મોટર ઈન્ડિયાએ 400 દિવસમાં MG વિન્ડસરની 50,000 એકમોની વેચાણ સિદ્ધિ હાંસલ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 19

જેએસડબલ્યુ એમજી મોટર ઈન્ડિયાએ માત્ર એક વર્ષથી થોડા વધારે સમયગાળામાં MG વિન્ડસરની 50,000 એકમોની વેચાણ સિદ્ધિ હાંસલ કરી છે. આ કંપની માટે એક ઐતિહાસિક ઉપલબ્ધિ છે. આ સાથે MG વિન્ડસર ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક કાર બની છે, જેણે રેકોર્ડ સમયમાં 50,000 એકમોની વેચાણ પૂરી કરી છે. આ સિદ્ધિ ઈલેક્ટ્રિક વાહન ક્ષેત્રમાં કંપનીના નેતૃત્વને સ્પષ્ટ કરે છે.

આ સિદ્ધિ સમજદાર અને જાણકાર ભારતીય ગ્રાહકોમાં MG વિન્ડસરની વધી રહેલી લોકપ્રિયતાનું પ્રતિબિંબ છે, જે સ્થાયી અને અદ્યતન મોબિલિટી સોલ્યુશન્સને પસંદ કરે છે. MG વિન્ડસરનું વેચાણ માત્ર મેટ્રો શહેરોમાં નથી, પરંતુ નોન-મેટ્રો વિસ્તારોમાં પણ ઝડપથી વધી રહ્યું છે. આથી ભારતમાં સ્થાયી મોબિલિટી સોલ્યુશન્સ અપનાવવાની વધતી લાગણી સ્પષ્ટ થાય છે. આ સિદ્ધિ MG વિન્ડસરના નવતર ડિઝાઈન, ઉત્તમ પ્રદર્શન અને શ્રેષ્ઠ માલિકી અનુભવનું પ્રતિનિધિત્વ કરે છે, જે આધુનિક ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિકસાવવામાં આવી છે.

### ભારતની યુપીઆઈ ટેકનોલોજીનો વિશ્વમાં જયજયકાર

# દક્ષિણ અમેરિકામાં ભારતનો ડંકો પેરુ યુપીઆઈ અપનાવશે

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભારતની સ્વદેશી ટેકનોલોજી હવે માત્ર દેશ પૂરતી સીમિત નથી રહી પરંતુ સાત સમંદર પાર પણ પોતાનો ડંકો વગાડી રહી છે. આર્થિક વ્યવહારોમાં ક્રાંતિ લાવનારી ભારતની યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ સિસ્ટમ હવે દક્ષિણ અમેરિકાના દેશોમાં પણ પગપેસારો કરવા જઈ રહી છે. તાજેતરમાં જ મળેલી એક મોટી સફળતા મુજબ, દક્ષિણ અમેરિકાનો મહત્વનો દેશ ગણાતું પેરુ આવતા વર્ષ સુધીમાં ભારતની આ અત્યાધુનિક પેમેન્ટ સિસ્ટમ અપનાવવા જઈ રહ્યું છે. આ પગલાંથી ભારતની ટેકનિકલ ક્ષમતાનો વિશ્વભરમાં સ્વીકાર થઈ રહ્યો હોવાનું ફરી એકવાર સાબિત થયું છે.

ભારત અને પેરુ વચ્ચેના સંબંધો હવે નવી ઊંચાઈએ પહોંચ્યા છે. ભારતમાં રહેલા પેરુના રાજદૂત જાવિયર મેન્યુઅલ પૌલિનીચ વેલાર્ડેએ એક મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં આ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પેરુ આવતા વર્ષ સુધીમાં પેરુ યુપીઆઈ જેવી રિયલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ લાગુ કરવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. આ પ્રોજેક્ટ માત્ર કાગળ પર નથી, પરંતુ તેના અમલીકરણ માટે જમીની સ્તરે કામગીરી શરૂ થઈ ચૂકી છે. આ એક અત્યંત જટિલ અને સુરક્ષિત સિસ્ટમ હોવાથી, તેની ઝીણવટભરી તપાસ અને સમજણ માટે નિષ્ણાતોની ટીમે પેરુની મુલાકાત લીધી હતી અને ત્યાંના અધિકારીઓ સાથે ગહન ચર્ચાઓ કરી હતી.

આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનો પાયો ૨૦૨૪માં જ નંખાઈ ગયો હતો. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની આંતરરાષ્ટ્રીય શાખા એનઆઈપીએલ (NIPL) અને પેરુની મધ્યસ્થ બેંક બીસીઆરપી (BCRP) વચ્ચે એક સીમાચિહ્નરૂપ ભાગીદારીની જાહેરાત કરવામાં આવી હતી. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય પેરુમાં ભારત જેવી જ રિયલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ વિકસાવવાનો હતો. જ્યારે આ સિસ્ટમ સંપૂર્ણ રીતે કાર્યરત થશે, ત્યારે પેરુ દક્ષિણ અમેરિકાનો એવો પ્રથમ દેશ બની જશે જેણે ભારતની આ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ ટેકનોલોજીનો સ્વીકાર કર્યો હોય. આ ભારત માટે ગૌરવની વાત છે કે વિકસિત દેશો પણ હવે ભારતની ફિનટેક ક્ષમતા પર ભરોસો મૂકી રહ્યા છે.

પેરુના રાજદૂતે ભારતની આ નાણાકીય વ્યવસ્થાને ‘શાનદાર‘ ગણાવીને મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. પેરુ યુપીઆઈ સિસ્ટમ લાગુ થવાથી ત્યાંના સામાન્ય નાગરિકો અને વેપારીઓને મોટો ફાયદો થશે. ખાસ કરીને એવા લોકો જેઓ બેંકિંગ સુવિધાઓથી વંચિત છે અથવા જેમને ’અનબેન્કડ’ વસ્તી કહેવામાં આવે છે, તેઓને આનાથી સીધો લાભ મળશે. આ સિસ્ટમ દ્વારા વ્યક્તિઓ અને વ્યવસાયો વચ્ચે ત્વરિત ચૂકવણી શક્ય બનશે, જે ત્યાંના અર્થતંત્રને નવી ગતિ આપશે. રાજદૂતે ઉમેર્યું હતું કે આ સિસ્ટમ પેરુમાં નાણાકીય સમાવેશ (ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન) ને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.ભારત છેલ્લા કેટલાક વર્ષોથી ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પેરુ પહેલાં પણ ભારતે સિંગાપોર, યુએઈ (સંયુક્ત આરબ અમીરાત), ફ્રાન્સ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા અને મોરેશિયસ જેવા દેશો સાથે યુપીઆઈ આધારિત ચૂકવણી માટે અથવા તો તેની મૂળભૂત ટેકનોલોજી શેર કરવા માટે કરારો કર્યા છે. આ દર્શાવે છે કે ભારતની ’મેક ઈન ઈન્ડિયા’ ટેકનોલોજી હવે ગ્લોબલ બ્રાન્ડ બની ચૂકી છે. ૨૦૧૬માં ભારતમાં શરૂ થયેલી આ યાત્રા આજે કરોડો વ્યવહારો સાથે વિશ્વની સૌથી સફળ પેમેન્ટ સિસ્ટમ તરીકે ઉભરી આવી છે. ઓછા ખર્ચે, અત્યંત ઝડપી અને સુરક્ષિત વ્યવહારો એ આ સિસ્ટમની મુખ્ય ઓળખ છે, જેના કારણે પેરુ જેવા દેશો પણ તેના તરફ આકર્ષાયા છે.

## યુનિવર્સિટી ઓફ વોલોંગોંગે વૈશ્વિક ઉત્કૃષ્ટતાના 50 વર્ષ પૂરા કર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 19

યુનિવર્સિટી ઓફ વોલોંગોંગે (યુઓડબ્લ્યુ) આ વર્ષે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે અને તે શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, સંશોધન નવીનતા અને વૈશ્વિક વિસ્તરણના 50 વર્ષોની ઉજવણી કરે છે. ઓસ્ટ્રેલિયાના વોલોંગોંગમાં 1975માં શરૂઆત કરવાથી માંડીને યુઓડબ્લ્યુ એક વિશ્વકક્ષાની યુનિવર્સિટી બની છે જે મલેશિયા, હોંગકોંગ, સિંગાપોર, ચીન, દુબઈ અને હવે ભારતમાં પણ વાઈબ્રન્ટ હાજરી ધરાવે છે. છેલ્લા પાંચ દાયકામાં યુનિવર્સિટી એક નાની પ્રાદેશિક સંસ્થાથી માંડીને ગ્લોબલ એજ્યુકેશન લીડર બની છે અને વિશ્વભરની ટોચની 1 ટકા યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવ્યું છે. ઓસ્ટ્રેલિયામાં તેના મુખ્ય કેમ્પસમાં તે 36,000થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડે છે. “પ્રભાવના 50 વર્ષ” થીમ પર આધારિત 50 વર્ષની ઉજવણી, 50 કલાકારો, સંશોધનના 50 વર્ષ અને વૈશ્વિક વિસ્તરણના 50 વર્ષ જેવી પહેલ દ્વારા યુઓડબ્લ્યુની સફરને સન્માનિત કરે છે. આ દરેક સિદ્ધિ યુનિવર્સિટીની શ્રેષ્ઠતા અને નવીનતા પ્રત્યેની સ્થાયી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ ઉજવણીઓ યુઓડબ્લ્યુના આંતરરાષ્ટ્રીય કેમ્પસમાં થઈ રહી છે, જે તેનો મજબૂત શૈક્ષણિક પાયો રજૂ કરે છે અને વૈશ્વિક સ્તરે હાજરી વિસ્તરે છે.ભારતમાં 50 વર્ષનું આ સીમાચિહ્ન ખાસ મહત્વ ધરાવે છે કારણ કે તે ગિફ્ટ સિટી ખાતે યુઓડબ્લ્યુ ઈન્ડિયાની પ્રથમ વર્ષગાંઠ સાથે સુસંગત હતું.

## ભારતમાં વિશ્વસનીય નાણાકીય સલાહને સમર્થન આપવા માટે જોડાણ કર્યું

**ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ અને સીએનબીસી-ટીવી18**

અમદાવાદ | ઝડપી આર્થિક પ્રગતિ, વધતી નવીનતા અને વિસ્તરતા વૈશ્વિક પ્રભાવને પગલે ભારત વૈશ્વિક વૃદ્ધિમાં હાલ મોખરે ઊભું છે. જેના લીધે ભારતીયો માટે તેમના સપનાં સાકાર કરવા અને સફળતા હાંસલ કરવા માટે જબરજસ્ત તકો ઊભી થઈ છે. સમૃદ્ધિમાં થતાં વધારાની સાથે નાણાકીય આયોજન અને નાગરિકોની સુરક્ષાની જરૂરિયાત પણ ઉભી થાય છે. આ મુદ્દે દેશભરના ગ્રાહકોને નવીન સુરક્ષા ઉકેલો ઉપલબ્ધ બનાવી ટાટા એઆઈએ વર્ષોથી તેમને સહાય પૂરી પાડી રહી છે. ભારતના જીવન વીમા ક્ષેત્રમાં તે એક અગ્રણી સુરક્ષા ઉપલબ્ધ બનાવનાર તરીકે ઉભરી આવ્યું છે.

## અશોક લેલેન્ડે કતારનાં બજારમાં હાજરી મજબૂત કરવા FAMCO કતાર સાથે ભાગીદારી કરી

નવી દિલ્હી | ભારતનાં અગ્રણી હિન્દુજા જૂથની કંપની અને વિશ્વની ટોચની કમર્શિયલ વ્હિકલ્સ ઉત્પાદકોમાં સ્થાન પામતી અશોક લેલેન્ડે કતારનાં અલ-ફુત્તેઈમ ગ્રૂપ કંપની ફેમ્કો કતાર સાથે નવી ભાગીદારી દ્વારા કતારમાં તેની હાજરીનું વિસ્તરણ કર્યું છે. આ પગલાંનો આધાર સાઉદી અરેબિયામાં 2024માં ફેમ્કો કેએસએ સાથે જોડાણ દ્વારા કરાયેલ સફળ વિસ્તરણ છે, જે અલ-ફુત્તેઈમ અને અશોક લેલેન્ડ વચ્ચે મજબૂત વ્યૂહાત્મક જોડાણને પુનઃ મજબૂત કરે છે. દોહા એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ફેમ્કો સાથેની ભાગીદારીનો લોંચિંગ કાર્યક્રમ મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, કારણ કે કતાર તેની પરિવહન અને માળખાકીય સુવિધાઓની મહત્વાકાંક્ષાને આગળ ધપાવી રહ્યું છે.આ ભાગીદારી દ્વારા ફેમ્કો કતાર અને અશોક લેલેન્ડ કતારનાં બજારમાં 75 વર્ષનાં વિશ્વાસપાત્ર વારસાને રજૂ કરી રહ્યાં છે, જેમાં સ્થાનિક વેપાર અને સમુદાયોની જરૂરિયાત પ્રમાણેનાં મજબૂત અને નવીન કમર્શિયલ વ્હિકલ્સ પૂરાં પાડવામાં આવશે. અશોક લેલેન્ડનાં સંપૂર્ણ પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ફ્લેગશિપ ‘ફાલ્કન ‘ અને ‘ઓયસ્ટર ‘ બસનો સમાવેશ થાય છે, જે તેની અત્યાધુનિક સલામતી અને પ્રવાસીને આરામ માટે જાણીતી છે. આ ઉપરાંત ‘બોસ ‘ અને ‘પાર્ટનર ‘ લાઈટ અને મિડીયમ ડ્યુટી ટ્રક્સનો પણ સમાવેશ થાય છે. ફ્લીટ ઓપરેટર સેગમેન્ટ હોય કે, લોજિસ્ટિક્સ કંપનીઓ, એસએમઈ હોય કે પબ્લિક ટ્રાન્સપોર્ટ બિઝનેસ, અશોક લેલેન્ડનું દરેક વાહન ટકાઉ, મહત્તમ માઈલેજ કાર્યક્ષમતા અને માલિકીપણાનાં નીચા ખર્ચને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.

### 5G ઈન્ટરનેટ : રિલાયન્સ જિઓ અને એરટેલ કંપનીની આગેકૂચ

# ભારતીય ટેલિકોમ કંપનીઓની આવકમાં જબરદસ્ત ઉછાળો

નવી દિલ્હી : ભારતના ટેલિકોમ ક્ષેત્રે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં એક નવી જ ક્રાંતિના મંડાણ થયા છે. દેશમાં ડિજિટલ યુગની રફ્તાર પકડતાની સાથે જ ટેલિકોમ કંપનીઓના નફામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ભારતીય ટેલિકોમ માર્કેટ હવે પહેલા કરતા વધુ પરિપક્વ અને નફાકારક બની રહ્યું છે.ટેલિકોમ સેક્ટરના રિપોર્ટ કાર્ડ પર નજર કરીએ તો, ટેલિકોમ કંપની ARPU એટલે કે ’એવરેજ રેવન્યુ પર યુઝર’ આ ક્વાર્ટરનો અસલી હીરો સાબિત થયો છે. ગ્રાહકો હવે સાદા પ્લાનને બદલે પ્રીમિયમ અને વધુ ડેટાવાળા પ્લાન તરફ વળ્યા છે. ભારતી એરટેલ, રિલાયન્સ જિઓ અને વોડાફોન આઈડિયા ત્રણેય કંપનીઓના ARPU માં ક્રમશઃ સુધારો નોંધાયો છે. આ સુધારા પાછળનું મુખ્ય કારણ ગ્રાહકો દ્વારા સ્માર્ટફોન અપગ્રેડ કરવા અને ડેટા વપરાશમાં થયેલો ધરખમ વધારો છે. લોકો હવે માત્ર વાતચીત કરવા માટે નહીં પણ મનોરંજન અને કામકાજ માટે પણ મોબાઈલ ઈન્ટરનેટ પર વધુ નિર્ભર બન્યા છે.ભારતીય ટેલિકોમ બજારમાં હાલમાં બે મુખ્ય ખેલાડીઓ, રિલાયન્સ જિઓ અને એરટેલ, વચ્ચે જબરદસ્ત હરીફાઈ ચાલી રહી છે.એરટેલની બાદશાહત: એરટેલે માર્કેટમાં પોતાની પકડ મજબૂત રાખતા પ્રતિ મહિને રૂ. ૨૫૬ ના ARPU સાથે ઉદ્યોગમાં અગ્રણી સ્થાન જાળવી રાખ્યું છે, જે ત્રિમાસિક ધોરણે ૨.૨ ટકાનો વધારો દર્શાવે છે. એરટેલે ૧૪ લાખ નવા ગ્રાહકો ઉમેર્યા છે, જેનાથી તેનો વાયરલેસ બેઝ ૩૬.૪૨ કરોડ પર પહોંચ્યો છે. જિઓનો વ્યાપ: બીજી તરફ, મુકેશ અંબાણીની કંપની જિઓનો ARPU ૧.૨ ટકા વધીને રૂ. ૨૧૧.૪ થયો છે. ગ્રાહકોની સંખ્યા વધારવામાં જિઓ સૌથી આગળ રહ્યું છે; આ ક્વાર્ટરમાં જિઓએ ૮૩ લાખ નવા યુઝર્સ જોડ્યા છે, જેનાથી તેનો કુલ ગ્રાહક વર્ગ ૫૦.૬૪ કરોડોના વિશાળ આંકડાને આંબી ગયો છે.

## પિયુષ ગોયલ ઈઝરાયેલ મુલાકાત માટે રવાના વેપાર કરાર પર નજર

નવી દિલ્હી : ભારત અને મધ્ય પૂર્વના વ્યૂહાત્મક ભાગીદાર દેશ વચ્ચેના સંબંધો હવે એક નવા અને સુવર્ણ અધ્યાય તરફ આગળ વધી રહ્યા છે. બંને મિત્ર રાષ્ટ્રો વચ્ચેની આર્થિક, સામાજિક અને તકનીકી મૈત્રીને વધુ ગાઢ અને પરિણામલક્ષી બનાવવાના ઉદ્દેશ્ય સાથે, કેન્દ્ર સરકારના એક વરિષ્ઠ કેબિનેટ મંત્રી આવતીકાલથી ત્રણ દિવસના અત્યંત મહત્વપૂર્ણ સત્તાવાર વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે. આ મુલાકાત માત્ર ઔપચારિક નથી, પરંતુ ભવિષ્યના વ્યાપારી સમીકરણો બદલવા માટે નિર્ણાયક સાબિત થવાની છે, જેમાં વેપાર, રોકાણ અને અત્યાધુનિક ટેકનોલોજીના આદાન-પ્રદાન પર વિશેષ ભાર મુકવામાં આવશે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ ૨૦ થી ૨૨ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન ઈઝરાયેલના પ્રવાસે જઈ રહ્યા છે. બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવશે.

### રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની તૈયારી

# ડિસેમ્બરમાં RBI રેપો રેટ ઘટતા લોન સસ્તી થશે

મુંબઈ : દેશના આમ આદમીથી લઈને ઉદ્યોગ જગત સુધી સૌ કોઈ જેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા તેવા સમાચાર આખરે આવી રહ્યા છે. વધતી મોંઘવારી અને લોનના ઊંચા હપ્તા વચ્ચે પીસાતા મધ્યમ વર્ગ માટે ડિસેમ્બર મહિનો મોટી રાહત લઈને આવે તેવી શક્યતાઓ પ્રબળ બની છે. આગામી સમયમાં મળનારી નાણાકીય નીતિની મહત્વની બેઠકમાં વ્યાજદરોમાં ઘટાડો થવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે, જેના કારણે ઘરનું ઘર લેવાનું સપનું જોતા લોકોમાં પણ આનંદની લાગણી પ્રસરી છે.



આગામી ડિસેમ્બર ૨૦૨૫ની પોલિસી મીટિંગમાં RBI રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. મોર્ગન સ્ટેન્લી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જો રિઝર્વ બેંક આ પગલું ભરશે તો રેપો રેટ ઘટીને ૫.૨૫ ટકા થઈ જશે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) એટલે કે છૂટક મોંઘવારીમાં જોવા મળી રહેલો સતત ઘટાડો છે. મોંઘવારીના આંકડા અપેક્ષા કરતા વધુ સુધરતા હવે મધ્યસ્થ બેંક પાસે વ્યાજદર ઘટાડવા માટે પૂરતી જગ્યા છે. આ નિર્ણયથી હોમ લોન અને કાર લોનના હપ્તામાં સીધો ઘટાડો થવાની આશા છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આ વખતે ખૂબ જ ગણતરીપૂર્વકનું વલણ અપનાવવામાં આવે તેવી વકી છે. અહેવાલ જણાવે છે કે ડિસેમ્બરમાં સંભવિત વ્યાજદર ઘટાડા પછી, મધ્યસ્થ બેંક તરત જ વધુ કાપ મૂકવાને બદલે ’વેઈટ એન્ડ વોચ’ એટલે કે ’રાહ જુઓ અને જુઓ’ની નીતિ અપનાવશે. બેંક હવે પછીના નિર્ણયો સંપૂર્ણપણે આવનારા આંકડાઓ પર આધારિત રાખશે. જેમાં દર, પ્રવાહિતા (લિક્વિડિટી) અને નિયમન જેવી ત્રિ-પાંખિયા નીતિની સંયુક્ત અસરનું મૂલ્યાંકન કરવામાં આવશે. દેશના આર્થિક વિકાસ અને મોંઘવારીના ટ્રેન્ડ પર બારીક નજર રાખ્યા બાદ જ ભવિષ્યના પગલાં લેવામાં આવશે.

## એએમએ દ્વારા "સ્ટ્રેટેજીક લીડરશીપ ફોર વુમન ઈન બિઝનેસ" વિષય પર વિશેષ વાર્તાલાપનું આયોજન

અમદાવાદ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન (એએમએ) દ્વારા ગુરુવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦થી ૭:૪૫ દરમિયાન એએમએ ખાતે ‘ સ્ટ્રેટેજીક લીડરશીપ ફોર વુમન ઈન બિઝનેસ‘ વિષય પર એક વિશેષ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.આ વાર્તાલાપ ડો. સન્ની વાઢવાણિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ફેકલ્ટી ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, જીએલએસ યુનિવર્સિટી દ્વારા સંબોધિત કરવામાં આવશે. આ વાર્તાલાપનો મુખ્ય હેતુ મહિલાઓને વ્યવસાયમાં વ્યૂહાત્મક નેતૃત્વની માનસિકતા થકી સશક્ત બનાવવાનો છે, જેમાં કોર્પોરેટ પડકારોને અસરકારક રીતે કેવી રીતે પાર કરવા અને વરિષ્ઠ હોદ્દાઓ તરફ કારકિર્દીની પ્રગતિને કેવી રીતે વેગ આપવો તે આવરી લેવામાં આવશે. આપને આ કાર્યક્રમમાં જોડાવા હાર્દિક આમંત્રણ છે. વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઈટની મુલાકાત લો: www.amaindia.org

### મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાનું ઘર બનાવવાનું સપનું સિમેન્ટની ઊંચી કિંમતને કારણે અવરોધાય

# રેલવે સિમેન્ટ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટતા મકાન બનાવવું થશે સસ્તું

નવી દિલ્હી : પોતાના ઘરનું સપનું જોતા મધ્યમ વર્ગના પરિવારો માટે એક મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સમગ્ર દેશમાં સિમેન્ટના પરિવહન ખર્ચને ઘટાડવાના ઉદ્દેશ્યથી એક મુખ્ય આર્થિક સુધારાની જાહેરાત કરી છે. રેલવે દ્વારા લેવાયેલા આ નિર્ણયથી માત્ર સિમેન્ટ ઉદ્યોગને જ નહીં, પરંતુ બાંધકામની કિંમતો નીચે આવવાથી સામાન્ય ગ્રાહકને પણ સીધો અને મોટો ફાયદો થશે. આ જાહેરાત બલ્ક સિમેન્ટ ટર્મિનલ પોલિસી અને કન્ટેનર રેટ રેશનાલાઈઝેશન પરના એક કાર્યક્રમ બાદ કરવામાં આવી હતી.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, ‘મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાનું ઘર બનાવવાનું સપનું સિમેન્ટની ઊંચી કિંમતને કારણે અવરોધાય છે. સિમેન્ટના પરિવહન ખર્ચને ઘટાડવાના પ્રયાસરૂપે, રેલવેએ એક મોટો સુધારો કર્યો છે, જેનાથી બલ્ક સિમેન્ટનું પરિવહન હવે ખૂબ સરળ અને સસ્તું બનશે.આ સુધારા હેઠળ રેલવે સિમેન્ટ ટ્રાન્સપોર્ટેશન માટે જીટીકેએમ (GTKM - ગ્રોસ ટન-કિલોમીટર) દીઠ ૯૦ પૈસાનો એક સમાન પરિવહન દર લાગુ કરવામાં આવ્યો છે.જીટીકેએમ નો અર્થ: જીટીકેએમ એ રેલવે અને ફ્રેઈટ ઉદ્યોગમાં પરિવહન શુલ્ક ગણવા માટેનું એક માનક માપ છે.

ગણતરી: ૧ જીટીકેએમ એટલે કે ૧ કિલોમીટર સુધી ૧ ગ્રોસ ટન વજનનું પરિવહન. તેથી, ૯૦ પૈસા પ્રતિ જીટીકેએમ નો અર્થ છે કે દર ૧ ગ્રોસ ટન સિમેન્ટને દર ૧ કિલોમીટર સુધી પહોંચાડવાનો ખર્ચ ૦.૯૦ રૂપિયા થશે.આ દર લાગુ થવાથી ફ્રેઈટ ચાર્જીસમાં એકરૂપતા આવશે, જેનાથી ખર્ચની ગણતરી વધુ સરળ અને પારદર્શક બનશે.મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રેલવેમાં કાર્યક્ષમતા, પારદર્શિતા અને ખર્ચ ઘટાડવા માટે સતત સુધારા કરવામાં આવ્યા છે. સિમેન્ટ બાંધકામનો એક મોટો ઘટક હોવાથી, તેના પરિવહન ખર્ચને ઘટાડવો એ પોષણક્ષમ આવાસ ને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે. આ માટે રેલવેએ બલ્ક સિમેન્ટની અવરજવર માટે ખાસ ટેન્ક કન્ટેનર ડિઝાઈન કર્યું છે.

### ડિજિટલ યુગ | ઈન્ડો અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સનો મોટો દાવો

# 5G અને 6G ટેકનોલોજી વડે ભારત અને અમેરિકાની મૈત્રી અતૂટ બનશે

નવી દિલ્હી : વિશ્વની બે સૌથી મોટી લોકશાહી અને આર્થિક મહાસત્તાઓ હવે ડિજિટલ યુગના નવા સીમાચિહ્નો સર કરવા જઈ રહી છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો હવે પરંપરાગત મુત્સદ્દીગીરીથી આગળ વધીને અત્યાધુનિક સંચાર ક્રાંતિ તરફ વળ્યા છે. રાજધાની દિલ્હીમાં યોજાયેલી એક હાઈ-પ્રોફાઈલ આર્થિક સમિટમાં નિષ્ણાતોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આવનારો સમય નેક્સ્ટ જનરેશન કમ્યુનિકેશનનો રહેશે, જેમાં બંને દેશો ખભેખભા મિલાવીને કામ કરશે. ટેકનોલોજીના આ મહાસંગમથી વૈશ્વિક સ્તરે નવા સમીકરણો રચાશે તે નક્કી છે.ઈન્ડો-અમેરિકન ઈકોનોમિક સમિટની ૨૨મી આવૃત્તિમાં ભારત અને અમેરિકા વચ્ચેના તકનીકી સંબંધો પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઈન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ (IACC) ના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર અરુણ કર્ણએ મીડિયા અહેવાલો સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે ભવિષ્યના સંબંધોનો આધારસ્તંભ 5G અને 6G ટેકનોલોજી રહેશે. તેમણે અમેરિકાને નવીનતમ ટેકનોલોજીનું ’ઈનોવેશન એન્જિન’ ગણાવ્યું હતું. તેમના મતે, અમેરિકા પાસે એઆઈ (AI), મશીન લર્નિંગ (ML), ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ અને 5G થી લઈને 6G સુધીની ટેકનોલોજીમાં મહારત છે. જ્યારે આ અમેરિકન સંશોધનો અને ભારતની અદભૂત પ્રતિભા (ટેલેન્ટ) એક થાય છે, ત્યારે તેનું પરિણામ માત્ર પૂરક નથી હોતું, પરંતુ અનેકગણું વધી જાય છે. આ ’મલ્ટિપ્લિકેટિવ ઈફેક્ટ’ સમગ્ર વિશ્વ માટે ફાયદાકારક સાબિત થશે.

માત્ર ટેકનોલોજી વિકસાવવી એ જ પૂરતું નથી, પરંતુ તેને સુરક્ષિત રીતે લાગુ કરવી એ પણ એટલું જ મહત્વનું છે. સમિટમાં ચર્ચાનો મુખ્ય સૂર એ હતો કે ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી હવે માત્ર વિકાસ પૂરતી સીમિત નથી રહી, પરંતુ તે જવાબદાર ઉપયોગ પર કેન્દ્રિત થઈ છે. અરુણ કર્ણએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, જનરેટિવ AI અને એજન્ટિક AI જેવી ટેકનોલોજીનો લાભ ત્યારે જ મળશે જ્યારે આપણે પક્ષપાત (Bias) દૂર કરીશું, મજબૂત સુરક્ષા વ્યવસ્થા (Guardrails) બનાવીશું અને ડેટાનો સાચો પાયો નાખીશું. બંને દેશોની સરકારો આ દિશામાં ગંભીરતાથી કામ કરી રહી છે અને અનેક ટેકનોલોજી-સંચાલિત પહેલો પર સહયોગ સાધી રહી છે. આ સમિટમાં માત્ર ટેકનોલોજી જ નહીં, પરંતુ આર્થિક પાસાઓ પર પણ મહત્વની ચર્ચાઓ થઈ હતી. સમિટના ચેર અને IACC ના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ લલિત ભસીને એક મહત્વનું નિવેદન આપતા કહ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલું ’ટેરિફ વોર’ (જકાત યુદ્ધ) નજીકના ભવિષ્યમાં હળવું થવાની શક્યતા છે. અમેરિકાનું ભારત પ્રત્યેનું કડક વલણ હવે નરમ પડી રહ્યું છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ અમાસ

# કંપનીઓના કેશ રિઝર્વમાં ઘટાડો જ્યારે દેવામાં વધારો

ભારતની કંપનીઓ પાસે એક તરફ કેશ રિઝર્વ ઘટી રહ્યું છે અને બીજી બાજુ તેમના દેવાબોજમાં વધારો થઈ રહ્યો છે જે કંપનીઓ દ્વારા મૂડીખર્ચ થઈ રહ્યાના સંકેત આપે છે. એક ખાનગી રિસર્ચ પેઢી દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં બીએસઈ૫૦૦ ઈન્ડેક્સમાંની ૩૪૦ કંપનીઓનું કેશ રિઝર્વ ૧લી એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બરના ગાળામાં રૂપિયા ૪૪૦૦૦ કરોડ ઘટી રૂપિયા ૭.૩૬ ટ્રિલિયન પર આવી ગયું છે.આ લિસ્ટેડ કંપનીઓ પાસે ૩૧મી માર્ચ ૨૦૨૫ના અંતે કુલ રૂપિયા ૭.૮૦ ટ્રિલિયન જેટલુ કેશ રિઝર્વ હતું. હાલમાં દેશમાં વ્યાજ દર પ્રમાણમાં નીચા છે અને ફુગાવો પણ ધીમો પડયો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ખાનગી કંપનીઓ દ્વારા કુલ રૂપિયા ૩૪ ટ્રિલિયનનો મૂડીખર્ચ થયો છે જે વાર્ષિક ધોરણે ૨૨.૪૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય કંપનીઓના કેશ રિઝર્વમાં પ્રથમ વખત ઘટાડો જોવા મળ્યો છે. એક તરફ કેશ રિઝર્વમાં ઘટાડો થયો છે જ્યારે બીજી બાજુ આજ ગાળામાં સમીક્ષા હેઠળની કંપનીઓનું દેવુ પણ રૂપિયા ૨.૦૪ ટ્રિલિયન વધી રૂપિયા ૨૯.૧૫ ટ્રિલિયન પહોંચી ગયું છે. દેવાનો આંક પણ છેલ્લા ત્રણ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો છે. હાથમાં રોકડનો ઘટાડો અને બીજી બાજુ બોરોઈંગમાં વધારો કંપનીઓ દ્વારા મૂડીખર્ચ શરૂ કરાયાના સંકેત આપે છે, એમ સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું.માગમાં વૃદ્ધિ, પૂરવઠા સાંકળની સામાન્ય સ્થિતિ તથા નાણાંની સરળ ઉપલબ્ધતાને કારણે કંપનીઓ મૂડીખર્ચ આગળ વધી રહી હોવાનું જણાય છે. વર્તમાન નાણાં વર્ષના પાછલા છ મહિના તથા નાણાં વર્ષ ૨૦૨૭માં પણ મૂડીખર્ચમાં વધારો થવાની રિપોર્ટમાં આશા વ્યકત કરવામાં આવી છે. વર્તમાન નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર વિશ્વના અન્ય દેશોની સરખામણીએ સૌથી ઝડપી નજરે પડી રહ્યો છે. આગામી ૨૦૨૬માં ભારતમાં ઈનફરમેશન ટેકનોલોજી (આઈટી) ખર્ચ ૨૦૨૫ની તુલનાએ ૧૦.૬૦ ટકા ઊંચો રહી ૧૭૬.૩૦ અબજ ડોલર રહેવાની ધારણાં મૂકવામાં આવી છે. ડેટા સેન્ટર્સ તથા સોફટવેરમાં ઈન્વેસ્ટમેન્ટને કારણે આ વૃદ્ધિ જોવા મળી છે એમ ગાર્ટનરના એક રિપોર્ટમાં જણાવાયું હતું.ભારતના વેપારગૃહો કલાઉડ તથા ડિજિટલ ટેકનોલોજીમાં તેમની સ્વિકૃતિને ઝડપી બનાવી રહ્યા છે જેને પરિણામે ૨૦૨૬માં આઈટી ખર્ચમાં મજબૂત વૃદ્ધિ જોવાઈ રહી છે. અનિશ્ચિતતા જે વર્તમાન વર્ષના પ્રારંભમાં જોવા મળી રહી હતી તે હવે અટકી ગઈ છે ત્યારે એઆઈ માળખા માટે વધી રહેલી માગ દેશમાં ડેટા સેન્ટર્સમાં નવા ઈન્વેસ્ટમેન્ટની માગ ઊભી કરશે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ભારતમાં ડેટા સેન્ટર સિસ્ટમ્સ સેગમેન્ટ સૌથી ઊંચો વાર્ષિક વિકાસ દર સાધવાની ધારણાં છે.

### કચ્છમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ

# સંસ્કૃત કંકોત્રીથી કચ્છી યુવાનનો નવો ચીલો : દેવભાષા સંસ્કૃતની તાકાત બતાવી




મહેશ એલ. સોની | નખત્રાણા

જ્યાં દેશભરનું યુવાધન પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાઈ રહ્યું છે અને લગ્ન જેવા પવિત્ર પ્રસંગોમાં અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ જમાવવાની હોડ ચાલી રહી છે, તેવા સમયે ભુજના એક ગરવા બ્રાહ્મણ યુવાને તદ્દન નવો અને પ્રેરક ચીલો પાડ્યો છે. કચ્છના આ યુવાને પોતાની મૂળ ભારતીય સંસ્કૃતિ અને દેવભાષા સંસ્કૃતને જીવંત રાખવાના ઉમદા હેતુથી પોતાના લગ્નની કંકોત્રી સંપૂર્ણપણે સંસ્કૃત ભાષામાં છપાવી છે. આ અસામાન્ય પહેલે આખા કચ્છમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ વધાર્યું છે અને દેશભરના યુવા વર્ગને ભારતીય મૂલ્યો તરફ પાછા વળવાનો સંદેશ આપ્યો છે.

### જાણો સમગ્ર ઘટનાક્રમ: પશ્ચિમી મોહ સામે સાંસ્કૃતિક સંદેશ

અભિષેક ગરવા દ્વારા લેવાયેલો આ નિર્ણય આજની પેઢી માટે એક મોટો પડકાર ફેંકી રહ્યો છે, જેઓ દરેક પ્રસંગે 'ઈમ્પ્રેશન' જમાવવા માટે અંગ્રેજી ભાષાના કાર્ડ્સને પ્રાધાન્ય આપે છે. આ યુવાન અન્ય કોઈ નહીં પણ ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી તેમજ સામાજિક-રાજકીય અગ્રણી એવા નખત્રાણાના રવિભાઈ ગરવાના સુપુત્ર છે. તેમનું નામ ચિરંજીવ (ચિ.) અભિષેક ગરવા છે.

### ભાષાની જનનીનું મહત્વ: અભિષેક ગરવાના વિચારો

આ નવતર પહેલ અંગે યુવાન અભિષેકભાઈએ પોતાનો સ્પષ્ટ અને સચોટ મત વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, 'સંસ્કૃત ભાષાએ દરેક ભાષાની જનની છે અને મૂળ ભાષા સંસ્કૃતમાંથી જ અન્ય તમામ ભાષાઓ ઉદ્દભવી છે. હિન્દુ ધર્મના દરેક પ્રસંગોમાં સંસ્કૃત ભાષાનું અતિ મહત્વ હોય છે. તેમ છતાં, આજની પેઢી તેનાથી વિમુખ થતી જોવા મળી રહી છે, જે ખરેખર દુ:ખદાયક છે.'તેમણે ઉમેર્યું કે આજની પેઢી સંસ્કૃતને ગૌરવ આપવાને બદલે અંગ્રેજી ભાષાને વધુ મહત્વ આપી રહી છે.

# લુણાવાડા એસટી સ્ટેન્ડમાં સ્વચ્છતા અભિયાનની ક્રૂર મશ્કરી



જગદીશ ત્રિવેદી | મહીસાગર

વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં જે સ્વચ્છતા અભિયાનની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, તેના પર મહીસાગર જિલ્લાના હાર્દ સમા લુણાવાડાના મુખ્ય એસટી સ્ટેન્ડમાં જાણે ક્રૂર મશ્કરી થઈ રહી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. લુણાવાડાનું એસટી સ્ટેન્ડ દિનભર અસંખ્ય એસટી બસોની અવરજવરથી ધમધમતું રહે છે અને હજારો મુસાફર જનતા અહીંથી પસાર થાય છે. પરંતુ, આટલા વ્યસ્ત અને મહત્વપૂર્ણ વિસ્તારમાં સ્વચ્છતાના નામે મીંડું જોવા મળી રહ્યું છે, જેના કારણે પ્રવાસીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.લુણાવાડા એસટી સ્ટેન્ડની અંદર જ માથાફાડ દુર્ગંધ પ્રસરાવતો કચરાનો એક મસમોટો ઢગલો મુસાફર જનતાને હેરાન કરી મૂકેલ છે. આ કચરાનો ઢગ ખાસ કરીને શૌચાલયની બિલકુલ બાજુમાં જોવા મળી રહ્યો છે.

### મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનો અનોખો પ્રયાસ

# અમદાવાદ બુક ફેસ્ટિવલ બાળ વાર્તાનું ધામ




(એજન્સી) અમદાવાદ | તા. 19

જ્ઞાન, સાહિત્ય અને સંસ્કૃતિના સંગમ સમા અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ના ત્રીજા દિવસે, તા. ૧૫-૧૧-૨૦૨૫ના રોજ, બાળ કલાકારોની વાર્તા કથન પ્રતિભાનો અદભૂત ઝળકાટ જોવા મળ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી તેમજ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના પ્રતિષ્ઠિત શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી આ વાર્તા કથન સ્પર્ધા યુવા પેઢીમાં ભારતીય સંસ્કાર અને વાર્તા દ્વારા શિક્ષણના મહત્વને ઉજાગર કરનારી બની રહી. ૧૯ જેટલા તેજસ્વી બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેઓ ખાનગી અને સ્કૂલ બોર્ડની શાળાઓમાંથી શ્રેષ્ઠ પ્રતિભાશાળી હતા. આ અનોખા મહોત્સવે સાબિત કર્યું કે વાર્તાકથન એ માત્ર મનોરંજન નહીં, પરંતુ બાળકોની આંતરિક શક્તિને પોષવાનું શક્તિશાળી માધ્યમ છે.આ સ્પર્ધાને વધુ આકર્ષક અને બાળકો માટે યાદગાર બનાવવા માટે એક ખાસ પ્રકારની પ્રસ્તુતિ શૈલી અપનાવવામાં આવી હતી.

# ખનીજ માફિયા બેફામ તંત્ર ઘોર નિદ્રામાં સેટિંગનું રાજ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં હાલમાં કાયદો અને વ્યવસ્થા કરતાં 'સેટિંગ'નું રાજ ખુલ્લેઆમ ચાલતું હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. જિલ્લામાં કુદરતી સંપત્તિ અને ખનીજોની ખુલ્લેઆમ લૂંટ ચાલી રહી છે, અને આ સમગ્ર કાળો કારોબાર જિલ્લા ખાણ ખનીજ વિભાગની સીધી 'મીઠી નજર' હેઠળ થઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપોએ જોર પકડ્યું છે. ખનીજ માફિયા દિવસ-રાત જોયા વગર ગેરકાયદેસર ખનન કરીને સરકારી તિજોરીને કરોડોનો ચૂનો ચોપડી રહ્યા છે, જ્યારે તંત્ર જાણે 'કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું' હોય તેવી સ્થિતિ છે.

મળતી માહિતી મુજબ, મહીસાગર જિલ્લાના બાલાસિનોર, વીરપુર અને લુણાવાડા જેવા વિવિધ તાલુકાઓના ડુંગરાળ વિસ્તારોમાં ખનીજ માફિયાઓ દ્વારા જેસીબી, હિટાચી મશીનોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ થઈ રહી છે. રાત્રિના સમયે ખનીજ ચોરીનું પ્રમાણ ખૂબ જ વધી જાય છે. ચેકિંગના અભાવે રોયલ્ટી પાસ વગરના ઓવરલોડ ડમ્પરો બેરોકટોક પસાર થાય છે, જેના કારણે માત્ર ખનીજ ચોરી જ નહીં, પણ ગંભીર અકસ્માતોનું જોખમ પણ વધે છે.

### બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ગલોલીવાસણા શાળાનો ડંકો

# માયાબેન ઠાકોર અને વિવેકજી ઠાકોરને અભિનંદન શિક્ષક સંજયકુમાર પટેલના માર્ગદર્શનનું ફળ



નિતીન ઠાકર | ચાણસ્મા

ગુજરાત કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (GCERT), ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), પાટણ ડાયટ માર્ગદર્શિત, ચાણસ્મા તાલુકા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન (ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન)માં ગલોલીવાસણા પ્રાથમિક શાળાએ સિદ્ધિનો ડંકો વગાડ્યો છે. ગત તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મંગળવારે રણાસણ ગામે બી.આર.સી. ભવન ચાણસ્મા દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં ગલોલીવાસણા શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

બાળકોમાં વિજ્ઞાન અને ગણિત પ્રત્યે જિજ્ઞાસા જગાવવા માટે આયોજિત આ વાર્ષિક મેળામાં વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર પોતાની કૃતિઓ રજૂ કરી હતી. ગલોલીવાસણા શાળાના ધોરણ ૮માં અભ્યાસ કરતા બાળ વૈજ્ઞાનિકો માયાબેન દિનેશજી ઠાકોર અને વિવેકજી ગીલાજી ઠાકોરએ તેમના વિશિષ્ટ પ્રોજેક્ટ દ્વારા નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા.

# કે.બી. જનરલ હોસ્પિટલ ખાતે ચામડી રોગ નિદાન કેમ્પ



### નિષ્ણાત ડૉક્ટરોની ટીમે આપી સેવા : સૌથી વધુ દર્દીઓએ લાભ લીધો

નીતિન ઠાકર | ચાણસ્મા

વર્તમાન સમયમાં ચામડીના રોગોનું પ્રમાણ વધતું જાય છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે અને નજીવી ફીમાં નિષ્ણાત તબીબી સેવા મળી રહે તેવા ઉમદા હેતુથી ચાણસ્મા ખાતે આવેલી મેડિકલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત કે.બી. જનરલ હોસ્પિટલ દ્વારા એક વિશેષ ચામડી રોગ નિદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્યલક્ષી કેમ્પમાં ૧૦૦થી વધુ દર્દીઓએ ચર્મરોગ અંતર્ગત નિદાન કરાવીને રાહત અનુભવી હતી. આ પ્રકારના નિદાન કેમ્પ થકી સ્થાનિકોને મોટા શહેરો સુધી લાંબા થવામાંથી મુક્તિ મળી છે.આ કેમ્પનું સૌથી મોટું આકર્ષણ એ રહ્યું કે, દર્દીઓને નજીવી કન્સલ્ટિંગ ફીમાં અત્યંત ઉચ્ચ ગુણવત્તાની તબીબી સલાહ મળી હતી.

# જૂનાગઢમાં ભગવદ ગીતા અને સુભાષિત કંઠપાઠની સમીક્ષા બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

વર્તમાન સમયમાં જ્યારે લોકો ઝડપથી પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ વળતા જાય છે અને આપણી દેવ વાણી એટલે કે મુખ્ય ભાષા સંસ્કૃત વિસરાતી જાય છે, ત્યારે આ ભાષા પ્રત્યે બાળકોમાં અને મોટેરાઓમાં અભિરુચિ કેળવાય અને આપણી ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે તે ઉમદા હેતુથી જૂનાગઢ જિલ્લા કક્ષાના ભગવદ ગીતા યોજના અંતર્ગત ગીતાંશ કંઠપાઠ અને શત સુભાષિત કંઠપાઠ યોજનાની સમીક્ષા બેઠકનું આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષાના વિકાસ, સંવર્ધન અને ગૌરવ વધારવાના ઉમદા હેતુ સાથે શ્રીમદ્ ભગવદગીતા કંઠપાઠ યોજના અને શત સુભાષિત કંઠપાઠ યોજના કાર્યરત કરવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લાની શ્રીમદ્ ભગવદગીતા યોજના અને સુભાષિત કંઠપાઠ યોજનાઓમાં ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓ માટે તાલુકાવાર સમીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા હતા, જ્યાં બહોળી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ શહેર, જૂનાગઢ ગ્રામ્ય, વંથલી, ભેસાણ: આ તાલુકાઓ માટે જાવિયા સ્કૂલિંગ સિસ્ટમ- જૂનાગઢ, શ્રીનાથજી પાર્ક, ઝાંઝરડા ગામ ખાતે આયોજન કરાયું હતું.

# જૂનાગઢમાં જાગૃતિ અભિયાનનો ધમધમાટ : યુવાનોએ લીધા દ્રઢ શપથ




નરેન્દ્ર દવે | જૂનાગઢ

આજે જ્યારે દેશભરમાં માદક દ્રવ્યોનું દુષણ યુવા પેઢીના ભવિષ્ય પર ગંભીર ખતરો ઊભો કરી રહ્યું છે, ત્યારે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. આ જ ધ્યેય સાથે, ગૌરવશાળી કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પશુપાલન પોલીટેક્નીક અને વેટરનરી કોલેજ, જૂનાગઢના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ દ્વારા એક ઉમદા પહેલ કરવામાં આવી છે. દેશને નશા મુક્ત ભારત બનાવવાની દિશામાં શરૂ કરાયેલા અભિયાનની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે, ગત તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, સંસ્થાના પરિસરમાં વિવિધ જાગૃતિ સભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને સમાજમાંથી નશાખોરીના દૂષણને જડમૂળથી નાબૂદ કરવાના દ્રઢ સંકલ્પ લીધા હતા.સકારાત્મકતા અને દ્રઢ નિશ્ચયના વાતાવરણમાં, સમગ્ર કાર્યક્રમનો પ્રારંભ એક અસરકારક શપથ સમારોહથી થયો હતો. પોલિટેકનિકના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક કુમારી નેમિષાબેન કુવડિયાએ આગેવાની લઈને સંસ્થાના તમામ સ્વયંસેવકો અને સ્ટાફગણને 'નશા મુક્ત ભારત અભિયાન'ની ગરિમાપૂર્ણ શપથ લેવડાવી હતી.

# માર્ગ નવીનીકરણ: બનાસકાંઠાના ૫ તાલુકાના રસ્તા બન્યા સુગમ

## અમીરગઢ કાંકરેજ સહિત ૫ તાલુકાને આવરી લીધા : શાળા અને ગામડાને જોડતા રસ્તા થયા સહેલા

(એજન્સી) પાલનપુર | તા. 19

વિકાસની ગતિમાં માર્ગોનું મહત્વ પાયાનું હોય છે, અને આ વાતને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન પંચાયત વિભાગ, પાલનપુર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને તાત્કાલિક પગલું ભરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના પાંચ મુખ્ય તાલુકાઓ - વડગામ, લાખણી, થરાદ, કાંકરેજ અને અમીરગઢ - હેઠળના વિવિધ રસ્તાઓના નવીનીકરણનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું છે. આ નિર્ણયથી છેલ્લા કેટલાક સમયથી ખરાબ માર્ગોને કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહેલા લાખો નાગરિકોને મોટી રાહત મળશે.

છેલ્લા કેટલાક સમયથી આ પ્રદેશના માર્ગો પર ભારે વાહન વ્યવહાર અને સતત વરસાદના પરિણામે મોટા ખાડાઓ પડી ગયા હતા. આ ખરાબ રસ્તાઓને કારણે વાહનચાલકોને મુસાફરીમાં ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, તેમજ અકસ્માતોનો ભય પણ વધ્યો હતો. સ્થાનિક નાગરિકોની રજૂઆતો અને જાહેર સલામતીની સ્થિતિને ધ્યાનમાં રાખીને, માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા કોઈપણ વિલંબ કર્યા વિના તાત્કાલિક ધોરણે માર્ગનું સમારકામ અને નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

આ કામગીરી હેઠળ માત્ર એક કે બે નહીં, પરંતુ પાંચ તાલુકાના ૧૬થી વધુ ગામને એકબીજા સાથે જોડતા મુખ્ય રસ્તાઓનો સમાવેશ થાય છે. મહત્વનું છે કે, આ તાલુકાના રસ્તાઓ માત્ર ગામડાઓને જ નહીં, પરંતુ અનેક શાળાઓને પણ સીધા જોડે છે.

# વ્હેલ શાર્ક દીકરી: ૧૦૦૦ મહાકાય માછલીઓને માછીમારોનું અભયદાન

## મોરારિબાપુના એક સંદેશથી સૌરાષ્ટ્રના દરિયામાં મોટી જાગૃતિ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દુનિયાની સૌથી મોટી માછલી અને ગુજરાતના દરિયાની મહેમાન એવી વ્હેલ શાર્કના સંરક્ષણ ક્ષેત્રે સૌરાષ્ટ્રના માછીમારોએ એક અવિશ્વસનીય સિદ્ધિ હાંસલ કરી છે. પ્રસવ માટે આપણા દરિયામાં માવતરે આવતી આ મહાકાય વ્હેલ શાર્ક માછલીઓનું શિકાર કરવાનું હવે સંપૂર્ણપણે બંધ થયું છે, એટલું જ નહીં, પરંતુ માછીમારોએ ૧૦૦૦ જેટલી વ્હેલ શાર્ક માછલીઓને પોતાની જાળમાંથી મુક્ત કરીને તેમને અભયદાન આપીને એક નવો અધ્યાય રચ્યો છે.

મોરારિબાપુનો સંદેશ અને જાગૃતિનો પ્રારંભ

સૌરાષ્ટ્રના દરિયામાં આવેલી આ ક્રાંતિનો શ્રેય રામાયણી પૂ. મોરારિબાપુના સંદેશાને જાય છે. પૂજ્ય બાપુએ ભાવપૂર્ણ સંદેશ પ્રસરાવ્યો હતો કે, 'વ્હેલ શાર્ક માછલી આપણી દીકરી બનીને આપણા દરિયામાં માવતરે આણું આવે છે, એનો અને એના બચ્ચાનો શિકાર ન કરાય.' આ હૃદયસ્પર્શી સંદેશને સાગરખેડૂઓએ ઝીલી લીધો હતો. આ સંદેશા બાદ આજ સુધી એક પણ વ્હેલ શાર્ક માછલીનો શિકાર થયો નથી, જે એક મોટી જાગૃતિનું પ્રતીક છે.

# શ્રી હસ્તેશ્વર સ્કૂલનું ગૌરવ: NEET માં ૫૯૮ માર્કસ સાથે મેડિકલમાં પ્રવેશ

દિપક રાવલ | દાહોદ-લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે આવેલી શ્રી હસ્તેશ્વર સ્કૂલની વિદ્યાર્થીની ચૌહાણ જયવંતીબેન નરેન્દ્રસિંહએ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરીને શાળા અને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી જયવંતીબેને વર્ષ ૨૦૨૪-૨૫ ની NEET ની પરીક્ષામાં ૫૯૮ માર્કસ સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ જબરજસ્ત પરિણામના આધારે તેમને પ્રતિષ્ઠિત બી જે મેડિકલ કોલેજ, અમદાવાદ ખાતે MBBS અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો છે. જયવંતીબેનની આ સિદ્ધિ બદલ તેમને સન્માનિત કરવા માટે દાહોદ જીલ્લા કોળી કર્મચારી મંડળ દ્વારા સિંગવડ ખાતે તૃતીય તેજસ્વી વિદ્યાર્થી સરસ્વતી રત્ન સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

### સરહદી ગામોના વિદ્યાર્થીઓને ઘરથી શાળા સુધી અપ-ડાઉન : કુબેરભાઈ ડીંડોર અને બાબુભાઈ પટેલ દ્વારા લીલી ઝંડી

# આદિજાતિ વિભાગની બોર્ડર વિલેજ યોજના હેઠળ બસ સેવાનો શુભારંભ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના સરહદી વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા અને તેમને સરળતાથી શાળા સુધી પહોંચાડવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા એક મહત્વકાંક્ષી પહેલનો શુભારંભ કરવામાં આવ્યો છે. વિભાગની 'બોર્ડર વિલેજ યોજના' અંતર્ગત આજે લુણાવાડા એસ.ટી. સ્ટેન્ડ ખાતેથી સરહદી ગામોના વિદ્યાર્થીઓ માટે વિશેષ બસ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો.

આ નવી શરૂ થયેલી બસ સેવાનો મુખ્ય હેતુ એ છે કે, સરહદી ગામોમાં રહેતા વિદ્યાર્થીઓ તેમના ઘરેથી જ શાળા સુધી સરળતાથી અપ-ડાઉન કરી શકે. અત્યાર સુધી સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે દૂરના સ્થળોએ જવા માટે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, તેમાંથી તેમને મોટી રાહત મળશે.

### બે નર અને એક માદા સિંહના મનભરીને દર્શન

# ગુજરાતના વર્લ્ડ ફેમસ સાવજોને નિહાળી કંગના રનૌત ખુશ




કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દુનિયામાં એશિયાટિક સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન એટલે ગુજરાતનું ગૌરવવંતુ ગીર જંગલ. અહીં હાલ ૮૯૧થી વધુ સિંહો વસે છે, જેની ખ્યાતિ વિશ્વભરમાં ફેલાયેલી છે. આ વર્લ્ડ ફેમસ સાવજોની એક ઝલક મેળવવા માટે દેશ-વિદેશના પ્રવાસીઓ સાથે બોલિવુડના અનેક સેલિબ્રિટીઝની લાંબી કતાર લાગે છે. આ કડીમાં, બોલિવુડની બોલ્ડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપના સાંસદ કંગના રનૌતે ગત સવારે પોતાના લાડકા ભાણીયા પૃથ્વી સાથે સાસણ ગીરની મુલાકાત લીધી હતી.

### સિંહ દર્શનનો અવિસ્મરણીય અનુભવ કેમેરામાં કેદ

કંગના રનૌતે સવારે ૬:૧૫ કલાકે સિંહ સદનથી ખુલ્લી જીપ્સીમાં જંગલ સફારી શરૂ કરી હતી. તેમણે બે કલાકથી વધુ સમય સુધી ગીરના ગીચ જંગલમાં ફરીને બે નર સિંહ તેમજ એક માદા સિંહના મનભરીને દર્શન કર્યા હતા. અભિનેત્રી માટે આ અનુભવ ખરેખર અવિસ્મરણીય રહ્યો હતો, જેને તેમણે તુરંત પોતાના કેમેરામાં કેદ કર્યો હતો.

કંગનાએ તરત જ આ અનુભવને પોતાના સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ગુજરાતના વખાણ કરતા તેમણે લખ્યું: 'ગુજરાત ખૂબ જ સુંદર છે.

### જમીનની ફળદ્રુપતા જાળવવાનો અનુરોધ

# આત્મા પ્રોજેક્ટ દ્વારા મઠ ડોડીયા ગામે કિસાન ગોષ્ઠિનું આયોજન




જગદીશ ત્રિવેદી | મહીસાગર

ખેડૂત કલ્યાણ અને કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર માટે દેશભરમાં સતત કાર્યરત એવી એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) દ્વારા મહીસાગર જિલ્લામાં એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આત્મા પ્રોજેક્ટ મહીસાગર અંતર્ગત કડાણા તાલુકાના મઠ ડોડીયા ગામે ખેડૂતો માટે એક સફળ કિસાન ગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને તેમની જમીનની ફળદ્રુપતા જાળવવા અને સમગ્ર જીવસૃષ્ટિનું આરોગ્ય જળવાઈ રહે તે માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે જાગૃત કરવાનો હતો. આ પ્રયાસમાં મઠ અને આસપાસના ગામોના ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લઈને કૃષિ ક્ષેત્રે નવીન જાણકારી મેળવી હતી.

કિસાન ગોષ્ઠિ કાર્યક્રમમાં ઉપસ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના અપનાવવાથી થતા ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે ખેતી ક્ષેત્રે થયેલા નવા સંશોધનો તેમજ બાગાયત અને પશુપાલન ક્ષેત્રેની ઉપયોગી જાણકારી પણ ખેડૂતો સુધી પહોંચાડી હતી.

## ક્વિક ન્યૂઝ

### ચાણસ્મા પોલીસની મોટી સફળતા: ૨૦ વર્ષથી નાસતા ફરતા અપહરણ-ચોરીના આરોપી ઝડપાયા

નિતીન ઠાકર | ચાણસ્મા

પોલીસ તંત્ર દ્વારા ગુનાખોરી અટકાવવા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાના અભિયાનના ભાગરૂપે, ચાણસ્મા પોલીસને એક મોટી સફળતા મળી છે. છેલ્લા ૨૦ વર્ષથી ચોરી અને અપહરણના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓને પોલીસે અમદાવાદ ખાતેથી ઝડપી પાડ્યા છે.

રેન્જ આઈજી ચિરાગ કોરડીયાની સ્પષ્ટ સૂચનાઓ દ્વારા વિસ્તારના ચોરી, અપહરણ સહિતના ગંભીર ગુનાના આરોપીઓને ઝડપી પાડી કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યો હતો. આ સૂચનાના પગલે એસ પી વી. કે. નાયીના સીધા માર્ગદર્શન નીચે ચાણસ્મા પી.આઈ આર. એચ. સોલંકીની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી.

### અડીયા-મીઠિધારીયાલ રોડનું રૂ. ૧૩૧૦ લાખના ખર્ચે મજબૂતીકરણ કાર્ય પ્રગતિ હેઠળ

નીતિન ઠાકર | ચાણસ્મા

પાટણ જિલ્લાના નાગરિકોની સુવિધામાં વધારો કરવાના ઉમદા હેતુથી, માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ, પાટણ દ્વારા એક મહત્ત્વપૂર્ણ માર્ગ મજબૂતીકરણ પ્રોજેક્ટ પર કામગીરી હાથ ધરવામાં આવી છે. હારીજ પેટા વિભાગ હસ્તક આવતા ૭ વર્ષ પૂર્ણ થયેલ એમ.ડી.આર./ઓ.ડી.આર.ને સમતલ કરવાના ભાગરૂપે અડીયા-ચંદ્રમાણા-સેવાળા-ચાણસ્મા-મંડલોપ-મણીયારી-મીઠિધારીયાલ રોડ કિ.મી. ૦/૦ થી ૨૭/૧૪૦ સુધીના મજબૂતીકરણનું કાર્ય પ્રગતિ હેઠળ છે.આ સદર પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા તા. ૧૬/૧૨/૨૦૨૪ના પત્ર મારફતે રૂ. ૧૩૧૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે પીએમ કિસાન સન્માન નિધિ કાર્યક્રમ યોજાયો

કમલેશ પટેલ | સંખેડા

ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી યોજના 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' અંતર્ગત હપ્તા વિતરણનો કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તામિલનાડુના કોઈમ્બતુર ખાતેથી પી.એમ.કિસાન સન્માનનિધિનો ૨૧મો હપ્તો રીલીઝ કર્યો હતો.આ કાર્યક્રમ સંખેડાના માનનીય ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવી સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં ૨૦૦થી વધારે ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વડાશ્રી બી.એમ. મહેતાએ ખેડૂતોને પીએમ કિસાન સમ્માન નિધિ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારની અન્ય યોજનાઓ ખેડૂત માટે કેવી રીતે લાભકારી થાય તે વિશે માર્ગદર્શન આપી વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

### જૂનાગઢ મહાનગરપાલિકામાં GPMC એક્ટ પર તાલીમ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ મહાનગરપાલિકામાં તમામ વહિવટી પ્રક્રિયાઓને સરળ, સુલભ, પારદર્શક અને ઝડપી બનાવવાના તેમજ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓના જ્ઞાન અને આવડતમાં વધારો કરવાના શુભાશયથી એક મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરી વિકાસ વર્ષ -૨૦૨૫ અંતર્ગત આજ રોજ, તા. ૧૯/૧૧/૨૦૨૫ને બુધવારના રોજ, પંડિત દીન દયાળ ઉપાધ્યાય સભા ખંડ, મહાનગર સેવા સદન, જૂનાગઢ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં નિવૃત નાયબ સચિવશ્રી પરાગભાઈ શુક્લ દ્વારા અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જી.પી. એમ.સી. એક્ટ (ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ) અને તેની આનુસંગિક કચેરી કાર્યપદ્ધતિ વિષે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વડગામમાં 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'નો ભવ્ય પ્રારંભ : એકતા શપથ દ્વારા રાષ્ટ્ર પ્રત્યે પ્રતિબદ્ધતા

# લોખંડી પુરુષ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ



**એક ભારત-આત્મનિર્ભર ભારત: એકતાનો ગુંજ**

આ પદયાત્રાનું મુખ્ય આયોજન દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રનિર્માણમાં સરદાર સાહેબના અવિસ્મરણીય યોગદાનને બિરદાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અવસરે અધિકારીશ્રીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નગરજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

પાલનપુર:
ભારતના ઈતિહાસના અમર શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભારત સરકાર દ્વારા **'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'**નું રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે, બનાસકાંઠા જિલ્લાના વડગામ વિધાનસભા ક્ષેત્ર હેઠળ એક ભવ્ય અને પ્રેરણાદાયી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા એકતા અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાના મજબૂત પ્રતીક તરીકે ઉભરી આવી હતી.

આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં કચ્છના સાંસદશ્રી વિનોદ ચાવડા અને પાટણના સાંસદશ્રી ભરતસિંહ ડાભીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેણે આ પદયાત્રાને વધુ ગૌરવવંતુ બનાવ્યું હતું. તેમની સાથે બહોળી સંખ્યામાં નાગરિકો સહભાગી બન્યા હતા અને વડગામમાં રાષ્ટ્રભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

પદયાત્રાનો પ્રારંભ મગરવાડા ખાતે આવેલા ઐતિહાસિક મણિભદ્ર વીર મંદિરથી કરવામાં આવ્યો હતો, જેણે આ યાત્રાને ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ પણ આપ્યું. પદયાત્રાની પૂર્ણાહુતિ નળાસર ખાતે કરવામાં આવી હતી. સમગ્ર માર્ગ દરમિયાન, બંને સાંસદશ્રીઓની આગેવાનીમાં પદયાત્રીઓએ 'એક ભારત, આત્મનિર્ભર ભારત' અને રાષ્ટ્રીય એકતાના સૂત્રોચ્ચાર કરીને વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાતગરિકોએ એકતા શપથ લઈને રાષ્ટ્ર પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

**રચનાત્મક પ્રવૃત્તિઓથી જાગૃતિ**

સરદાર પટેલના આદર્શોને યુવાનોમાં પ્રેરિત કરવાના હેતુથી, પદયાત્રાની સાથે સાથે વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ જાગૃતિ શિબિર અને યોગ શિબિર જેવા કાર્યક્રમો દ્વારા સામાજિક અને સ્વાસ્થ્ય જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આનાથી આ યુનિટી માર્ચ માત્ર રાજકીય નહીં પણ સામાજિક ચેતનાનો કાર્યક્રમ પણ બની રહી હતી.આ રાષ્ટ્રીય કક્ષાના પદયાત્રા પ્રસંગે પાલનપુર પ્રાંત અધિકારીશ્રી કમલ ચૌધરી સહિત અન્ય અધિકારીશ્રીઓ, મહાનુભાવો, આગેવાનો અને સ્થાનિક નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વડગામ ખાતે યોજાયેલી આ ભવ્ય પદયાત્રાએ દર્શાવ્યું કે, સરદાર@૧૫૦ યુનિટી માર્ચ થકી સરદાર સાહેબનો એકતાનો સંદેશ ગુજરાતના ખૂણે-ખૂણે પહોંચી રહ્યો છે.

### કાંકરેજમાં એકતાનો ગુંજ : થરાથી ઓગડ દેવ દરબાર સુધી પદયાત્રા

**સ્વચ્છતા અને વ્યસનમુક્તિ જાગૃતિ શિબિર**

પાલનપુર:
ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત, રાષ્ટ્રને એકતાંતણે બાંધનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભારત સરકાર દ્વારા એક રાષ્ટ્રવ્યાપી અભિયાન **'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'**નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રવ્યાપી સંકલ્પનાના ભાગરૂપે, બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ ખાતે ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જે દેશની એકતા અને અખંડિતતાનું પ્રતીક બની રહ્યું.આ ભવ્ય આયોજન રાજ્યસભાના સાંસદશ્રી બાબુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. કાંકરેજ વિધાનસભા હેઠળની આ પદયાત્રામાં તમામ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લઈને રાષ્ટ્ર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, જેના કારણે સમગ્ર પંથકમાં રાષ્ટ્રભાવનાનો પ્રબળ સંદેશ ગુંજી ઉઠ્યો હતો.સરદાર સાહેબના દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રનિર્માણમાં આપેલા અદ્વિતીય યોગદાનને બિરદાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ પદયાત્રામાં યુવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નગરજનો બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પદયાત્રાનો પ્રારંભ ઐતિહાસિક વાળીનાથ મહાદેવ મંદિર, થરા ખાતેથી કરવામાં આવ્યો હતો.

## લોહપુરુષની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી



જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લાના બાલાસિનોર વિધાનસભા વિસ્તારમાં આજે અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે એક અદભૂત અને ભવ્ય 'યુનિટી માર્ચ' (એકતા યાત્રા)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુનિટી માર્ચ દ્વારા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો, જેના પગલે સમગ્ર પંથકમાં રાષ્ટ્રભાવનાનો માહોલ સર્જાયો હતો.સરદાર પટેલ ૧૫૦ જન્મજયંતિના આ ભવ્ય કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ અને સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

### રવાપર ગામ લોકો અનિયમિત પાણી પ્રશ્ને કંટાળ્યા: ૨૦ નવેમ્બરે દયાપર ખાતે આંદોલન

મહેશ એલ. સોની | નખત્રાણા

છેલ્લા કેટલાક સમયથી નખત્રાણા તાલુકાના રવાપર ગામ તેમજ આજુબાજુના ગામોમાં પાણી વિતરણ તદ્દન ખોરવાઈ ચૂક્યું છે. વારંવાર સત્તાધીશોને રજૂઆત કરવા છતાં પાણીની પરિસ્થિતિ યથાવત રહેતાં કંટાળેલા ગ્રામજનોએ આખરે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાનો નિર્ણય કર્યો છે.આ પ્રશ્ને ચર્ચા કરવા માટે આજે, ૧૯ નવેમ્બરના રોજ, યુવા સરપંચ પરેશભાઈ રૂપારેલની અધ્યક્ષતામાં ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગ્રામજનોએ સર્વાનુમતે પાણીના પ્રશ્નના ઉકેલ માટે લડત આપવાનો નિર્ણય લીધો હતો.ગ્રામ સભાના નિર્ણય મુજબ, ૨૦ નવેમ્બરના રોજ દયાપર ખાતે આવેદન પત્ર આપવામાં આવશે. આ ઉપરાંત, જ્યાં સુધી પાણી વિતરણનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલાય નહીં, ત્યાં સુધી આંદોલન, ધરણા અને તાળાબંધી સહિતના કાર્યક્રમો કરવામાં આવશે.નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, જ્યાં સુધી પાણી વિતરણ પ્રશ્નનો કાયમી ઉકેલ નહીં આવે, ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે.લડતને વધુ અસરકારક બનાવવા માટે, ગ્રામજનોએ સમાજના સભ્યો ધરાવતી બાવીસ સભ્યોની એક સમિતિની રચના કરી હતી. ગ્રામ પંચાયત દ્વારા તાજેતરમાં નવા બોરનું ખાતમુર્હૂત પણ કરવામાં આવ્યું છે, પરંતુ હાલની અનિયમિત પરિસ્થિતિને કારણે ગ્રામજનોએ ઉકેલ ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો છે.

### ધ્રોલના ખેંગારકામાં જંગલી જાનવરે એક સાથે ૨૨ ઘેટાંનો ભોગ લીધો

**માલધારી પરિવાર પર આભ તૂટી પડ્યું: યોગ્ય સરકારી સહાયની તાતી જરૂર : પંથકમાં ભય અને શોકનો માહોલ છવાઈ ગયો**

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધ્રોલ તાલુકાના ખેંગારકા ગામમાં ગત મોડી રાત્રે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના બની છે. એક ખૂંખાર જંગલી જાનવરે માલધારી પરિવારના પશુધન પર ઘાતકી હુમલો કરીને ૨૨ જેટલા ઘેટાંનો ભોગ લીધો છે. આ બનાવથી સમગ્ર ખેંગારકા પંથકમાં ભય અને શોકનો માહોલ ફેલાઈ ગયો છે.

ખેંગારકા નજીક રહેતા માલધારી ભીખાભાઈ દેવાભાઈ ઠુંગાના વાડામાં ગત રાત્રે અચાનક કોઈક જંગલી જાનવર ત્રાટક્યું હતું. રાત્રિના ઘોર અંધારામાં આ જાનવરે વાડામાં રહેલા નિર્દોષ ઘેટાં પર ઘાતકી હુમલો કર્યો હતો.

સવારના સમયે જ્યારે ભીખાભાઈ અને તેમના પરિવારે વાડામાં જઈને જોયું, ત્યારે ૨૦ થી ૨૨ જેટલા ઘેટાંના મૃતદેહ વેરવિખેર પડ્યા હતા. પશુપાલન પર નિર્ભર રહેતા ગરીબ માલધારી પરિવાર માટે આ એકસાથે ૨૨ ઘેટાં ગુમાવવાની ઘટના માત્ર આઘાતજનક જ નહીં, પણ લાખો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન છે. ભીખાભાઈ ઠુંગા અને તેમનો પરિવાર પોતાના મુખ્ય આવકનો સ્ત્રોત ગુમાવતાં ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

### માળીયાહાટીનાની વડીયા પે સેન્ટર શાળા બની પ્લાસ્ટિક મુક્ત

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાની વડીયા પે સેન્ટર શાળાએ એક પ્રશંસનીય પહેલ કરીને સમગ્ર રાજ્ય માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. આ શાળા હવે સત્તાવાર રીતે પ્લાસ્ટિક મુક્ત શાળા બની છે, અને આ સફળતાનો શ્રેય શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક શ્રી કિંજલબેન રાઠોડ અને વિદ્યાર્થીઓના સંયુક્ત પ્રયાસોને જાય છે.શિક્ષિકા કિંજલબેન રાઠોડે છેલ્લા એક વર્ષથી 'મારી શાળા પ્લાસ્ટિક મુક્ત શાળા' બનાવવાનું અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાનમાં શાળાના આચાર્યશ્રી હમીરભાઈ સિંધવ અને સમગ્ર સ્ટાફે પૂરો સહયોગ આપ્યો, જેના કારણે આ અભિયાન વેગવંતુ બન્યું. વડીયા પે સેન્ટર શાળાના ધોરણ ૪ થી ૮ ના ૭૦ જેટલા બાળકોએ આ અભિયાનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.આ વિદ્યાર્થીઓએ કુલ ૧૧૦૦ જેટલી ઈકો બ્રિક્સ બોટલ ભેગી કરી હતી. આ ઈકો બ્રિક્સ બોટલ એટલે કે પ્લાસ્ટિકની બોટલમાં નકામું પોલીથીન પ્લાસ્ટિક ભરીને તેને બ્લોક સ્વરૂપ આપવું.

**શિક્ષિકા કિંજલબેન રાઠોડને 'વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડ' એવોર્ડ**

### SIR કામગીરી ઝડપથી પૂર્ણ કરવા દાહોદ જિલ્લા કલેક્ટરને આદેશ

દિપક રાવલ | દાહોદ

ભારત ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજ્યમાં ચાલી રહેલી **SIR (Special Summary Revision)**ની કામગીરીની સમીક્ષા કરવાના ભાગરૂપે દાહોદ કલેક્ટર કચેરી ખાતે આજે વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત ચૂંટણી પંચના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ કોન્ફરન્સમાં દાહોદ જિલ્લામાં ચાલી રહેલી કામગીરીની ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણી પંચ દ્વારા જિલ્લાના તમામ કલેક્ટરશ્રીઓને SIRની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. સાથે જ, કામગીરી દરમિયાન અધિકારીઓ કે કર્મચારીઓને જો કોઈ મુશ્કેલી પડતી હોય, જેવી કે BLO એપમાં કે વેબ સાઈટમાં કોઈપણ પ્રકારની તકનિકી મૂશ્કેલી હોય, તો તેને તાત્કાલિક CEOની કચેરીની IT Team મારફતે મોકલી આપવા માટે જણાવાયું હતું.

## ન્યૂઝ ઈન બૉક્સ

### ગુજરાતમાં જળસંકટની ભીતિ: પાણીની માંગ 30 ટકા વધશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતની જનતા માટે એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. પાણીના વપરાશ અને જરૂરિયાતને લઈને કરાયેલા એક અભ્યાસમાં એવા ગંભીર તારણો રજૂ થયા છે કે, જો તાત્કાલિક ધોરણે પાણીની કરકસર નહીં કરાય, તો આગામી વર્ષોમાં રાજ્યમાં ગંભીર જળસંકટ ઉભું થાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. નર્મદાના જળ છેવાડાના ગામો સુધી પહોંચ્યા હોવા છતાં આ ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. નિષ્ણાતોએ ભીતિ વ્યક્ત કરી છે કે, આગામી પાંચેક વર્ષમાં પાણીની માંગમાં ૨૦થી ૩૦ ટકા સુધીનો વધારો થાય તેવી સંભાવના છે.અભ્યાસ મુજબ, ગુજરાતમાં માત્ર ઘર વપરાશ માટે જ નહીં, પરંતુ ઔદ્યોગિક અને સિંચાઈ માટે પણ પાણીનો વપરાશ બેફામ રીતે વધી રહ્યો છે.

### દાહોદમાં સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને એકતા પદયાત્રા

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતાના સંદેશને વધુ મજબૂત કરવાના હેતુથી દેવગઢ બારીયા વિધાનસભા મતવિસ્તારમાં એક ભવ્ય એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ભાગ લીધો હતો.આ પદયાત્રાનો પ્રારંભ દેવગઢ બારીયામાં આવેલા સરદાર પટેલ સર્કલથી કરવામાં આવ્યો હતો, જ્યાં સૌપ્રથમ ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર પહેરાવી યાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું.

### સુખસર પશુ દવાખાના ખાતે મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને શિક્ષણ શિબિર

દિપક રાવલ | દાહોદ

પશુપાલન ક્ષેત્રે જ્ઞાન અને ટેકનોલોજીનું સંવર્ધન કરવાના ઉદ્દેશ્ય સાથે, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત દાહોદ દ્વારા સંચાલિત પશુ દવાખાના સુખસર ખાતે પશુપાલન શિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર મંત્રી શ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં ફતેપુરા, સુખસર અને સંજેલી તાલુકાના મોટી સંખ્યામાં પશુપાલકો ઉત્સાહભેર જોડાયા હતા.આ શિબિરમાં પશુપાલકોને આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા માટે ઉપસ્થિત તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવી હતી. પશુઓની માવજત, પોષણ, રોગ નિયંત્રણ અને ઉન્નત જાતિના પશુઓના સંવર્ધન અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી પશુપાલકોની આવકમાં વધારો થઈ શકે.

### ધારીના વિવાદાસ્પદ વકીલ રવિ જોષીના આગોતરા જામીન નામંજુર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કાયમ વિવાદમાં રહેતા વકીલ રવિ બી. જોષી સામેના એટ્રોસિટી કેસમાં સાવરકુંડલા કોર્ટે આજે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે તેના ભૂતકાળના ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખીને વિવાદાસ્પદ વકીલની આગોતરા જામીન અરજી (ફો.પ. અ. ન. ૨૪૭/૨૦૨૫)ને કડક ભાષામાં ઠપકો આપીને નામંજૂર કરી દીધી છે.વકીલ રવિ બી. જોષી, જેની સામે અગાઉ પણ જુદા-જુદા અનેક ગુનાઓ નોંધાયેલા છે, તેણે ગત તારીખ ૯/૯/૨૦૨૫ના રોજ અમરેલીના જુનિયર વકીલ શ્રી દિનેશભાઈ ગીગાભાઈ ગોહિલને ધારી ખાતેની કોર્ટની કામગીરી કરતાં અટકાવ્યા હતા. આ દરમિયાન તેણે બીભત્સ ગાળો બોલી, હુમલો કરવાની કોશિશ કરેલ અને જાતિ પ્રત્યે હડધૂત કરેલ હતા.

# ચૂંટણી પરિણામ: લોકશાહીનો ઉત્સવ કે રાજનીતિનો શોર, હારી ગયેલા નેતાનો 'દબંગ' અહંકાર

'દેખો..દેખો.. કૌન આયા... જંગલ કા શેર આયા!' – ચૂંટણીના પરિણામો જાહેર થાય ત્યારે વિજેતા પક્ષના મુખે આ જ ઘોષણા હોય છે. સામાન્ય અર્થમાં, ચૂંટણી એટલે કોઈ એક વ્યક્તિ માટે નિર્ણય લેવા માટે થતી નિષ્પક્ષ રસાકસીની રમત. જોકે, વર્તમાન સમયમાં ગુજરાતી શબ્દ 'ચૂંટણી' કરતાં અંગ્રેજી નામ 'ઈલેક્શન' રાજનીતિની દૃષ્ટિએ વધુ વિજયી થયો છે. ભારતમાં પેટા ચુનાવ, વિધાન સભા, ધારાસભા કે મ્યુનિસિપલ કોર્પોરેશન જેવી વિવિધ ચૂંટણીઓ નિયમિતપણે આવ્યા કરે છે. ભલે તેને લોકોનો ઉત્સવ માનવામાં આવતો હોય, પરંતુ વાસ્તવિકતામાં એ લોકો કરતાં રાજનીતિ પાર્ટીનો ઉત્સવ વધુ લાગે છે.આજના નેતાઓ, ભલે તે નાના હોય કે મોટા, અંગરક્ષકોની મોટી ફોજ વગર જાહેર જનતા સમક્ષ પ્રગટ થતા નથી. વધુમાં, વર્તમાન રાજનીતિ હવે 'પબ્લિક' ને બદલે 'પારિવારિક' વધારે બનતી જાય છે. આ કારણોસર, રાજનીતિ પક્ષના નિષ્ઠાવાન કાર્યકરોના ગજવા ખાલીખમ જ રહે છે અને પક્ષની સેવા સિવાય તેમને કશુંય મળતું નથી. વાસ્તવિકતા તો એ છે કે સ્કૂલ-કોલેજની નાનકડી જીએસની ચૂંટણી પણ જનતાના સહકાર વગર જીતી શકાતી નથી, પરંતુ નેતાના ભાષણો ઘણીવાર 'હવાઈ ગયેલા ફટાકડા માફક ફૂસ' જેવા સાબિત થતા હોય છે.તાજેતરમાં યોજાયેલી બિહાર ચૂંટણીમાં વિપક્ષ દ્વારા આકરા પ્રહાર થતા હોવા છતાં, એન.ડી.એ.ની બમ્પર જીત બાદ પીચ પરના ત્રણ સ્ટમ્પ એકી સાથે હવામાં ઉડી ગયા હતા. આ ત્રણેય હવામાં ઉડી ગયેલા સ્ટમ્પની તાકાત ભલે બિહારને હરાજીમાં ખરીદી શકે તેવી હોય, પરંતુ 'પબ્લિક ડિમાન્ડ' આગળ ઘૂંટણ ટેકવ્યા વગર છૂટકો નહોતો. ચૂંટણી પરિણામ જાહેર થતાંની સાથે જ ન્યૂઝ મીડિયાના માઈક વધારે ગતિશીલ બની જતા હોય છે.

ન્યૂઝ એન્કરના સવાલના જવાબમાં, નવીસવી પાર્ટી બનાવીને ચૂંટણીની રસાકસીમાં ઉતરેલ અને માત્ર અમુક વોટમાં સીમટી ગયેલ નેતાજીએ હારના ઠીકરાં કાર્યકરો પર ફોડતાં કહ્યું હતું કે, 'બહન, કા કરે? કાર્યકર કે કામ મેં ગડબડ દિખ રહા હૈ, વરના આપ તો જાનત હો કી હમરે સામને સબ ખાલી તોપ બન જાવત હૈ.' બીજી તરફ, ચૂંટણી દરમિયાન રેલીઓ, પાર્ટીઓ અને લહાણીઓ દ્વારા લોકોના દિલ જીતવામાં નિષ્ફળ રહેલી અન્ય એક પાર્ટી માત્ર પાંચ જ સીટમાં સફળ થતાં, જાણીતી પત્રકારે જ્યારે પાર્ટીના સદસ્યને 'કમી ક્યાં રહી ગઈ?' તેવો સવાલ પૂછ્યો, ત્યારે સદસ્યે તાર્કિક જવાબ આપ્યો: 'મેડમ, આંધળો રેસ દોડતો હોય તો દેખતા એ એનું અનુસરણ ન કરાય. ચૂંટણી એ બળ કરતાં બુદ્ધિની રમત છે.'



ચૂંટણી ના પરિણામ
- રુપાલી દવે

ચૂંટણીઓના પરિણામોનો બારીકાઈથી અભ્યાસ કરતાં સમજાય છે કે બદલાતા આધુનિક ભારતની ચૂંટણીઓ પણ વધારે આધુનિક બની ચૂકી છે. જે રીતે આધુનિક દેખાવવા માટે માણસ તેની મૂળ નબળાઈ છુપાવવાનો પ્રયત્ન કરે છે, તે જ રીતે આધુનિક ચૂંટણીઓના રંગરૂપ 'બ્લેમ ગેમ'ની રમતમાં વધારે ખેલાઈ રહ્યા છે. હરીફ પક્ષો વચ્ચેનો સવાલ કંઈક આવો હોય છે: 'હમારે પાસ બલ, ધન ઔર મેન પાવર હૈ; તુમ્હારે પાસ ક્યા હૈ?' અને જવાબ આવે છે, 'હમારે પાસ સો કરોડ જનતા કા પ્યાર હૈ, હમારા એક હી નારા જન જન કલ્યાણ.'

બિહારની ચૂંટણીમાં સંસ્કારના ખેલ પણ એવા ખેલાયા હતા કે ૨૫ સીટ મેળવીને હાર પામેલી પાર્ટીના નેતાએ તેના કહેવાતા શ્રવણકુમારના ખંભે માથું મૂકીને હારના ઠીકરાં 'બહેનો' પર ફોડ્યા હતા, ત્યારે ન્યૂઝ મીડિયાએ આ કિસ્સામાં મા-બાપની વૃદ્ધાવસ્થા અને બીમારી વધારે નિ:સહાય રડતી જોવા મળી હતી. એક રાડ પર જનતા ઘૂંટણીયે પડતી હતી, એવા કહેવાતા દબંગ નેતાઓની દયનીય સ્થિતિ જોઈને થયું કે, ચૂંટણી પરિણામ જાહેર થતાં આંતરિક અને બાહ્ય રમખાણો થવા એ સામાન્ય છે.

ચૂંટણીના સમયમાં નેતાઓ લોકોના પ્રશ્નોને અભરાઈએ ચડાવીને લોકભોગ્ય ઓપોઝિટ પાર્ટી વિરુદ્ધના પ્રવચન અને લહાણીની સ્પર્ધાઓમાં લાગ્યા હોય છે. ચૂંટણીના મેદાનમાં પડેલી પાર્ટીઓ વચ્ચેની વર્ચસ્વની લડાઈ એટલી હદે હોય છે કે તેમાં ભલભલા નવાણિયા કુટાઈ જતા હોય છે.

છેલ્લા કેટલાય વર્ષોથી, સરકારી પરીક્ષાઓ રદ થવી, ભ્રષ્ટાચારને લીધે ભરતી ગોટાળો, યુવાધન અંધારામાં, મોંઘવારી, સોના-ચાંદીના આશ્ચર્યજનક ભાવ, ખેડૂતોને મળતી સહાયતામાં થતી ગડબડ, વધતી જતી ગરીબી અને નાના વેપારીઓની હેરાનગતિ જેવા અસંખ્ય મુખ્ય મુદ્દાઓ હાસ્યા પર ધકેલાઈ ગયા છે. ચૂંટણીનું મેદાન માત્ર વર્ચસ્વની લડાઈનું માધ્યમ બનતું જાય છે. લાખો વિદ્યાર્થીઓ દેશમાં પ્રગતિ ન જોતા વિદેશ સ્થળાંતર કરી રહ્યા છે, અમીરો વધારે અમીર બની રહ્યા છે, અને મિડલ ક્લાસની સમસ્યામાં ખાસ ફર્ક પડ્યો નથી.

જ્યાં સુધી રાજ્યના પંચાયત લેવલના સાધારણ કર્મચારી પણ ભ્રષ્ટાચાર વગર કામ કરતા નથી અને ન્યૂઝ મીડિયા નેતાઓની વાહવાહી કરવામાં વ્યસ્ત રહેશે, ત્યાં સુધી આ બધાં મુદ્દાઓ પર ચર્ચા ક્યારે થશે, તેની રાહ પબ્લિકને છે.

'સત્યને છુપાવી કે સળગાવી શકાતું નથી, પુરાવા સાથે સત્ય ઉજાગર થતું હોય છે.'

# સેડી સિંક 'એવેન્જર્સ: ડૂમ્સડે'માં જોડાશે, 'સ્ટ્રેન્જર થિંગ્સ' પછી મોટો બ્રેક!

## ૨૩ વર્ષીય અભિનેત્રી હવે રોબર્ટ ડાઉની જુનિયર સાથે MCUમાં દેખાશે : સ્પાઈડર-મેન બાદ સેડી સિંકનો વધુ એક હોલીવુડ પ્રોજેક્ટ



લંડન: થિયેટર અભિનેત્રીમાંથી મેઈનસ્ટ્રીમ સ્ટાર બનેલી સેડી સિંકએ વધુ એક મોટા પ્રોજેક્ટમાં એન્ટ્રી મારી છે. ૨૩ વર્ષીય આ અભિનેત્રી હવે માર્વેલ સિનેમેટિક યુનિવર્સ (MCU)ની આગામી મોટી ફિલ્મ 'એવેન્જર્સ: ડૂમ્સડે'ના કાસ્ટમાં જોડાવા જઈ રહી હોવાના અહેવાલો છે. આ ફિલ્મ આવતા વર્ષના અંત સુધીમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ડેડલાઈનના નવા રિપોર્ટ મુજબ, સેડી સિંક ટૂંક સમયમાં લંડનમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. નિર્માતા જેમ્સ બિયરમેને આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે સેડી સિંકનું કાસ્ટિંગ લગભગ નક્કી છે. નિર્માતા જેમ્સ બિયરમેને જણાવ્યું હતું કે, 'સ્પાઈડર-મેન: બ્રેન્ડ ન્યૂ ડે ૩૧ જુલાઈએ રિલીઝ થવાની છે. સેડી સિંકનો સ્પાઈડી ફિલ્મમાં શું રોલ છે તે હું નથી જાણતો, પરંતુ મને એટલું ચોક્કસ ખબર છે કે તે આગામી એવેન્જર્સ ફિલ્મની કાસ્ટમાં જોડાશે, જેનું શૂટિંગ ૨૦૨૬માં અહીં લંડનમાં થશે.' પહેલાં ધ હોલીવુડ રિપોર્ટરે દાવો કર્યો હતો કે આ અપેક્ષિત ફિલ્મનું પ્રિન્સિપાલ ફોટોગ્રાફી ૨૦૨૬ની ઉનાળુ સીઝનમાં શરૂ થશે. રોબર્ટ ડાઉની જુનિયર અભિનીત આ ફિલ્મ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની સંભાવના છે, જે MCUના છઠ્ઠા ફેઝનો એક ભાગ હશે. અગાઉ આ ફિલ્મ મે ૧, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની હતી, જેમાં હવે ફેરફાર કરાયો છે.

# દીપિકાની ૮ કલાકની માંગ સામે 'ધુરંધર'માં રણવીરે ૧૮ કલાક કામ કર્યું!

## રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ના ડિરેક્ટર આદિત્ય ધરે કર્યો ખુલાસો



મુંબઈ: રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર'નું ટ્રેલર રિલીઝ થતાની સાથે જ દર્શકોનો ઉત્સાહ વધ્યો છે. આ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં ફિલ્મના નિર્દેશક આદિત્ય ધરએ કામના કલાકો વિશે એક મોટો ખુલાસો કર્યો, જેનાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક નવી ચર્ચાએ જન્મ લીધો છે. નિર્દેશક આદિત્ય ધરએ 'ધુરંધર'ની આખી ટીમના સમર્પણની ભરપૂર પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે ફિલ્મનું નિર્માણ કરતી વખતે ટીમ મેમ્બર્સ, કલાકારોથી લઈને એચઓડી, આસિસ્ટન્ટ્સ અને સ્પોટ દાદા સહિત દરેક વ્યક્તિએ ૧૬ થી ૧૮ કલાક સુધી અથાક મહેનત કરી છે. આદિત્ય ધરએ કહ્યું, 'અમે દોઢ વર્ષ સુધી સતત ૧૬-૧૮ કલાક કામ કર્યું છે. કોઈએ પણ વ્યસ્ત શેડ્યૂલ વિશે ફરિયાદ કરી નહોતી કે સર, તમે અમારી પાસે વધુ કામ કરાવી રહ્યા છો. દરેક વ્યક્તિએ પોતાનું 100% આપ્યું છે. આ રીતે આ ફિલ્મ બની.' નિર્દેશકનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દીપિકા પાદુકોણ દ્વારા માત્ર આઠ કલાક કામ કરવાની માંગણીને લઈને સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા ચાલી રહી છે. એક તરફ દીપિકા પાદુકોણ આઠ કલાકથી વધુ કામ કરવા માટે તૈયાર નથી, જેના કારણે તેના હાથમાંથી કેટલીક મોટી ફિલ્મો છટકી ગઈ છે, અને બીજી તરફ તેના પતિ રણવીર સિંહની ફિલ્મની ટીમે દિવસમાં ૧૮ કલાક સુધી કામ કર્યું છે. આ વિરોધાભાસ બોલિવૂડમાં કામ કરવાની નીતિઓ પર નવી ચર્ચા છેડી શકે છે. આદિત્ય ધર દ્વારા નિર્દેશિત 'ધુરંધર' ફિલ્મ ૫ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં રણવીર સિંહ ઉપરાંત અક્ષય ખન્ના, આર માધવન, અર્જુન રામપાલ, સંજય દત્ત અને સારા અર્જુન પણ મુખ્ય ભૂમિકાઓમાં છે.



# શ્રદ્ધા કપૂરે માથાના તિલ વિશે પૂછ્યો ખાસ સવાલ, ફેન્સે આપ્યા મજેદાર જવાબ!



મુંબઈ: શ્રદ્ધા કપૂર આજકાલ તેના નવા પ્રોજેક્ટ્સને કારણે ચર્ચામાં છે. આ બધા વચ્ચે, શ્રદ્ધા કપૂરએ આજે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર તેની કેટલીક સુંદર તસવીરો શેર કરી છે. આ તસવીરોની સાથે, અભિનેત્રીએ તેના માથા પરના તિલ (મસા) વિશે એક ખાસ અને મજેદાર સવાલ પૂછ્યો છે, જેના પર તેના ફેન્સે પણ તેટલા જ રસપ્રદ જવાબો આપ્યા છે. શ્રદ્ધા કપૂરના આ આકર્ષક લુકને જોઈને તેના ચાહકોએ તેના સવાલનો જવાબ આપ્યો હતો. અભિનેત્રીની પોસ્ટ પર ફેન્સે મજેદાર કમેન્ટ્સની વણઝાર લગાવી દીધી હતી: એક ફેને લખ્યું, 'તમે કેટલા સુંદર લાગો છો!' બીજા એક ફેને મજાકમાં લખ્યું, 'કારણ કે તમને નજર ન લાગી શકે.' જ્યારે અન્ય એક ચાહકે તો હદ વટાવી દીધી અને લખ્યું, 'આટલી સુંદરતા અમારા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.' શ્રદ્ધા કપૂરના ઘણા ચાહકોએ તેની પોસ્ટ પર લાલ દિલ અને ફાયર ઈમોજી પણ બનાવ્યા, જે દર્શાવે છે કે તેના ચાહકો તેની સુંદરતાથી કેટલા પ્રભાવિત છે. શ્રદ્ધા કપૂરને છેલ્લે ફિલ્મ 'સ્ત્રી ૨'માં જોવા મળી હતી. અભિનેત્રીની આગામી ફિલ્મ હોલીવુડની એનિમેશન ફિલ્મ 'ઝૂટોપિયા ૨' છે, જેના હિન્દી સંસ્કરણ માટે તેણે પોતાનો અવાજ આપ્યો છે. આ ઉપરાંત, તે તેની સફળ હોરર-કોમેડી ફ્રેન્ચાઈઝી 'સ્ત્રી ૩' માટે પણ કામ કરી રહી છે, જેની રિલીઝ ૨૦૨૭માં થવાની સંભાવના છે.



# કંગના રનૌત ગીર નેશનલ પાર્કમાં! 'ગુજરાત કેટલું સુંદર છે...' કહી વખાણ કર્યા

## નાના ભત્રીજા પૃથ્વી સાથે અભિનેત્રીએ એડવેન્ચર ટૂરની મજા માણી, કંગનાએ ગુજરાતની સંસ્કૃતિ અને સુંદરતાના કર્યા વખાણ

અમદાવાદ: અભિનેત્રી અને રાજકારણી કંગના રનૌત હાલમાં ગુજરાત પ્રવાસ પર છે. આ પ્રવાસ દરમિયાન કંગના રનૌતએ તેની બહેન રંગોલીના દીકરા અને તેના મનપસંદ ટ્રાવેલ સાથી પૃથ્વી સાથે ગીર નેશનલ પાર્કના એડવેન્ચર ટૂરનો ભરપૂર આનંદ માણ્યો હતો. કંગના રનૌતએ આ પ્રવાસની ખાસ ઝલક સોશિયલ મીડિયા પર શેર કરી હતી અને ગુજરાતની સુંદરતા અને સંસ્કૃતિના દિલ ખોલીને વખાણ કર્યા હતા. કંગના રનૌતએ ઈન્સ્ટાગ્રામ પર તેના નાના મિત્ર પૃથ્વી સાથેની અનેક તસવીરો શેર કરી હતી, જેમાં બંને જંગલ સફારીની મજા માણતા જોવા મળ્યા હતા. તસવીરોમાં કંગના રનૌત સફારી જેકેટ અને ટોપી પહેરીને, જીપમાં બેસીને દૂરબીન દ્વારા જંગલી જાનવરોને જોતી જોવા મળી હતી. ગુજરાતની સુંદરતાથી પ્રભાવિત થઈને કંગના રનૌતએ કેપ્શનમાં લખ્યું હતું: 'ગુજરાત ખરેખર ખૂબ જ સરસ છે. તેની સુંદરતા, સંસ્કૃતિ અને સત્યતા જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગઈ છું. આજે હું મારા નાના મિત્ર પૃથ્વી સાથે ગીર નેશનલ પાર્કમાં છું. પૃથ્વી હવે મારો સૌથી પ્રિય ટ્રાવેલ પાર્ટનર બની ગયો છે. અમે અલગ-અલગ પ્રાણીઓ જોઈને ખૂબ ખુશ છીએ. વળી, ગુજરાતના સિંહ તો આખી દુનિયામાં પ્રખ્યાત છે.' કંગના રનૌતની આ પોસ્ટ પરથી સ્પષ્ટ થાય છે કે તેને ગીર નેશનલ પાર્ક અને ગુજરાતના સાંસ્કૃતિક વારસાને જોઈને ખૂબ જ આનંદ થયો છે.

# રણવીર સિંહે 'ધુરંધર'ની હીરોઈન સારા અર્જુનના કર્યા ભરપૂર વખાણ; તુલના કરી!

મુંબઈ: રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર'નું ટ્રેલર રિલીઝ થતાની સાથે જ ૪૦ વર્ષના રણવીર સિંહ અને તેનાથી ૨૦ વર્ષ નાની સહ-અભિનેત્રી સારા અર્જુનની કેમેસ્ટ્રીની ચર્ચા થઈ રહી છે. ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન રણવીર સિંહએ તેની લીડ એક્ટ્રેસ સારા અર્જુનના ભરપૂર વખાણ કર્યા હતા અને તેની પ્રતિભાની તુલના એક હોલીવુડ અભિનેત્રી સાથે કરી હતી. રણવીર સિંહએ સારા અર્જુનને સંબોધિત કરતાં કહ્યું, 'સારા, મને વિશ્વાસ નથી થતો કે આપણે આ સ્ટેજ પર છીએ. આ તમારા માટે કેટલી ખાસ પળ છે. હું તેનો ભાગ બનીને સન્માનિત અનુભવું છું.' રણવીર સિંહએ સારા અર્જુનની પ્રતિભાના વખાણ કરતાં કહ્યું કે, 'સારા એક અત્યંત ટેલેન્ટેડ વ્યક્તિ છે. કેટલાક લોકો એવા હોય છે જેમના વિશે બાળપણથી જ ખબર હોય છે કે તેઓ કેટલા પ્રતિભાશાળી છે, જેમ કે એક સમયે હોલીવુડમાં ડકોટા ફેનિંગ આવી હતી. સારા, મને લાગે છે કે તમે અહીં સુધી પહોંચવા માટે ઘણા લોકોને પાછળ છોડ્યા છે, અને આ તમારી પ્રતિભાનો પુરાવો છે.' રણવીર સિંહએ વધુમાં કહ્યું કે, 'એવું લાગે છે કે આણે ૫૦ ફિલ્મો કરીને આવી છે. તે એક વ્યક્તિ તરીકે અને એક કલાકાર તરીકે ખૂબ જ અસાધારણ છે. તમે એવા ઉત્તમ કલાકારોમાંના એક છો, જેમની સાથે મેં સ્ક્રીન શેર કરી છે. મને વિશ્વાસ નથી થતો કે આ તમારી પહેલી ફિલ્મ છે.



# પત્ની આકાંક્ષાએ ગૌરવ ખન્નાને આપી ફરહાનાથી દૂર રહેવાની ચેતવણી

મુંબઈ: બિગ બોસ 19ના ઘરમાં ચાલી રહેલા 'ફેમિલી વીક'ના ભાવનાત્મક માહોલ વચ્ચે, અભિનેતા ગૌરવ ખન્નાની પત્ની આકાંક્ષા ચમોલાની એન્ટ્રીએ સૌથી વધુ ચર્ચા જગાવી છે. આકાંક્ષાએ માત્ર ગૌરવને ગળે લગાવી પ્રોત્સાહિત જ નથી કર્યો, પરંતુ તેની રમત વિશે કેટલાક કડક અને સ્પષ્ટ સંદેશા પણ આપ્યા છે. ગૌરવ ખન્નાની પત્ની આકાંક્ષાએ ઘરમાં પ્રવેશતાની સાથે જ તેના પતિને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. તેણે બિગ બોસ 19માં ગૌરવની અત્યાર સુધીની રમત પર વાત કરી અને કહ્યું કે તેણે હવે બીજાઓની ચિંતા કરવાનું છોડી દેવું જોઈએ. 'કોઈ તમારા જેવું વિચારતું નથી, અહીં કોઈ તમારા નીતિમત્તા અને નૈતિકતાનું પાલન નથી કરી રહ્યું. તેથી હવે ફક્ત પોતાના માટે જ રમો,' આકાંક્ષાએ ગૌરવને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું. આકાંક્ષાએ ગૌરવને વધુ સ્પર્ધાત્મક બનવા, થોડો 'સ્વાર્થી' થવા અને પોતાની રમતને પ્રાથમિકતા આપવા માટે પ્રોત્સાહિત કર્યો હતો. તેના મતે ગૌરવની રમત સારી છે પણ તે આક્રમકતાનો અભાવ દર્શાવે છે. સૌથી મોટો મુદ્દો એ હતો કે આકાંક્ષાએ ગૌરવને ઘરમાં તેની સૌથી મોટી હરીફાઈ કોની સાથે છે તે જણાવ્યું. તેણે ગૌરવને સંગીતકાર આમાલ મલ્લિક અને ફરહાના ભટ્ટને તેના મુખ્ય હરીફ ગણાવ્યા. સાથે જ, આકાંક્ષાએ ગૌરવને ભારપૂર્વક ફરહાના ભટ્ટથી દૂર રહેવાની સલાહ આપી. તેણે આ સંબંધને 'બિનજરૂરી' અને 'મહત્વહીન' ગણાવ્યો. મીડિયા અહેવાલો મુજબ, આકાંક્ષાએ એમ પણ જણાવ્યું હતું કે કેટલાક સ્પર્ધકો ગૌરવની પીઠ પાછળ તેના વિશે 'ખરાબ વાતો' કરી રહ્યા છે. આ મુલાકાત ગૌરવ માટે ભાવનાત્મક હોવાની સાથે જ રમતની દ્રષ્ટિએ પણ ખૂબ પ્રેરક સાબિત થઈ છે.



# ૨૦ વર્ષીય ધુરંધર અભિનેત્રી સારા અર્જુન, જે રણવીર સિંહ સામે ડેબ્યૂ કરશે?

મુંબઈ: બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ધુરંધર'નો ધમાકેદાર ટ્રેલર ૧૮મી નવેમ્બરના રોજ રિલીઝ થતાં જ ચાહકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ફિલ્મમાં રણવીર સિંહ મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે અર્જુન રામપાલ, આર માધવન, સંજય દત્ત અને અક્ષય ખન્ના જેવા દિગ્ગજ કલાકારો છે. આ સ્ટારકાસ્ટ વચ્ચે બધાની નજર એક નવા ચહેરા પર ટકેલી છે, તે છે ફિલ્મની લીડ એક્ટ્રેસ સારા અર્જુન. ફિલ્મ 'સીક્રેટ સુપરસ્ટાર'માં વિલન ફારૂક મલિકની ભૂમિકા માટે જાણીતા અભિનેતા રાજ અર્જુનની પુત્રી સારા અર્જુનનો જન્મ ૨૦૦૫માં થયો હતો. માત્ર ૧૮ મહિનાની નાની ઉંમરે જ તેણે એક ટીવી જાહેરાત દ્વારા સ્ક્રીન પર ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી અત્યાર સુધીમાં તે ૧૦૦થી વધુ જાહેરાતોમાં કામ કરી ચૂકી છે. તેણે છ વર્ષની ઉંમરે તમિલ સુપરસ્ટાર વિક્રમ સાથેની ફિલ્મ 'દેઈવા થિરુમગલ'માં નિલાનું પાત્ર ભજવીને વ્યાપક લોકપ્રિયતા મેળવી. જોકે, સારા અર્જુન હિન્દી, તમિલ અને તેલુગુ સહિત વિવિધ ભાષાઓની ફિલ્મોમાં જોવા મળી છે અને ૨૦૧૩માં 'એક થી ડાયન'થી તેણે બોલિવૂડમાં પણ પદાર્પણ કર્યું હતું. 'સાઈવમ', 'સાંડ કી આંખ' અને 'પૉનીયિન સેલ્વન' સિરીઝ તેની નોંધપાત્ર ફિલ્મો છે. 'ધુરંધર'ના ટ્રેલર લોન્ચ પ્રસંગે સારા અર્જુનએ ફિલ્મમાં કામ કરવાના પોતાના અનુભવ વિશે વાત કરી હતી.

# ધુરંધરમાં આર માધવને હોઠ પાતળા કરીને અભિનય કર્યો



મુંબઈ: આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'ધુરંધર'નું ટ્રેલર આજે રિલીઝ થયું. આ ટ્રેલર રિલીઝ ઈવેન્ટ દરમિયાન અભિનેતા આર માધવનએ ફિલ્મમાં પોતાના યુનિક લુક (દેખાવ) વિશે એક મોટો ખુલાસો કર્યો હતો. આર માધવનએ 'ધુરંધર'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં પોતાના લુક ટેસ્ટ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, તેમને આ પાત્રના લુક માટે યોગ્ય દેખાવ મેળવવામાં લગભગ ત્રણથી ચાર કલાક લાગ્યા હતા. આર માધવનએ કહ્યું, 'જ્યારે હું પોતાને જોઈ રહ્યો હતો, ત્યારે મને લાગી રહ્યું હતું કે કંઈક ખૂટે છે. ત્યારે જ આદિત્ય ધર આવીને મને કહે છે કે, મેડી, તમારા હોઠ પાતળા કરો! એટલે આખી મૂવીમાં મેં હોઠ પાતળા કરીને જ અભિનય કર્યો છે.' નિર્દેશકની એક નાનકડી ટિપ્સને કારણે આર માધવનને પોતાના પાત્ર માટે આખો લુક બદલવો પડ્યો, જે તેના સમર્પણને દર્શાવે છે.



# માન્યા આનંદનો ધનુષના મેનેજર પર કાસ્ટિંગ કાઉચનો ગંભીર આરોપ!



## શ્રેયસ સામે અભિનેત્રીએ શોષણ કરવાનો સનસનીખેજ આરોપ લગાવ્યો

ચેન્નઈ: સાઉથ સુપરસ્ટાર ધનુષના મેનેજર શ્રેયસ પર તમિલ ટેલિવિઝનની જાણીતી અભિનેત્રી માન્યા આનંદે કાસ્ટિંગ કાઉચ દ્વારા શોષણ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. અભિનેત્રીએ જણાવ્યું કે ધનુષના મેનેજરે નવી ફિલ્મ વિશે વાત કરતી વખતે અનૈતિક શરતોની માંગણી કરી હતી. તમિલ ટેલિવિઝન જગતમાં ધારાવાહિક 'વનથાઈ પોલા'માં તેના પાત્ર માટે જાણીતી અભિનેત્રી માન્યા આનંદે એક મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે મેનેજર શ્રેયસએ તેને એક નવી ફિલ્મ માટે 'એક કમિટેમેન્ટ છે' તેમ જણાવ્યું હતું. જ્યારે અભિનેત્રીએ પૂછ્યું કે કેવી કમિટેમેન્ટ? અને શા માટે મારે કમિટેમેન્ટ આપવું? ત્યારે તેણે કોઈપણ અનૈતિક શરત માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. માન્યા આનંદે વધુમાં આરોપ લગાવ્યો કે તેના ઈનકાર પછી પણ શ્રેયસએ દબાણ બનાવતા કહ્યું, 'તમે ધનુષ સરના હોવા છતાં તેમની વાત નહીં માનો?' અભિનેત્રીએ જણાવ્યું કે આ ઘટના પછી પણ શ્રેયસએ ઘણી વખત તેનો સંપર્ક કર્યો અને તેના પહેલા મનાઈ કરવા છતાં એક સ્ક્રિપ્ટ પણ મોકલી. માન્યા આનંદે સ્પષ્ટ કર્યું, 'ના, મેં તે વાંચી નથી. હું ફિલ્મ નથી કરી રહી. અમે કલાકારો છીએ, અમે બીજું કામ કરી રહ્યા છીએ.

# એસએસ રાજામૌલીની વારાણસી માટે પ્રિયંકા ચોપરાએ 30 કરોડનો તોતિંગ ચાર્જ કર્યો!



## દીપિકા-આલિયાને પાછળ છોડી પ્રિયંકા બની સૌથી વધુ ફી લેતી અભિનેત્રી

## વારાણસી ફિલ્મમાં મહેશ બાબુ સાથે માંડકિનીની ભૂમિકા

હૈદરાબાદ: ગ્લોબલ આઈકન પ્રિયંકા ચોપરા ભારતીય સિનેમામાં ધમાકેદાર વાપસી કરી રહી છે. તે દિગ્ગજ ફિલ્મ નિર્માતા એસએસ રાજામૌલીની આગામી મહત્વાકાંક્ષી ફિલ્મ 'વારાણસી'માં મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે જોવા મળશે. જોકે, આ ફિલ્મને લઈને સૌથી વધુ ચર્ચામાં રહેલો મુદ્દો એ છે કે પ્રિયંકા ચોપરાએ આ રોલ માટે જે તગડી ફી લીધી છે, તેનાથી તે દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટને પણ પાછળ છોડીને બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનાર અભિનેત્રી બની ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, પ્રિયંકા ચોપરાએ 'વારાણસી' ફિલ્મમાં માંડકિનીનું પાત્ર ભજવવા માટે ૩૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે. આ જબરદસ્ત ફીની રકમ ભારતીય સિનેમા જગતમાં એક નવો રેકોર્ડ સ્થાપી શકે છે. ફિલ્મનું સત્તાવાર ટાઇટલ રિવીલ ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ હૈદરાબાદમાં 'ગ્લોબટ્રોટર' ઈવેન્ટમાં થયું હતું, જેનું પ્રથમ નામ એસએસએમબી૨૯ (SSMB29) હતું. ડિરેક્ટર એસએસ રાજામૌલીએ ટાઇટલ રિવીલ પછી કેપ્શનમાં લખ્યું હતું, 'વારાણસી ટૂ ધ વર્લ્ડ'. ફિલ્મની પ્રથમ ઝલક (ટીઝર)માં ભારતની સૌથી જૂની નગરી વારાણસીનું મનમોહક ડ્રોન દ્રશ્ય બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ કેમેરો ઉલ્કાપિંડ 'શંભાવી'ના પૃથ્વી સાથે ટકરાવાની ઘટના પર ફરે છે, જેમાં એન્ટાર્કટિકા, આફ્રિકા અને વારાણસીના મણિકર્ણિકા ઘાટ જેવા સ્થળોની ઝલક જોવા મળી હતી. આ ટીઝરનો અંત ત્રિશૂળ સાથે બળદ પર સવાર મહેશ બાબુ (રુદ્રની ભૂમિકામાં)ના શૉટ સાથે થાય છે.

# હુમા કુરેશીનો બોલિવૂડ પર કટાક્ષ

## અડધાથી વધુને સરખી હિન્દી નથી આવડતી!



મુંબઈ: અભિનેત્રી હુમા કુરેશી તેની તાજેતરમાં રિલીઝ થયેલી વેબ સિરીઝ 'મહારાણી'ને લઈને ચર્ચામાં છે. આ સિરીઝના પ્રમોશન દરમિયાન, હુમા કુરેશીએ ભારતીય સિનેમા, ખાસ કરીને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની ભાષાની સ્થિતિ પર કટાક્ષ કર્યો છે, જેનાથી એક નવી ચર્ચાએ જન્મ લીધો છે. હુમા કુરેશીએ એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેણે કહ્યું કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હોવા છતાં, અહીંના અડધાથી વધુ લોકો યોગ્ય રીતે હિન્દી બોલી શકતા નથી. અભિનેત્રીએ કહ્યું, 'સેટ પરની વાતચીત પણ અંગ્રેજીમાં થાય છે. અહીં સુધી કે આપણી સ્ક્રીપ્ટ પણ અંગ્રેજીમાં જ છપાય છે.' આ મુદ્દો ઉઠાવતા તેણે સવાલ કર્યો કે, 'તમે ફિલ્મો કોના માટે બનાવી રહ્યા છો? તમે તેમને હિન્દી બોલતા દર્શકો માટે બનાવી રહ્યા છો, તો ઓછામાં ઓછી હિન્દી તો બોલો.' હુમા કુરેશીએ 'મહારાણી' સિરીઝમાં પોતાના પાત્રને દમદાર બનાવવા માટે બિહારી ભાષા શીખી હતી, અને તે માને છે કે જો તે કોઈની સાથે દરરોજ અડધો કે એક કલાક વિતાવે તો તેમની જેમ બોલવાનું શરૂ કરી શકે છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## સાત્વિક-ચિરાગની જોડી ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચી!

● ટોચની ભારતીય જોડીએ ચાઈનીઝ તાઈપેઈના પ્રતિસ્પર્ધીને સીધા સેટમાં હરાવ્યા, હોંગકોંગ અને ચાઈના માસ્ટર્સની ફાઈનલમાં પહોંચ્યા બાદ ફરી ફોર્મમાં



સિડની: ભારતીય બેડમિન્ટન માટે ગૌરવની વાત કહી શકાય તેવા સમાચારમાં, સ્ટાર શટલર્સ સાત્વિકસાઈરાજ-ચિરાગ શેટ્ટીની જોડીએ ઓસ્ટ્રેલિયન ઓપન સુપર ૫૦૦ ટુર્નામેન્ટની મેન્સ ડબલ્સના બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે. વિશ્વની ત્રીજા નંબરની આ જોડીએ મંગળવારે સિડની ખાતે રમાયેલા પ્રથમ રાઉન્ડના મુકાબલામાં ચાઈનીઝ તાઈપેઈની ચાંગ કો-ચી અને પો લી-વેઈની જોડીને સીધા સેટમાં હરાવી દીધી હતી. તાજેતરમાં જ હોંગકોંગ સુપર ૫૦૦ અને ચાઈના માસ્ટર્સ સુપર ૭૫૦ની ફાઈનલમાં પહોંચનારી સાત્વિકસાઈરાજ-ચિરાગની આ સ્ટાર જોડીએ ૪૮ મિનિટ સુધી ચાલેલા સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ૨૫-૨૩, ૨૧-૧૬ના સ્કોરથી વિજય મેળવ્યો હતો. મુકાબલો ખૂબ જ રોમાંચક રહ્યો, ખાસ કરીને પ્રથમ ગેમમાં. ટોચનો ક્રમાંક ધરાવતા સાત્વિકસાઈરાજ-ચિરાગ શરૂઆતમાં ૨-૬થી પાછળ પડી ગયા હતા અને તાઈવાની જોડીએ ૧૬-૧૪ સુધી પાતળી સરસાઈ જાળવી રાખી હતી. જોકે, ભારતીય જોડીએ જોરદાર વાપસી કરીને સ્કોર ૧૯-૧૭ કર્યો. ત્યારબાદ પણ ગેમ ટાઈ રહી હતી અને ઘણા ગેમ પોઈન્ટ બચાવ્યા બાદ ભારતીયોએ આખરે ૨૫-૨૩ના નજીકના માર્જિનથી આ કપરી ગેમ જીતી લીધી.

## ભારત એ ટીમે ઓમાન એને હરાવી રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપની સેમિફાઈનલમાં!



દોહા: એશિયા કપ ક્રિકેટના રાઈઝિંગ સ્ટાર્સ એડિશનમાં ભારત એ ટીમે ઓમાન એ સામે છ વિકેટથી પ્રભાવશાળી વિજય મેળવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. યુવા બેટ્સમેન હર્ષ દુબેએ દમદાર અર્ધસદી ફટકારીને આ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પહેલા પાકિસ્તાન એ સામેની મેચમાં હારનો સામનો કર્યા બાદ ભારત એ માટે આ મુકાબલો જીતવો ફરજિયાત હતો. જિતેશ શર્માની આગેવાની હેઠળની ભારત એ ટીમે આ મેચમાં શાનદાર ઓલરાઉન્ડર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ બોલિંગ કરતા, ભારતીય બોલરોએ ઓમાન એને નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૩૫ રન જ બનાવવા દીધા હતા. લક્ષ્યનો પીછો કરતા ભારત એ ટીમે શાનદાર બેટિંગનું પ્રદર્શન કર્યું. જોકે, ઓપનર વૈભવ સૂર્યવંશી (૧૨ રન) અને પ્રિયંશ આર્ય (૧૦ રન) ઝડપથી આઉટ થઈ ગયા હતા. મિડલ ઓર્ડરમાં નમન ધીર (૧૯ બોલમાં ૩૦ રન)એ કેટલાક આક્રમક શૉટ્સ રમ્યા, પરંતુ ચોથા નંબરે પ્રમોશન મેળવનાર હર્ષ દુબેએ નિરાશ કર્યા નહીં.

## ભુવનેશ્વર કુમારનો પીચ પર સવાલ ઉઠાવનારાઓ પર પલટવાર

લખનૌ: દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમની હાર બાદ સ્પિન-ફ્રેન્ડલી પીચ (Spin-Friendly Pitch) તૈયાર કરવા અંગે જે ચર્ચા શરૂ થઈ છે, તેના પર અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમારએ પોતાની પ્રતિક્રિયા આપી છે. ભુવનેશ્વર કુમારનું માનવું છે કે કોલકાતાના



ઈડન ગાર્ડન્સમાં સ્પિનરોને મદદરૂપ થતી પીચ બનાવવી એ કોઈ નવી વાત નથી, કારણ કે દેશમાં લાંબા સમયથી આવી વિકેટો તૈયાર કરવામાં આવી રહી છે. ભારતની ટીમ દક્ષિણ આફ્રિકા સામે ત્રણ દિવસની અંદર ૩૦ રનથી હારી ગઈ હતી, જ્યારે ટીમ ૧૨૪ રનનો નાનો લક્ષ્યાંક પણ હાંસલ કરી શકી નહોતી. ભુવનેશ્વર કુમારે 'ક્રિકગીરી'ના સહ-સ્થાપક તરીકે એક એપના લોન્ચ કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરી હતી. ભુવનેશ્વર કુમારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'આ પહેલીવાર નથી જ્યારે સ્પિનરો માટે મદદરૂપ પીચ તૈયાર કરવામાં આવી હોય. આ પહેલા કોઈએ આ સવાલ ઉઠાવ્યો ન હતો, કારણ કે ભારત જીતી રહ્યું હતું. હાર-જીત રમતનો એક ભાગ છે. એવું નથી કે ટીમ પહેલા ક્યારેય હારી નથી કે આ પહેલીવાર હારી છે.

### સર વિવ રિચર્ડ્સ પછી સૌથી ઝડપી ૬000 વનડે રન બનાવનાર બીજો કેરેબિયન

# શાહી હોપે વનડે સદી ફટકારવા બાબતે બ્રાયન લારાની બરાબરી કરી લીધી!

ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં શાહી હોપને 'પ્લેયર ઑફ ધ મેચ'નો એવોર્ડ મળ્યો



(એજન્સી) નવી દિલ્હી | તા 19

વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેન શાહી હોપે બુધવારે ન્યૂઝીલેન્ડ સામેની બીજી વનડે મેચ દરમિયાન મહાન બેટ્સમેન બ્રાયન લારાના રેકોર્ડની બરાબરી કરીને ઈતિહાસ રચ્યો છે. શાનદાર ફોર્મમાં ચાલી રહેલા શાહી હોપે તેમની કારકિર્દીની ૧૯મી વનડે સદી ફટકારીને વેસ્ટ ઈન્ડીઝ માટે સૌથી વધુ સદી ફટકારવાના લિસ્ટમાં બ્રાયન લારા સાથે બીજું સ્થાન હાંસલ કર્યું છે. આ સાથે જ તે મહાન સર વિવ રિચર્ડ્સ પછી સૌથી ઝડપી ૬,૦૦૦ વનડે રન બનાવનાર બીજા કેરેબિયન બેટ્સમેન પણ બની ગયા છે. સર વિવ રિચર્ડ્સે ૧૯૮૯માં ૧૪૧ ઈનિંગ્સમાં આ માઈલસ્ટોન હાંસલ કર્યો હતો, જ્યારે હોપે ૧૪૨ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી છે. શાહી હોપે ન્યૂઝીલેન્ડ સામેની વરસાદથી પ્રભાવિત બીજી વનડેમાં માત્ર ૬૯ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૧૦૯* રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી, જેનો સ્ટ્રાઈક રેટ ૧૫૭થી વધુ રહ્યો હતો. ૧૪૭ વનડે અને ૧૪૨ ઈનિંગ્સમાં, હોપે હવે ૫૦.૮૦ની સરેરાશથી ૬,૦૯૭ રન બનાવ્યા છે, જેમાં તેમની ૧૯ સદી અને ૩૦ અડધી સદી સામેલ છે. તે હવે વેસ્ટ ઈન્ડીઝ તરફથી સૌથી વધુ ૨૫ સદી ફટકારનાર ક્રિસ ગેલથી માત્ર ૭ સદી દૂર છે. આ વર્ષે ૧૪ વનડેમાં હોપે ૫૯.૪૫ની સરેરાશ અને ૯૯.૦૯ના સ્ટ્રાઈક રેટથી ૬૫૯ રન બનાવ્યા છે.

### શાહી હોપની શાનદાર સદીની મદદથી વેસ્ટ ઈન્ડીઝે ૯ વિકેટે ૨૪૭ રન બનાવ્યા

વરસાદના કારણે ૩૪ ઓવરની કરી દેવાયેલી આ મેચમાં ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને વેસ્ટ ઈન્ડીઝને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. શાહી હોપની શાનદાર સદીની મદદથી વેસ્ટ ઈન્ડીઝે ૯ વિકેટે ૨૪૭ રન બનાવ્યા હતા. જવાબમાં, ન્યૂઝીલેન્ડના ઓપનરો ડેવોન કૉનવે (૯૦) અને રચિન રવિન્દ્ર (૫૬)ની અર્ધસદી તેમજ ટોમ લાથમ (૩૯*) અને મિચેલ સેન્ટનર (૩૪*)ના ફિનિશિંગ ટચથી કિવી ટીમે પાંચ વિકેટ અને ત્રણ બોલ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કરી લીધો. શાહી હોપને તેમની સદી બદલ 'પ્લેયર ઑફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ ન્યૂઝીલેન્ડે આ જીત સાથે સિરીઝમાં ૨-૦ની અજેય લીડ મેળવી લીધી છે.

| | |
|---|---|
| કુલ વનડે મેચો | ૧૪૭ |
| કુલ વનડે રન | ૬,૦૯૭ |
| બેટીંગ સરેરાશ | ૫૦.૮૦ |
| અડધી સદીઓ | ૩૦ |
| સદીઓ | 19 |

**શાહી હોપે તેમની પ્રથમ વનડે સદી ૧૦ માર્ચ, ૨૦૧૮ ના રોજ ઝિમ્બાબ્વે સામે બુલાવાયોમાં ફટકારી હતી**

**શાહી હોપ એક મજબૂત વનડે બેટ્સમેન તરીકે ઉભરી આવ્યા છે, જેમણે ૧૯ વનડે સદીઓ ફટકારીને બ્રાયન લારાની બરાબરી કરી છે**

# બાબર આઝમ શાહિદ આફ્રિદીને પછાડી પાકિસ્તાનમાં બદનામ રેકોર્ડમાં ટોચ પર!

ઝિમ્બાબ્વે સામે ટી20 માં શૂન્ય રન: બાબરનું ટી20 આંતરરાષ્ટ્રીયમાં નવમું ડક

### પૂર્વ કેપ્ટન બાબર આઝમે બનાવ્યો સૌથી વધુ ટી20 ડકનો અનિચ્છનીય રેકોર્ડ



(એજન્સી) લાહોર | તા 19

પાકિસ્તાની ક્રિકેટમાં પોતાના શાનદાર બેટિંગ પ્રદર્શન માટે જાણીતા પૂર્વ કેપ્ટન બાબર આઝમે એક એવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે, જેની કોઈ ખેલાડી ઈચ્છા ન રાખે. ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ટ્રાઈ-સિરીઝની પ્રથમ મેચમાં ઝિમ્બાબ્વે સામે બાબર આઝમ શૂન્ય રન પર આઉટ થતાં જ તેમણે શાહિદ આફ્રિદીના અનિચ્છનીય રેકોર્ડને પાછળ છોડી દીધો છે. ઝિમ્બાબ્વે સામેની મેચમાં બાબર આઝમનું આ ટી20 આંતરરાષ્ટ્રીયમાં નવમું ડક હતું. આ પહેલા આ રેકોર્ડ શાહિદ આફ્રિદીના નામે હતો, જેમણે પોતાની કારકિર્દીમાં આઠ વખત શૂન્ય રન બનાવ્યા હતા.

### બાબરના છેલ્લા ૧૦ મેચો: શતક અને શૂન્યનો વિરોધાભાસ

બાબર આઝમના છેલ્લા દસ આંતરરાષ્ટ્રીય મુકાબલામાં તેમની બેટિંગમાં મોટો વિરોધાભાસ જોવા મળ્યો છે. એક તરફ તેમણે શ્રીલંકા સામે વનડેમાં સદી ફટકારી છે અને દક્ષિણ આફ્રિકા સામે ટી20 આંતરરાષ્ટ્રીયમાં ૬૮ રન પણ બનાવ્યા છે, તો બીજી તરફ આ જ સમયગાળા દરમિયાન તેઓ બે વખત શૂન્ય રન પર આઉટ થયા છે. ઝિમ્બાબ્વે સામેની મેચમાં બ્રેડ ઈવાન્સના બોલ પર તેઓ માત્ર ત્રણ બોલ રમીને લેગ બિફોર વિકેટ આઉટ થયા હતા. હવે બાબર આઝમ ટી20 આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ શૂન્ય રન બનાવનારા પાકિસ્તાની ખેલાડીઓની યાદીમાં સાઈમ અયુબ અને નિવૃત્ત વિકેટકીપર ઉમર અકમલથી માત્ર એક ડક પાછળ છે, જેમણે ૧૦-૧૦ ડક કર્યા છે.

### ઝિમ્બાબ્વે સામે પાકિસ્તાનની સંઘર્ષપૂર્ણ જીત

મેચની વાત કરીએ તો, પાકિસ્તાને ટોપ-ઓર્ડરના ધબડકામાંથી બહાર આવીને ઝિમ્બાબ્વે સામે પાંચ વિકેટે સંઘર્ષપૂર્ણ વિજય મેળવ્યો હતો. ઝિમ્બાબ્વેએ શાનદાર શરૂઆત કર્યા પછી ૧૪૭/૮ રન બનાવ્યા હતા, જેમાં પાકિસ્તાનના સ્પિનરો મોહમ્મદ નવાઝ (૨/૨૨), અબરાર અહેમદ (૧/૨૮) અને સાઈમ અયુબે (૧/૩૧) બીજી ઈનિંગ્સમાં તેમની રન ગતિ અટકાવી દીધી હતી. પાકિસ્તાન ૩૦/૩ પર મુશ્કેલીમાં મુકાયું હતું, પરંતુ ફખર ઝમાન) (૪૪ રન) અને વિકેટકીપર-બેટ્સમેન ઉસ્માન ખાન (૩૭* રન)ની ૬૧ રનની ભાગીદારીએ ટીમને લક્ષ્ય તરફ દોરી. અંતે, મોહમ્મદ નવાઝે અંતિમ ઓવરમાં સતત બે ચોગ્ગા ફટકારીને પાકિસ્તાનને વિજય અપાવ્યો હતો.

**મહિલા વર્લ્ડ કપની અસર...**ઐતિહાસિક વર્લ્ડ કપ જીત પછી મહિલા ક્રિકેટરોમાં બ્રાન્ડ્સનો અભૂતપૂર્વ રસ

# કેપ્ટન હરમનપ્રીત કૌરનું બ્રાન્ડ પોર્ટફોલિયો થશે ત્રણ ગણું!



(એજન્સી) મુંબઈ | તા 19

મહિલા વર્લ્ડ કપમાં ભારતીય ટીમને મળેલી ઐતિહાસિક જીતની અસર હવે મેદાન બહાર પણ જોવા મળી રહી છે. આ સીમાચિહ્નરૂપ જીતને કારણે હવે બ્રાન્ડ્સ ભારતીય મહિલા ક્રિકેટરોમાં અભૂતપૂર્વ રસ દાખવી રહી છે, જેમાં કેપ્ટન હરમનપ્રીત કૌરનું બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ પોર્ટફોલિયો આગામી મહિનાઓમાં ત્રણ ગણું થવાની અપેક્ષા છે. હરમનપ્રીત, જેમણે ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે નાદિન ડી ક્લાર્કનો કેચ પકડીને ભારતને વિજય અપાવ્યો હતો, તે વર્લ્ડ કપ પહેલા ૮ થી ૧૦ બ્રાન્ડ સાથે સંકળાયેલી હતી. જોકે, તેમની મેનેજર નૂપુર કશ્યપના કહેવા પ્રમાણે, હવે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. હરમનપ્રીત કૌર વર્લ્ડ કપ પહેલા ૮-૧૦થી વધુ બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાં સામેલ હતી, પરંતુ વર્લ્ડ કપ પછી, હરમનપ્રીત કૌરનું મૂલ્ય અને સંખ્યા ત્રિગુણું થવાની અપેક્ષા છે.' મેનેજરે વધુમાં જણાવ્યું કે, 'બિન-સ્પોર્ટિંગ પરંપરાગત સ્પોર્ટ્સ સેક્ટરની બ્રાન્ડ્સે પણ તેમનો સંપર્ક કર્યો છે અને તેમની સાથે તકો શોધવા તૈયાર છે, જે મહિલા ક્રિકેટની વ્યાપક સ્વીકૃતિ દર્શાવે છે.' કશ્યપના મતે, ૨૦૧૭ની ફાઈનલ સુધીની સફર ભારતમાં મહિલા ક્રિકેટ માટે એક પ્રોત્સાહન હતી, પરંતુ આઠ વર્ષ પછીનું વર્લ્ડ કપ ટાઈટલ રમતની લોકપ્રિયતા અને બ્રાન્ડ રુચિને બીજા સ્તરે લઈ ગયું છે. તેમણે ઉમેર્યું કે, બ્રાન્ડ્સ હવે સમાનતા, સશક્તિકરણ અને પ્રેરણાના વિષયો સાથે તેમના સંદેશને જોડી રહી છે. 'પહેલા બ્રાન્ડ્સ મહિલા ક્રિકેટરોની શારીરિક દેખાવ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી, પરંતુ હવે તે ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. કથા બદલાઈ રહી છે, અને બ્રાન્ડ્સ હવે મહિલા ક્રિકેટરોને મજબૂત, સક્ષમ અને સિદ્ધિ પ્રાપ્ત એથ્લેટ્સ તરીકે રજૂ કરવાનું મૂલ્ય ઓળખી રહી છે.' કશ્યપના જણાવ્યા અનુસાર, વર્લ્ડ કપ પછી હરમનપ્રીત કૌર મીડિયા અને બ્રાન્ડ એન્ગેજમેન્ટ્સ માટે એક શહેરથી બીજા શહેરમાં પ્રવાસ કરી રહ્યા હોવાથી તેમનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત રહ્યું છે.

યુવાઓને માર્ગદર્શનનો અભાવ જવાબદાર

# અમિત મિશ્રાનો સણસણતો સવાલ: ભારતીય ટીમને હરાવવામાં 'ઉતાવળ' કારણભૂત!

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભૂતપૂર્વ ભારતીય લેગ-સ્પિનર અમિત મિશ્રાએ દક્ષિણ આફ્રિકા સામે એડન ગાર્ડન્સ ખાતેની પ્રથમ ટેસ્ટમાં ભારતીય ક્રિકેટ ટીમની ૩૦ રનથી થયેલી હાર પર નિખાલસપણે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો છે. અમિત મિશ્રાએ આ હાર માટે નબળી વાતચીત (કોમ્યુનિકેશન), યુવા બેટિંગ યુનિટ માટે અપૂરતું માર્ગદર્શન અને નિર્ણાયક ક્ષણોમાં બેટ્સમેનો દ્વારા 'રશ ઑફ બ્લડ' (ઉતાવળ)ને જવાબદાર ઠેરવ્યું છે. અનુભવની કમી અને માનસિક અભિગમ



ત્રણ દિવસની અંદર સમાપ્ત થયેલી આ પ્રથમ ટેસ્ટ મેચમાં વિજય માટે ૧૨૪ રનના લક્ષ્યનો પીછો કરતાં ભારત માત્ર ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ મેચમાં કોઈ પણ ટીમ ૨૦૦ રનનો આંકડો પાર કરી શકી નહોતી, જેમાં દક્ષિણ આફ્રિકાના કપ્તાન ટેમ્બા બાવુમાનો અણનમ ૫૫ રનનો સ્કોર સર્વોચ્ચ રહ્યો હતો. અમિત મિશ્રાએ એક મીડિયા અહેવાલ સાથેની વિશિષ્ટ વાતચીતમાં જણાવ્યું: 'મને લાગે છે કે વાતચીતનો અભાવ હતો અને અમારે ખેલાડીઓને કહેવું જોઈતું હતું કે આવી વિકેટ પર કેવી રીતે બેટિંગ કરવી. મારો મતલબ, અમારે તેમને સારી રીતે માર્ગદર્શન આપવું પડશે. ટીમમાં થોડા યુવા ખેલાડીઓ પણ છે અને મને લાગે છે કે આ ટીમમાં અનુભવની ખૂબ મોટી કમી છે. એક યુવા ખેલાડી માટે સૌથી મોટી બાબત એ છે કે બેટિંગ કરતી વખતે ખૂબ 'રશ ઑફ બ્લડ' હોય છે. તેથી તમારે તેમની સાથે વાત કરવી પડશે અને તેમને સારી રીતે માર્ગદર્શન આપવું પડશે

વિશ્વનો નંબર વન ખેલાડી જમણી હેમસ્ટ્રિંગમાં સોજાને કારણે નહીં રમે

# કાર્લોસ અલ્કારાઝને મોટો ઝટકો: ઈજાને કારણે ડેવિસ કપ ફાઈનલ્સમાંથી આઉટ!

(એજન્સી) મેડ્રિડ | તા 19

વિશ્વના નંબર વન ખેલાડી અને સ્પેનના સ્ટાર ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝને મોટો ઝટકો લાગ્યો છે. કાર્લોસ અલ્કારાઝ આ સપ્તાહે ઈટાલીમાં યોજાનારી ડેવિસ કપ ફાઈનલ ૮ ટૂર્નામેન્ટમાંથી ઈજાના કારણે બહાર થઈ ગયો છે. બે વખતનો વિમ્બલ્ડન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝએ મંગળવારે સોશિયલ મીડિયા પર આ દુઃખદ સમાચારની જાહેરાત કરી હતી. ૨૨ વર્ષીય છ વખતનો ગ્રાન્ડ સ્લેમ વિજેતા કાર્લોસ અલ્કારાઝએ જણાવ્યું કે તેની જમણી હેમસ્ટ્રિંગમાં સોજો છે અને તબીબી સલાહ મુજબ તેને ન રમવાની સૂચના આપવામાં આવી છે. કાર્લોસ અલ્કારાઝએ સોશિયલ મીડિયા પર માફી માગતા લખ્યું, 'મને જાહેરાત કરતાં ખૂબ જ દુઃખ થાય છે કે હું બોલોગ્નામાં ડેવિસ કપમાં સ્પેન માટે રમી શકીશ નહીં. મારા જમણા હેમસ્ટ્રિંગમાં સોજો છે અને તબીબી સલાહ છે કે ન રમવું.' કાર્લોસ અલ્કારાઝએ ભાવનાત્મક રીતે કહ્યું કે, 'મેં હંમેશા કહ્યું છે કે સ્પેન માટે રમવું એ સૌથી મોટી બાબત છે અને હું ટીમને ડેવિસ કપ ટ્રોફી માટે લડવામાં મદદ કરવા માટે ખરેખર ઉત્સુક હતો.'



### ઈટાલીને પણ મોટો ફટકો

કાર્લોસ અલ્કારાઝની આ જાહેરાત એટીપી ફાઈનલ્સ ટાઈટલ મેચમાં તેના કટ્ટર હરીફ ઈટાલીના વિશ્વના નંબર બે ખેલાડી જાનિક સિનર સામે ૭-૬ (૭/૪), ૭-૫થી હાર્યાના બે દિવસ પછી આવી છે. રસપ્રદ વાત એ છે કે, જાનિક સિનરએ પણ આ ટૂર્નામેન્ટમાંથી બહાર થવાની જાહેરાત કરી દીધી હતી, જેનાથી યજમાન ઈટાલીની ત્રીજી વખત ટાઈટલ જીતવાની આશાઓને ફટકો પડ્યો છે. આ ઉપરાંત, ઈટાલીના બીજા ક્રમાંકિત ખેલાડી લોરેન્ઝો મુસેટી પણ ઈજાને કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. આ સપ્તાહે બોલોગ્નામાં યોજાનારી ડેવિસ કપ ફાઈનલ ૮ માં સ્પેન ઉપરાંત ઑસ્ટ્રિયા, ફ્રાન્સ, બેલ્જિયમ, ચેક રિપબ્લિક, આર્જેન્ટિના અને જર્મની જેવા દેશો વિજય માટે ટકરાશે.

સર્જરી બાદ હવે વધુ તાકાત // બેક સર્જરી બાદ પ્રથમવાર બોલિંગમાં પૂર્ણ ગતિ મેળવવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો

# કેમરન ગ્રીન ૧૪૦ કિમી/કલાકની ગતિ પાર કરી, એશિઝ માટે તૈયાર

પર્થ: ઑસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર કેમરન ગ્રીનએ એશિઝ શ્રેણી પહેલા એક મોટો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું છે કે તે ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં તેની સંપૂર્ણ ગતિ સાથે બોલિંગ કરવા તૈયાર છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં પીઠની શસ્ત્રક્રિયા કરાવ્યા બાદ પ્રથમ વખત મેચમાં ૧૪૦ કિમી/કલાકની ઝડપને પાર કરવામાં તેને સફળતા મળી છે. કેમરન ગ્રીનએ જણાવ્યું કે, તાજેતરમાં ક્વીન્સલેન્ડ સામે રમાયેલી શેફિલ્ડ શીલ્ડ મેચમાં તેણે ૧૬ ઓવર ફેંકી, જેનાથી તેને એશિઝની પાંચ ટેસ્ટ મેચોની ભારે વર્કલોડ સહન કરવાનો વિશ્વાસ મળ્યો છે. કેમરન ગ્રીનએ કહ્યું, 'બોલિંગ ખરેખર સારી લાગી. પહેલા દિવસે ૩૫ ડિગ્રી તાપમાન હતું, અને મને થયું, 'હે ભગવાન, શું મેં બોલિંગની ફિટનેસ ગુમાવી દીધી છે?' પરંતુ જ્યારે મેં આસપાસ જોયું ત્યારે જે બોલરો વધુ ઓવર ફેંકે છે તે પણ સંઘર્ષ કરી રહ્યા હતા.




### એશિઝ માટે 'તાજગી'નો ફાયદો

કેમરન ગ્રીનએ સ્વીકાર્યું કે નેટમાં બોલિંગ કરવા છતાં, મેચની તીવ્રતા (ઈન્ટેન્સિટી) અલગ જ હોય છે, જે ગતિ લાવવામાં મદદ કરે છે. તેની પીઠની સર્જરીમાં ટાઈટેનિયમ સ્ક્રૂ મૂકવામાં આવ્યા હતા, જે હવે કેમરન ગ્રીનને વધુ મજબૂત અને બોલિંગ માટે આત્મવિશ્વાસથી ભરપૂર બનાવે છે. કેમરન ગ્રીનને લાગે છે કે તે એશિઝ માટે સ્પર્ધાત્મક ઓવરોના સંદર્ભમાં થોડો ઓછો તૈયાર હોઈ શકે છે, પરંતુ તે માને છે કે આનાથી ઑસ્ટ્રેલિયાને ફાયદો થઈ શકે છે. કેમરન ગ્રીનએ સમજાવ્યું, 'પાંચ ટેસ્ટ મેચની સિરીઝ તમારા પર ઘણું દબાણ લાવશે અને જો તમે થાકેલા આવશો, તો અંત સુધીમાં થાકી જશો. આ 'ડબલ એજ્ડ તલવાર' છે કે તમે ખૂબ જ ફ્રેશ થઈને આવો છો.'

બાંગ્લાદેશના શેખ મોરસાલિને ૧૧મી મિનિટે નિર્ણાયક ગોલ ફટકાર્યો

# ભારતીય ફૂટબોલ ટીમને શરમજનક હાર: બાંગ્લાદેશ સામે 0-૧થી પરાજય!

(એજન્સી) ઢાકા | તા 19

૨૦૨૭ એશિયન કપ ક્વોલિફાયર્સમાં સ્થાન મેળવવાની રેસમાંથી પહેલેથી જ બહાર થઈ ગયેલી ભારતીય ફૂટબોલ ટીમને મંગળવારે તેની ગ્રુપ સીની અંતિમ મેચ પહેલાના મુકાબલામાં વધુ એક શરમજનક હારનો સામનો કરવો પડ્યો. ભારતે બાંગ્લાદેશ સામે ૦-૧થી પરાજય મેળવ્યો. નેશનલ સ્ટેડિયમમાં દર્શકોના જોરદાર ઉત્સાહ વચ્ચે બાંગ્લાદેશના શેખ મોરસાલિને ૧૧મી મિનિટે એકમાત્ર અને નિર્ણાયક ગોલ નોંધાવ્યો હતો. હાલમાં ફીફા રેન્કિંગમાં ૧૩૬મા સ્થાને રહેલી ભારતીય ફૂટબોલ ટીમ માટે આ મુકાબલો નિરર્થક હતો, કારણ કે બંને ટીમો ૨૦૨૭ના કોન્ટિનેંટલ શોપીસની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. ભારતીય ફૂટબોલ ટીમને ૩૧મી મિનિટમાં ગોલ કરવાની એક સુવર્ણ તક મળી હતી. બાંગ્લાદેશના ગોલકીપર મિતુલ માર્મા પોતાના સ્થાન પરથી સંપૂર્ણપણે દૂર હોવા છતાં, લાલિયાંઝુઆલા છાંગટેનો બોક્સની ટોચ પરથી રાઈટ-ફૂટેડ શૉટ હમઝા ચૌધરીએ હેડ કરીને દૂર કરી



દીધો હતો. પ્રથમ હાફમાં ટચ લાઈન નજીક બંને ટીમના કેટલાક ખેલાડીઓ વચ્ચે ધક્કામુક્કી પણ થઈ હતી, જોકે રેફરીએ પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. ૧૪ ઓક્ટોબરના રોજ ગોવા, માર્ગાઓમાં સિંગાપોર સામે ૧-૦ની લીડ ગુમાવીને ૧-૨થી હાર્યા બાદ જ ભારતીય ફૂટબોલ ટીમનું ક્વોલિફાયર અભિયાન અસરકારક રીતે સમાપ્ત થઈ ગયું હતું. આ હારના કારણે જીત વગરની ભારતીય ફૂટબોલ ટીમ પાંચ મેચોમાંથી માત્ર બે પોઈન્ટ સાથે ચાર ટીમોના ટેબલમાં તળિયે જ રહી.

## નવ વિમાન ઘૂસ્યા: નૌકાદળના જહાજો અને વિમાનો તાઈવાનના ADIZમાં ઘૂસ્યા

# તાઈવાનની સરહદે ચીની સૈન્ય ગતિવિધિમાં વધારો

(એજન્સી) તાઇપેઇ I તા. 19

તાઈવાનની સરહદો આસપાસ ચીની સૈન્ય ગતિવિધિઓમાં ફરી એકવાર વધારો થયો છે, જેના કારણે પ્રાદેશિક તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા બુધવારે જાહેર કરાયેલા અહેવાલ મુજબ, કુલ નવ ચીની સૈન્ય વિમાનો, ચાર નૌકાદળના જહાજો અને બે સત્તાવાર જહાજો તાઈવાનના પ્રાદેશિક જળક્ષેત્રોની આસપાસ કાર્યરત હોવાનું જણાયું હતું.

મંત્રાલયે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, આ નવ વિમાન ઉડાનોમાંથી સાત વિમાનોએ મધ્ય રેખા પાર કરી અને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમી હવાઈ સંરક્ષણ ઓળખ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તાઈવાનના સશસ્ત્ર દળોએ આ પરિસ્થિતિ પર સતત નજર રાખી છે અને તેને અનુરૂપ જવાબ આપ્યો છે.

તાઈવાન સ્ટ્રેટમાં આવેલી મધ્ય રેખાને બિનસત્તાવાર રીતે શાંતિ અને સંયમ જાળવવા માટેની બંને દેશો વચ્ચેની અનૌપચારિક સીમા માનવામાં આવે છે. ચીની પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ના વિમાનો દ્વારા સતત આ રેખાનું ઉલ્લંઘન કરીને તાઈવાનના ADIZમાં પ્રવેશ કરવો, તે તાઈપેઈની સુરક્ષા માટે મોટો પડકાર છે. આ અગાઉ સોમવારે પણ તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે આઠ ચીની સૈન્ય વિમાનો, આઠ નૌકાદળના જહાજો અને બે સત્તાવાર જહાજોને તાઈવાનની આસપાસ કાર્યરત હોવાનું શોધી કાઢ્યું હતું. તે આઠ વિમાનોમાંથી બે વિમાનોએ મધ્ય રેખા પાર કરી અને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમી અને દક્ષિણ-પૂર્વીય ADIZમાં પ્રવેશ કર્યો હતો.

ચીનની આ ઉશ્કેરણીજનક ચીની સૈન્ય ગતિવિધિઓ માત્ર તાઈવાન પૂરતી સીમિત નથી. તાઈવાનના રાષ્ટ્રપતિ કાર્યાલયે ચીન પર રાજકીય લાભ માટે જાપાન સાથે તણાવ વધારવાનો આક્ષેપ કર્યો છે. આ આક્ષેપો એવા સમયે આવ્યા છે જ્યારે ચીની દરિયાઈ સત્તાવાળાઓએ પીળી સમુદ્ર (Yellow Sea)માં



મિસાઈલના લાઈવ-ફાયર અભ્યાસની યોજના જાહેર કરી છે.

તાઈપેઈ ટાઈમ્સ દ્વારા મળેલા અહેવાલ મુજબ, ચીનના મેરીટાઈમ સેફ્ટી એડમિનિસ્ટ્રેશને એક નેવિગેશનલ ચેતવણી જાહેર કરી હતી જેમાં જણાવાયું હતું કે પીપલ્સ લિબરેશન આર્મી મંગળવારથી ગુરુવાર સુધી મધ્ય પીળી સમુદ્રમાં જીવંત દારૂગોળો સાથે મિસાઈલ લોન્ચ કરશે.

### જાપાનના નિવેદન પર ચીનનો વળતો પ્રહાર

ચીન દ્વારા જાપાનને નિશાન બનાવતા પગલાં પણ લેવામાં આવ્યા છે. ચીનએ તેના નાગરિકોને જાપાનમાં વધી રહેલા ગુનાહિત જોખમોનો સામનો કરવો પડી રહ્યો હોવાનું કહીને મુસાફરી ચેતવણી પણ જાહેર કરી હતી. આ ચેતવણીને જાપાનના વડાપ્રધાન સાનાઈ ટકાઈચી દ્વારા સંસદીય સત્ર દરમિયાન આપવામાં આવેલા નિવેદનના બદલા તરીકે જોવામાં આવે છે.

વડાપ્રધાન ટકાઈચીએ જણાવ્યું હતું કે તાઈવાનની ચીન દ્વારા દરિયાઈ નાકાબંધી જાપાન માટે "અસ્તિત્વના જોખમવાળી પરિસ્થિતિ" તરીકે વર્ગીકૃત થઈ શકે છે, જેનાથી જાપાનની આત્મરક્ષા પદ્ધતિઓ સક્રિય થઈ શકે છે.

ચીનની આ ચીની સૈન્ય ગતિવિધિઓ અને રાજદ્વારી કાર્યવાહીઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે તાઈવાન સ્ટ્રેટ અને તેની આસપાસના પ્રદેશમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે.

## ઇઝરાયલની સુરક્ષા ચિંતા વધી

# ટ્રમ્પ સાઉદી અરબને F-35 ફાઈટર જેટ આપવા સહમત

(એજન્સી) વોશિંગ્ટન ડીસી I તા. 19

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને ફીફથ જનરેશનના અદ્યતન F-35 બોમ્બર વિમાનો આપવા સહમત થતાં મધ્ય પૂર્વના રાજકીય અને સંરક્ષણ સમીકરણોમાં મોટો બદલાવ આવવાની સંભાવના છે. આ નિર્ણયે અમેરિકાના પરંપરાગત સાથી દેશ ઈઝરાયલનું ટેન્શન ચોક્કસપણે વધાર્યું છે, કારણ કે અત્યાર સુધી મધ્ય પૂર્વમાં આ અદ્યતન ફાઈટર જેટ પર માત્ર ઈઝરાયેલનો એકમાત્ર અધિકાર હતો.

વ્હાઈટ હાઉસમાં યોજાયેલી આ બેઠક દરમિયાન બંને નેતાઓએ વૈશ્વિક ઈન્ડો-પેસિફિક અને વિશેષતઃ મધ્ય પૂર્વની પરિસ્થિતિ વિશે સઘન મંત્રણા કરી હતી. આ મંત્રણાઓ દરમિયાન જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે F-35 યુદ્ધ વિમાનો આપવાનું વચન આપ્યું હતું. ક્રાઉન પ્રિન્સ સલમાનની અમેરિકા મુલાકાતને અમેરિકા કેટલું મહત્ત્વ આપે છે, તે તેમના સ્વાગત પરથી સ્પષ્ટપણે સમજી શકાય છે.



જ્યારે ક્રાઉન પ્રિન્સ સલમાન વ્હાઈટ હાઉસ પહોંચ્યા, ત્યારે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર બંને બાજુએ અમેરિકા અને સઉદી અરબસ્તાનના ધ્વજ એકસાથે રાખવામાં આવ્યા હતા. આ પ્રકારનું સન્માન અત્યંત વિશિષ્ટ માનવામાં આવે છે અને ભાગ્યે જ કોઈ રાષ્ટ્રના વડાઓને આપવામાં આવે છે. ક્રાઉન પ્રિન્સનું સ્વાગત મિલિટરી બેન્ડ્સ અને તોપોની સલામી સાથે કરાયું હતું.

તેમના માટે યોજાયેલા ભવ્ય ભોજન સમારંભમાં ઉપસ્થિત અમેરિકાના અધિકારીઓએ બ્લેક ટાઈ પહેરી હતી, જે આ મુલાકાતના રાજદ્વારી મહત્ત્વને દર્શાવે છે. બંને નેતાઓ વચ્ચે બહુ-આયામી આર્થિક અને સંરક્ષણ કરારો થવાની સંભાવના છે, જેમાં ટેકનોલોજી અને વ્યાપારી ભાગીદારી પણ શામેલ છે.

## ન્યૂઝ બ્રીફ

### પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફને ભારતનો ડર



ઈસ્લામાબાદ/નવી દિલ્હી | પાકિસ્તાનમાં આંતરિક રાજકીય ગરબડ અને આતંકવાદને લઈને વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. એક તરફ, પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફ દેશમાં થઈ રહેલા હુમલાઓ માટે પાડોશી દેશો ભારત અને અફઘાનિસ્તાનને જવાબદાર ઠેરવી રહ્યા છે, જ્યારે બીજી તરફ, ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીએ સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે કે તેમની જ સરકાર "બનાવટી આતંકવાદ" ફેલાવી રહી છે. આ આંતરિક સંઘર્ષ વચ્ચે સંરક્ષણ મંત્રીના નિવેદનોએ ચર્ચા જગાવી છે. એક ટીવી કાર્યક્રમમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ભારતીય સેના પ્રમુખના તાજેતરના નિવેદન પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

### વરિષ્ઠ રાજદ્વારી ચરણજીત સિંહ બન્યા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નવા પ્રતિનિધિ

નવી દિલ્હી | ભારતના વિદેશ મંત્રાલયે એક મહત્ત્વની રાજદ્વારી નિમણૂકની જાહેરાત કરી છે. વરિષ્ઠ રાજદ્વારી ચરણજીત સિંહને સંયુક્ત રાષ્ટ્ર નિઃશસ્ત્રીકરણ પરિષદ (UN Conference on Disarmament)માં ભારતના આગામી રાજદૂત અને કાયમી પ્રતિનિધિ (Permanent Representative) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પરિષદનું મુખ્ય કાર્યાલય સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા શહેરમાં આવેલું છે. ચરણજીત સિંહ ભારતીય વિદેશ સેવા (IFS)ના ૧૯૯૬ની બેચના અધિકારી છે અને હાલમાં તેઓ વિદેશ મંત્રાલયમાં અધિક સચિવ (Additional Secretary) તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમની આ નિમણૂક વૈશ્વિક સ્તરે નિઃશસ્ત્રીકરણ અને અણુ સુરક્ષા સંબંધિત ભારતના દૃષ્ટિકોણને મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

### બલૂચિસ્તાનમાં સુરક્ષા કાર્યવાહીથી જનજીવન ઠપ્પ: લોકો પલાયન કરવા મજબૂર



બલૂચિસ્તાન | બલૂચિસ્તાનના અનેક વિસ્તારોમાં પાકિસ્તાની સુરક્ષા દળોની વિસ્તરતી કાર્યવાહીને કારણે નાગરિક જીવન લગભગ કચડાઈ ગયું છે. રસ્તાઓ પર નાકાબંધી, કર્ફ્યુ અને સતત ઈન્ટરનેટ સસ્પેન્શનને કારણે દૈનિક પ્રવૃત્તિઓ થંભી ગઈ છે, જેનાથી મોટા પાયે વિસ્થાપન થયું છે અને અનિશ્ચિતતા ઘેરી બની છે. ઝેહરીના રહેવાસીઓએ જણાવ્યું કે ત્યાં લાગુ કરાયેલા વ્યાપક કર્ફ્યુને કારણે સમગ્ર વિસ્તારો ખાલી થઈ ગયા છે અને સેંકડો પરિવારોને ઘર છોડવાની ફરજ પડી છે. બલૂચિસ્તાન પોસ્ટના અહેવાલ મુજબ, સ્થાનિકોનો આક્ષેપ છે કે સાંજે ૫ વાગ્યા પછી બહાર દેખાતા કોઈપણ વ્યક્તિ પર સુરક્ષા દળો ગોળીબાર કરે છે.

## એસસીઓ બેઠકમાં આતંકવાદ સામે ભારતે બુલંદ અવાજે વાત કરી

# મોસ્કોમાં ભારતના એસ.જયશંકર-પુતિન મુલાકાત: ભારત-રશિયા સંબંધોને નવી દિશા

(એજન્સી) મોસ્કો I તા. 19

વિદેશ મંત્રી એસ. જયશંકરે વાર્ષિક ભારત-રશિયા શિખર સંમેલન પહેલા મંગળવારે મોસ્કોમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી. આ મુલાકાતને બંને દેશોના મજબૂત વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં એક મહત્ત્વનું પગલું માનવામાં આવે છે.

આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ક્ષેત્રીય અને વૈશ્વિક વિકાસ પર પણ મંતવ્યોની આપ-લે કરી હતી. જયશંકરે મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર લખ્યું કે, "રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે મોસ્કોમાં મુલાકાત કરીને સન્માનિત અનુભવી રહ્યો છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છાઓ પહોંચાડી. આગામી વાર્ષિક ભારત-રશિયા શિખર સંમેલનની ચાલી રહેલી તૈયારીઓ વિશે તેમને માહિતગાર કર્યા. અમારા સંબંધોને વધુ આગળ વધારવા માટે તેમના દૃષ્ટિકોણ અને માર્ગદર્શનને હું ખૂબ જ મહત્ત્વ આપું છું."

જયશંકરે મંગળવારે રાષ્ટ્રપતિ પુતિનને મળ્યા ઉપરાંત શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ)ના અન્ય પ્રતિનિધિમંડળના વડાઓ સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે એસસીઓ પરિષદના વડાઓની બેઠકમાં કરેલા સંબોધનમાં આતંકવાદ, વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને સંગઠનાત્મક સુધારાની જરૂરિયાત પર મજબૂત સંદેશ આપ્યો હતો.



જયશંકરે આતંકવાદ પર ભારતના અડગ વલણને પુનઃ સમર્થિત કર્યું, સ્પષ્ટપણે જણાવ્યું કે આતંકના કોઈપણ સ્વરૂપ માટે "કોઈ સમર્થન, કોઈ નજરઅંદાજ અને કોઈ ઢાંકપિછોડો" હોઈ શકે નહીં. તેમણે ભારતના નાગરિકોની રક્ષા કરવાના સાર્વભૌમ અધિકાર પર પણ ભારપૂર્વક ભાર મૂક્યો.

જયશંકરે આતંકવાદ પ્રત્યે 'શૂન્ય સહિષ્ણુતા'નો અભિગમ અપનાવવા હાકલ કરી અને ભારપૂર્વક જણાવ્યું કે એસસીઓએ આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદની 'ત્રણ બુરાઈઓ' સામે લડવાના તેના સ્થાપક સિદ્ધાંતોને જાળવી રાખવા જોઈએ.

વિદેશ મંત્રી જયશંકરે જણાવ્યું, "આપણે ક્યારેય ભૂલવું ન જોઈએ કે એસસીઓની સ્થાપના આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદની ત્રણ બુરાઈઓ સામે લડવા માટે કરવામાં આવી હતી. આ જોખમો સમય જતાં વધુ ગંભીર બન્યા છે. તે અનિવાર્ય છે કે વિશ્વ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દર્શાવે."

### SCઓ બેઠક અને સભ્ય દેશો

એસસીઓ સભ્ય દેશોના વડાઓની પરિષદની ૨૪મી બેઠક ૧૭ અને ૧૮ નવેમ્બરના રોજ મોસ્કોમાં યોજાઈ હતી. ભારતે ૨૦૧૭થી એસસીઓનું સભ્યપદ ધરાવે છે, અને ૨૦૦૫થી તે નિરીક્ષકનો દરજ્જો ધરાવતું હતું.

ભારત ઉપરાંત, એસસીઓમાં બેલારુસ, ચીન, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સહિત ૧૦ સભ્ય દેશોનો સમાવેશ થાય છે. આ સંમેલનમાં જયશંકરનો સખત સંદેશ સંસ્થાના મૂળ ઉદ્દેશ્યને મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### ■ રશિયા તરફથી સુખોઈ-૫૭ ટેકનોલોજી ટ્રાન્સફરની અમર્યાદિત ઓફર



દુબઈ | ભારતની ભવિષ્યની ફાઈટર વિમાનની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, રશિયાએ પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર વિમાન સુખોઈ-૫૭ (Su-57) માટે કોઈપણ પ્રકારના પ્રતિબંધો વિના ટેકનોલોજી ટ્રાન્સફર (તકનીકી હસ્તાંતરણ)ની ઓફર કરી છે. રશિયાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારત તરફથી આ વિમાન સંબંધિત કોઈપણ માંગ 'સંપૂર્ણપણે સ્વીકાર્ય' છે. આ ખાતરી વિદેશ મંત્રી જયશંકરની રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત સહિત અનેક ઉચ્ચ-સ્તરીય બેઠકો પછી આપવામાં આવી છે. આગામી મહિને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ભારતની મુલાકાતે આવી રહ્યા છે તે પહેલાં આ પ્રસ્તાવ ઘણો મહત્ત્વપૂર્ણ ગણાય છે. દુબઈ એર શો ૨૦૨૫ના કાર્યક્રમની બાજુમાં વાત કરતાં, રશિયાની સરકારી સંરક્ષણ સમૂહ 'રોસ્ટેક' (Rostec)ના સીઈઓ સર્ગેઇ ચેમેઝોવે બંને દેશો વચ્ચેની લાંબા સમયની સંરક્ષણ ભાગીદારી પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, "ભારત અને રશિયા ઘણા વર્ષોથી ભાગીદાર છે. જ્યારે ભારત પ્રતિબંધોનો સામનો કરી રહ્યું હતું, ત્યારે પણ અમે તેની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શસ્ત્રો પૂરા પાડ્યા હતા."

## દુબઈ એરશોમાં રશિયન હેલિકોપ્ટર્સ દ્વારા તેનું પ્રદર્શન

# રશિયાએ Ka-32A11M હેલિકોપ્ટરનું અનાવરણ કર્યું




(એજન્સી) દુબઈ I તા. 19

યુએઈના દુબઈ એરશો ૨૦૨૫માં, રશિયન એરોસ્પેસ ઉદ્યોગની દિગ્ગજ કંપની રોસ્ટેક સ્ટેટ કોર્પોરેશનના એક ભાગ, રશિયન હેલિકોપ્ટર્સ દ્વારા તેના Ka-32A11M અગ્નિશમન હેલિકોપ્ટરનું નવીનતમ અને અપગ્રેડેડ સંસ્કરણ રજૂ કરવામાં આવ્યું છે. આ નવું મોડેલ કટોકટી અને અગ્નિશમન બજારમાં રશિયાની હાજરીને વિસ્તૃત કરવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે આંતરરાષ્ટ્રીય ખરીદદારો સમક્ષ પ્રદર્શિત કરવામાં આવ્યું છે.

Ka-32A11M હેલિકોપ્ટર તેની નવીનતમ સુવિધાઓને કારણે વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચી રહ્યું છે. રશિયન હેલિકોપ્ટર્સ મુજબ, આ હેલિકોપ્ટરની અગ્નિશમન પ્રણાલીમાં એક એવી સુવિધા શામેલ છે જે તેને વિશ્વમાં પ્રથમ બનાવે છે: Ka-32A11M પ્રખ્યાત Ka-32 પ્લેટફોર્મ પર આધારિત છે, જેનો ઉપયોગ વિશ્વના ૩૦થી વધુ દેશોમાં અગ્નિશમન અને બચાવ મિશન માટે થાય છે. નવા સંસ્કરણમાં તેની ક્ષમતાઓને શહેરી અને દરિયાઈ વાતાવરણમાં વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે: તે ૪,૦૦૦ લિટર સુધી પાણી અને ૪૦૦ લિટર સુધી ફીણ એજન્ટ વહન કરી શકે છે. તેની ઉત્તમ દાવપેચ, સ્થિરતા અને શક્તિને કારણે તે ઊંચી ઈમારતોની નજીકના સંકુચિત શહેરી વિસ્તારોમાં પણ અસરકારક રીતે વોટર કેનન અને અગ્નિશમન ઉપકરણોનો ઉપયોગ કરી શકે છે.

તે જહાજો પર આગ સલામતી અને ઑફશોર બચાવ કામગીરી માટે પણ તૈયાર કરવામાં આવ્યું છે, જે સીધા જહાજો પરથી સંચાલન કરી શકે છે. Ka-32A11M ને પાયલોટના કાર્યબોજને ઘટાડવા માટે અપગ્રેડેડ રેડિયો નેવિગેશન સાધનોથી સજ્જ કરવામાં આવ્યું છે. કટોકટી પ્રતિભાવ ટીમો માટે, તેને નાઈટ વિઝન ગોગલ્સથી પણ સજ્જ કરી શકાય છે, જે રાત્રે ઓછી ઊંચાઈએ કામગીરી કરવાની મંજૂરી આપે છે.

# શેખ હસીનાના પુત્રએ બાંગ્લાદેશની વચગાળાની સરકાર પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) વર્જિનિયા I તા. 19

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને 'માનવતા વિરુદ્ધના ગુનાઓ'માં દોષિત ઠેરવવામાં આવ્યા અને તેમને મૃત્યુદંડની સજા સંભળાવ્યા બાદ, તેમના પુત્ર સાજીબ વાજેદે ઢાકામાં મુહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારની 'કાયદેસરતા' પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. વાજેદે આક્ષેપ કર્યો છે કે આ સરકાર ચૂંટણીઓ યોજ્યા વિના અને 'શૂન્ય લોકપ્રિય સમર્થન' સાથે સત્તા પર કબજો જમાવીને બેઠી છે.

અમેરિકામાં વાતચીત કરતાં સાજીબ વાજેદે દલીલ કરી કે જો મુહમ્મદ યુનુસ લોકપ્રિય નેતા હોત, તો તેમણે ચૂંટણીઓ કેમ ન યોજી? તેમણે સવાલ કર્યો કે "જો મુહમ્મદ યુનુસ લોકપ્રિય હોત, તો તેમણે ચૂંટણી કેમ ન યોજી અને કાયદેસરતા સાથે દેશનું સંચાલન કેમ ન કર્યું? તેમણે દોઢ વર્ષથી



વધુ સમયથી ચૂંટણી યોજ્યા વિના સત્તા જાળવી રાખી છે, કારણ કે તેમને જરાય લોકપ્રિય સમર્થન નથી." વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલ રાજકીય પક્ષ 'એનસીપી' (નેશનલ સિટીઝન પાર્ટી) તમામ મતદાનમાં માત્ર ૨% લોકપ્રિયતા ધરાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, મુહમ્મદ યુનુસ અને વિદ્યાર્થી પક્ષ પાસે કોઈ જ લોકપ્રિયતા નથી, તેથી જ તેઓ ચૂંટણી વિના સત્તા પર ટકી રહ્યા છે. સાજીબ વાજેદે ઢાકાની વચગાળાની સરકાર પર બાંગ્લાદેશની વિદેશ નીતિને ધરમૂળથી ચીન તરફ વાળવાનો સીધો આક્ષેપ કર્યો હતો.

## એરિક ટ્રમ્પનો ઝોહરાન મામદાની પર સીધો પ્રહાર: "તે ભારતીયોને નફરત કરે છે"

વોશિંગ્ટન ડીસી | અમેરિકાના રાજકારણમાં ન્યૂયોર્કના નવા મેયરને લઈને વિવાદ વકર્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર અને ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનના કાર્યકારી ઉપાધ્યક્ષ એરિક ટ્રમ્પે ન્યૂયોર્કના મેયર-ઈલેક્ટ ઝોહરાન મામદાની પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ભારતીય મૂળના આ નવા નેતા પર "ભારતીય લોકો પ્રત્યે નફરત" રાખવાનો અને "કોમ્યુનિસ્ટ" હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ કર્યો છે. યહૂદી અને ભારતીય સમુદાય પર નિવેદન એરિક ટ્રમ્પે ઝોહરાન મામદાની પર યહૂદી લોકો પ્રત્યે પણ નફરત રાખવાનો અને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ધરપકડ કરવા માંગવાનો આરોપ લગાવ્યો હતો. તમારી પાસે એક સમાજવાદી, કોમ્યુનિસ્ટ છે, તમે તેને જે પણ લેબલ આપવા માંગતા હોવ.

# ચીને ત્રીજું એરક્રાફ્ટ કેરિયર 'ફુજિયાન' કમિશન કર્યું: વૈશ્વિક સત્તાને પડકાર

### નૌકાદળના વર્ચસ્વમાં યુએસ નેવીને હવે ચીનનો ખુલ્લો પડકાર

(એજન્સી) હોંગકોંગ I તા. 19

૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ફુજિયાન (Fujian) જહાજને કમિશન કરવામાં આવતાં, હવે ચીન પાસે ત્રણ એરક્રાફ્ટ કેરિયરનો કાફલો છે. આ સાથે પીપલ્સ લિબરેશન આર્મી નેવી (PLAN) વિશ્વમાં વાહક જહાજોનું સંચાલન કરનાર બીજું સૌથી મોટું નૌકાદળ બની ગયું છે. જોકે, આ આંકડો હજુ પણ યુએસ નેવી (US Navy) દ્વારા સંચાલિત અગિયાર વાહક જહાજો કરતાં ઘણો ઓછો છે.

બીજા વિશ્વયુદ્ધના અંતથી પશ્ચિમી પેસિફિક પર યુએસ નેવીનું વર્ચસ્વ રહ્યું છે, પરંતુ ચીનની સતત વધતી નૌકા શક્તિએ તે વર્ચસ્વને પડકાર આપવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને ફુજિયાનનું આગમન ચીનની નૌકા ક્ષમતાઓમાં એક મોટો કૂદકો છે. આ તકનીકી પ્રગતિની ઝડપ ખરેખર અસાધારણ છે.

ફુજિયાન (પેનન્ટ નંબર '૧૮')ની મહત્ત્વતા એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે હૈનાન ટાપુ પર આવેલા સાન્યા નૌકા મથક પર યોજાયેલા કમિશનિંગ સમારોહમાં ખુદ રાષ્ટ્રપતિ શી જિનપિંગ હાજર રહ્યા હતા. રાજ્ય મીડિયા મુજબ, શી જિનપિંગે કેટપલ્ટનું બટન દબાવીને લોન્ચ શટલને "કમાનમાંથી નીકળેલા તીરની જેમ" આગળ ધપાવ્યું હતું. ફુજિયાનનું સૌથી મહત્ત્વનું તકનીકી પાસું એ છે કે તે વિમાનને ઉડાન ભરવા માટે **ઈલેક્ટ્રોમેગ્નેટિક એરક્રાફ્ટ લોન્ચ સિસ્ટમ (EMALS)**થી સજ્જ છે. ચીનના અગાઉના બે કેરિયર્સ, લિયાઓનિંગ અને શેનડોંગ, વિમાનને હવામાં ધકેલવા માટે 'સ્કિ જમ્પ રેમ્પ'નો ઉપયોગ કરતા હતા.

**અવશેષો** | નિયત તારીખ ૧૮ નવેમ્બરથી લંબાવાયું; કિરેન રિજિજુ વિદાય સમારોહનું નેતૃત્વ કરશે

# ભૂતાનમાં બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રદર્શનને જાહેર માંગથી વિસ્તરણ મળ્યું

(એજન્સી) થિમ્ફુ I તા. 19

આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જોડાણના ગહન સંકેતમાં, ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોનું ભારત તરફથી ભૂટાનમાં ચાલી રહેલું પ્રદર્શન રોયલ ગવર્નમેન્ટ ઓફ ભૂટાનની વિનંતીને માન આપીને સત્તાવાર રીતે એક સપ્તાહ માટે લંબાવવામાં આવ્યું છે.

હજારો શ્રદ્ધાળુ યાત્રાળુઓને આકર્ષિત કરતું આ પવિત્ર પ્રદર્શન હવે ૧૮ નવેમ્બરના બદલે ૨૫ નવેમ્બર સુધી ચાલુ રહેશે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આ અંગે એક સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

આ અવશેષો, જે નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સંગ્રહિત છે, તે ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકના ૭૦મા જન્મદિવસ નિમિત્તે યોજાયેલા વૈશ્વિક શાંતિ પ્રાર્થના મહોત્સવના ભાગરૂપે થિમ્ફુ લાવવામાં આવ્યા હતા. ભૂટાનના લોકો દ્વારા પ્રદર્શનને મળેલો જબરજસ્ત આદર અને ભક્તિ એ ભારત અને ભૂટાનના સહિયારા આધ્યાત્મિક વારસાનો



પુરાવો છે.

સંસ્કૃતિ મંત્રાલયે જાહેર કર્યું કે, ભૂટાનની વિનંતી સ્વીકારવામાં અમને ગૌરવ છે, જેનાથી વધુ ભક્તો આ પવિત્ર અવશેષોના આશીર્વાદ મેળવી શકશે. આ ઘટનાએ બંને રાષ્ટ્રો વચ્ચેના મિત્રતા, વિશ્વાસ અને સહયોગના શાશ્વત સંબંધોને વધુ મજબૂત કર્યા છે.

### કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ કરશે નેતૃત્વ

ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને પરત લાવવાની સુવિધા માટે, ૨૪ નવેમ્બરે ભૂટાન માટે એક વિશેષ વિમાન રવાના થશે. ત્યારબાદ ૨૫ નવેમ્બરે આ પવિત્ર અવશેષોને સન્માન સાથે ભારત પાછા લાવવામાં આવશે. આ મહત્ત્વપૂર્ણ સમાપન સમારોહ માટે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કેન્દ્રીય સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ આ અવશેષોના ભવ્ય સ્વાગત માટે ભૂટાનના લોકો અને નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો, અને કહ્યું હતું કે ભગવાન બુદ્ધના ઉપદેશો ભારત અને ભૂટાનના સહિયારા આધ્યાત્મિક વારસા વચ્ચે એક પવિત્ર કડી છે. આ પ્રદર્શન ભારત-ભૂટાન સંબંધોમાં એક સીમાચિહ્નરૂપ ઘટના સાબિત થયું છે, જે સહિયારા બૌદ્ધ વારસાની ઉજવણી કરે છે અને બંને દેશોના વિશેષ બંધનોને પુનઃસ્થાપિત કરે છે.

# પાકિસ્તાનમાં વહીવટી અવ્યવસ્થાના કારણે લોટની અછતનું સંકટ

(એજન્સી) રાવલપિંડી I તા. 19

પાકિસ્તાનના રાજકીય કેન્દ્ર ઈસ્લામાબાદ અને તેના જોડિયા શહેર રાવલપિંડી વિભાગમાં ટૂંક સમયમાં જ લોટની અછતનું મોટું સંકટ ઊભું થવાની સંભાવના છે. એક તરફ ઘઉંની બેગના ભાવમાં ધરખમ વધારો અને બીજી તરફ ઘઉંની હેરફેર માટેના પરમિટ (પરવાનગી)નું અચાનક સસ્પેન્શન (મોકૂફી) થતાં, લોટની અછત ઊભી થવાના સ્પષ્ટ ભણકારા વાગી રહ્યા છે. ફ્લોર મિલ માલિકોએ ચેતવણી આપી છે કે સરકારના અચાનક અને વણસમજાયેલા નિર્ણયોને કારણે લોટનું વિતરણ સંપૂર્ણપણે અટકી શકે છે, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આ ગંભીર કટોકટીનો સામનો કરવા માટે તાજેતરમાં **પાકિસ્તાન ફ્લોર મિલ્સ એસોસિયેશન (PFMA)**ની એક તાકીદની બેઠક યોજાઈ હતી. એસોસિયેશનના વરિષ્ઠ નેતાઓએ સત્તાવાળાઓની આકરી ટીકા કરતાં જણાવ્યું હતું કે લાંબા સમયથી ચાલી આવતા પ્રશ્નોના ઉકેલ લાવવાને બદલે, સરકારે અસ્થિરતા સર્જી છે. આ બેઠકમાં PFMAના મુખ્ય સંરક્ષક તારિક સાદિક, પંજાબના અધ્યક્ષ રિયાઝુલ્લાહ ખાન અને કેન્દ્રીય નેતા રઝા અહમદ શાહ હાજર રહ્યા હતા. તમામ સભ્યોએ પંજાબ ફૂડ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલા 'ગેરમાર્ગે દોરનારા હસ્તક્ષેપો' પર પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. એસોસિયેશને સ્પષ્ટપણે જણાવ્યું કે જ્યારે કેન્દ્ર અને પ્રાંતીય વહીવટીતંત્ર મહેસૂલ સુધારણા અને આર્થિક પુનઃપ્રાપ્તિની વાતો કરે છે, ત્યારે તેમના જમીની સ્તરના પગલાં પરિસ્થિતિને વધુ વણસાવી રહ્યા છે.આ કટોકટીનું મુખ્ય કારણ પંજાબ ફૂડ ડિપાર્ટમેન્ટ અને તેની સાથેના અર્ધલશ્કરી કર્મચારીઓ દ્વારા લેવામાં આવેલા કડક પગલાં છે.

### બિહાર ચૂંટણી 2025માં NDAએ 205 બેઠકો જીતીને ઐતિહાસિક પ્રચંડ જીત મેળવી

# બિહારમાં નીતિશ કુમારની નેતા તરીકે સર્વાનુમતે વરણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

નીતિશ કુમારની ફરી એકવાર બિહારના મુખ્યમંત્રી તરીકેની ગાદી પર બેસવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. પટનામાં તેમના નિવાસસ્થાને બુધવારે યોજાયેલી બેઠકમાં નીતિશ કુમારની જનતા દળ (યુનાઈટેડ) - જેડી(યુ) - ના ધારાસભ્ય દળના નેતા તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ વરણી બાદ **જેડી(યુ)**ના સાંસદ સંજય ઝા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહે નીતિશ કુમારને અભિનંદન પાઠવ્યા હતા. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા સમ્રાટ ચૌધરીની બિહારમાં ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે અને વિજય સિન્હાની ઉપનેતા તરીકે વરણી કરવામાં આવી છે.

## ૨૦ નવેમ્બરે ઐતિહાસિક સમારોહ

નીતિશ કુમાર હવે ઔપચારિક રીતે **નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)**ના નેતા તરીકે ચૂંટાશે, ત્યારબાદ ૨૦ નવેમ્બરના રોજ શપથવિધિ સમારોહ યોજાશે.

ભાજપના નેતા પ્રેમ કુમારે જણાવ્યું હતું કે, "આવતીકાલે (૨૦ નવેમ્બર) શપથવિધિ એક ઐતિહાસિક સમારોહ હશે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમાં હાજરી આપશે."

## બિહાર ચૂંટણી 2025: NDAનો પ્રચંડ વિજય

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં NDAએ પ્રચંડ વિજય નોંધાવ્યો છે. ૨૪૩ બેઠકોમાંથી NDAએ ૨૦૨ બેઠકો જીતીને ભૂતકાળના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. જ્યારે વિપક્ષી મહાગઠબંધન માત્ર ૩૫ બેઠકો સુધી જ સીમિત રહ્યું હતું. આ ગઠબંધને ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભામાં ત્રણ-ચતુર્થાંશ બહુમતી હાંસલ કરી છે. NDAએ બીજી વખત રાજ્યની ચૂંટણીઓમાં ૨૦૦ બેઠકનો આંકડો પાર કર્યો છે, આ પહેલા ૨૦૧૦માં તેણે ૨૦૬ બેઠકો જીતી હતી. આ ચૂંટણીમાં બિહારે ૬૭.૧૩ ટકાના ઐતિહાસિક મતદાનની નોંધણી કરી હતી, જે ૧૯૫૧ પછીનું સૌથી વધુ મતદાન છે, જેમાં મહિલા મતદારો (૭૧.૬%) પુરુષો (૬૨.૮%) કરતાં આગળ નીકળી ગઈ હતી.



## કેરળ મુખ્ય ચૂંટણી અધિકારીએ BLOsના અનુકરણીય કાર્યની પ્રશંસા કરી



તિરુવનંતપુરમ | કેરળના મુખ્ય ચૂંટણી અધિકારી, રતન યુ. કેલકરે રાજ્યમાં ચાલી રહેલા ચૂંટણી યાદીના વિશેષ સઘન સુધારા દરમિયાન તેમના ઉત્તમ અને અનુકરણીય કાર્ય બદલ તમામ બૂથ લેવલ ઓફિસર્સને અભિનંદન પાઠવ્યા છે. CEOની ઓફિસમાંથી જારી કરાયેલા એક નિવેદન મુજબ, કેલકરે જણાવ્યું હતું કે રાજ્યની ચૂંટણી યાદીની સચોટતા અને વિશ્વસનીયતા જાળવવામાં BLOsના ફિલ્ડ-લેવલના પ્રયાસો નિર્ણાયક છે. કેલકરે ખાસ કરીને BLOsના અથાક પ્રયાસોની પ્રશંસા કરી હતી, જેમાં એવા 'અજાણ્યા ફોર્મ્સ' ને ઓળખવા અને રિપોર્ટ કરવાના પ્રયાસોનો સમાવેશ થાય છે, જેના માટે મતદારની હાજરી અથવા રહેઠાણની BLOs દ્વારા ચકાસણી થઈ શકી નહોતી. આ 'અજાણ્યા' શ્રેણીમાં સ્થળાંતરિત, મૃત્યુ પામેલા, ડુપ્લિકેટ્સ વગેરે જેવી કેટેગરીઓ શામેલ છે. નિવેદન અનુસાર, આ શ્રેણીમાં હાલમાં ફોર્મ્સની કુલ સંખ્યા ૫૧,૦૮૫ છે. આ આંકડો કુલ મતદારોના ૦.૧૮ ટકા જેટલો છે, જેની ફરી ચકાસણી કરવામાં આવી રહી છે.

### NDAના પ્રચંડ વિજયથી JD(U) નેતા

## "મહિલા હોવાના નાતે ગર્વ અનુભવું છું", કોમલ સિંહ



પટના | બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના પ્રચંડ વિજયથી જનતા દળ - જેડી - ના નેતા કોમલ સિંહે ભારે ઉત્સાહ વ્યક્ત કર્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બિહારની મહિલાઓ વિકાસ ઈચ્છે છે અને તેઓ જાણે છે કે મુખ્યમંત્રી નીતિશ કુમાર જ તે લાવી શકે છે. "હું ખૂબ જ ખુશ છું કે NDAએ બિહારમાં મોટી જીત મેળવી છે. મહિલા હોવાના નાતે મને ખૂબ ગર્વ છે કે બિહારનું નેતૃત્વ ફરીથી નીતિશ કુમાર કરશે. બિહારની મહિલાઓ માત્ર વિકાસ ઈચ્છે છે, અને તેઓ સારી રીતે જાણે છે કે તે માત્ર નીતિશ કુમાર જ લાવી શકે છે." દરમિયાન, ભાજપના નેતા પ્રેમ કુમારે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦ નવેમ્બરના રોજ યોજાનાર નવી બિહાર સરકારનો શપથવિધિ સમારોહ "ઐતિહાસિક" હશે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ આ સમારોહમાં હાજરી આપશે. પ્રેમ કુમારે જણાવ્યું હતું કે, "ભાજપ ધારાસભ્ય દળના નેતાની પસંદગી આજે થઈ જશે.

## WAGO ઈન્ડિયા કામ કરવા માટેના મહાન સ્થળોની લીગમાં જોડાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

WAGO ઈન્ડિયા ઉત્કૃષ્ટ કામકાજની સંસ્કૃતિ વિકસાવતી માન્યતા પ્રાપ્ત વૈશ્વિક સંસ્થાઓની શ્રેણીમાં સ્થાન મેળવતાં, સત્તાવાર રીતે "ગ્રેટ પ્લેસ ટુ વર્ક®" તરીકે પ્રમાણિત થઈ છે. આ પ્રતિષ્ઠિત માન્યતા સંપૂર્ણપણે WAGO ઈન્ડિયાના કર્મચારીઓના પ્રામાણિક પ્રતિસાદ પર આધારિત છે, જે સંસ્થાની એવી કાર્યસ્થળ સંસ્કૃતિ નિર્માણ કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જ્યાં દરેક વ્યક્તિ આદર, વિશ્વાસ, પ્રેરણા અને વિકાસ માટે સશક્ત અનુભવે છે.

કર્મચારીઓએ WAGO ઈન્ડિયાની નિખાલસતા, નવીનતા અને ગૌરવથી ભરપૂર સંસ્કૃતિની પ્રશંસા વ્યક્ત કરી – એવા મુખ્ય મૂલ્યો, જે ફક્ત શબ્દોમાં નહીં પરંતુ દરરોજના કાર્યમાં જીવંત રૂપે અભિવ્યક્ત થાય છે. આ મૂલ્યો WAGO ઈન્ડિયાના કાર્યસ્થળના સિદ્ધાંતોનો પાયો રચે છે અને લોકો-"પ્રથમ સંસ્થા" બનવાના તેના અડગ સમર્પણને વધુ મજબૂત બનાવે છે.

આ પ્રમાણપત્ર આપણા સૌએ સાથે મળીને નિર્માણ કરેલી સંસ્કૃતિનું પ્રતિબિંબ છે – એવી કાર્યસ્થળ સંસ્કૃતિ, જ્યાં દરેક વ્યક્તિ આદર, મૂલ્ય અને ગર્વનો અનુભવ કરે છે. આ સિદ્ધિ ટીમ WAGO ઈન્ડિયાના દરેક સભ્યની છે, જેણે અમારી સંસ્કૃતિને વધુ મજબૂત અને જીવંત બનાવવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે," એમ WAGO ઈન્ડિયાના CEO આલોક કિશોરે જણાવ્યું.

આ પ્રમાણપત્ર WAGO ઈન્ડિયાની તેના કર્મચારીઓ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાને માન્ય કરે છે અને સાથે સાથે વૈશ્વિક WAGO બ્રાન્ડને પણ વધુ મજબૂત બનાવે છે – એવી બ્રાન્ડ તરીકે જે ફક્ત ટેકનોલોજી શ્રેષ્ઠતા પૂરતી નથી, પરંતુ ઉત્તમ કાર્યસ્થળ અનુભવ પ્રદાન કરવામાં પણ અગ્રણી છે. આ માન્યતા WAGO ઈન્ડિયાને ઈલેક્ટ્રિકલ ઈન્ટરકનેક્શન, ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ અને ઓટોમેશન સોલ્યુશન્સના ક્ષેત્રમાં પસંદગીના નોકરીદાતા (Employer of Choice) તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

## માઓવાદીઓ પર આંધ્ર પ્રદેશમાં મોટું ઓપરેશન

વિજયવાડા (આંધ્ર પ્રદેશ) | ટોચના માઓવાદી નેતા માડવી હિડમાના મોત બાદ બીજા જ દિવસે, આંધ્ર પ્રદેશ પોલીસને ફરી એક મોટી સફળતા મળી છે. બુધવારે રાજ્યના રામપચોડાવરમ જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની તાજી અથડામણમાં ઓછામાં ઓછા છ માઓવાદીઓ માર્યા ગયા હોવાનું પોલીસે જણાવ્યું છે. ઈન્ટેલિજન્સ એડીજી મહેશચંદ્ર લદ્ધાએ મીડિયાને જણાવ્યું હતું કે માઓવાદીઓ છત્તીસગઢ અને તેલંગાણામાંથી આંધ્ર પ્રદેશમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને તેમણે બાકીના માઓવાદીઓને આત્મસમર્પણ કરવા વિનંતી કરી છે.



એડીજી લદ્ધાએ કહ્યું, "આંધ્ર પ્રદેશ એજન્સીના રામપચોડાવરમ જંગલ વિસ્તારમાં ફરી એકવાર ગોળીબાર થયો હતો. સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચેની અથડામણમાં ઓછામાં ઓછા છ માઓવાદીઓ માર્યા ગયા છે. બાકીના માઓવાદીઓ માટે આત્મસમર્પણ કરવું વધુ સારું છે. અમે સઘન દેખરેખ રાખી છે અને તેમની હિલચાલ પર નજર રાખી રહ્યા છીએ." એડીજી મહેશચંદ્ર લદ્ધાએ જણાવ્યું કે પોલીસે તાજેતરના ઓપરેશન દરમિયાન વિવિધ જિલ્લાઓમાંથી ૫૦ લોકોની ધરપકડ કરી છે અને મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે. અટકાયતની વિગતો: ધરપકડ કરાયેલા લોકોમાં ત્રણ સ્પેશિયલ ઝોનલ કમિટીના સભ્યો, ૨૩ પ્લાટૂન સભ્યો, ૫ ડિવિઝનલ કમિટીના સભ્યો અને ૧૯ એરિયા કમિટીના સભ્યોનો સમાવેશ થાય છે. એનટીઆર, કૃષ્ણા, એલુરુ, કાકીનાડા અને કોનાસીમા જિલ્લાઓમાં આ ધરપકડ કરવામાં આવી હતી.

## શ્રીલંકામાં ખરાબ હવામાનને કારણે બે ફ્લાઈટ્સ ડાયવર્ટ કરાઈ

તિરુવનંતપુરમ (કેરળ) | બુધવારે ખરાબ હવામાનને કારણે શ્રીલંકાના કોલંબોમાં તેમના મૂળ ગંતવ્યસ્થાનથી બે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ (TRV) પર ડાયવર્ટ કરવામાં આવી હતી. આ ઘટનાએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય હવાઈ ટ્રાફિકને નિર્ણાયક સહાય પૂરી પાડવામાં તિરુવનંતપુરમ એરપોર્ટનું મહત્ત્વ સાબિત કર્યું છે. **તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (TIAL)**ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડાયવર્ટ કરાયેલી ફ્લાઈટ્સમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે: આ બંને ફ્લાઈટ્સનું મૂળ ગંતવ્યસ્થાન કોલંબોમાં આવેલું બંડારનાયક ઈન્ટરનેશનલ એરપોર્ટ હતું.




### હવામાન સુધર્યા બાદ પ્રસ્થાન

કેરળની રાજધાનીમાં લગભગ એક કલાકના વિલંબ પછી, ખરાબ હવામાનમાં સુધારો થયો. હવામાન સુધરતાં બંને વિમાનોને કોલંબો તરફની તેમની મુસાફરી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી અને તેઓએ તિરુવનંતપુરમથી પ્રસ્થાન કર્યું હતું.

### તાજેતરમાં અન્ય કટોકટીમાં પણ મદદ

તિરુવનંતપુરમ એરપોર્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ટેકો આપવાનો આ બીજો તાજેતરનો કિસ્સો છે. ગયા મહિને, જકાર્તાથી મદીના જતી એક સાઉદી અરેબિયન ફ્લાઈટને બોર્ડમાં તબીબી કટોકટીને કારણે તિરુવનંતપુરમ ડાયવર્ટ કરવામાં આવી હતી. ઈન્ડોનેશિયન મુસાફર બેભાન થઈ જતાં આ અનિશ્ચિત લેન્ડિંગ જરૂરી બન્યું હતું, અને મુસાફરને તાત્કાલિક સારવાર માટે અનંતપુરી હોસ્પિટલમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા.

### ગ્રાહકો રૂ. 74999 ના પ્રારંભિક ભાવે ઓલરાઉન્ડર ફ્લેગશિપ મેળવી શકે છે

## OPPO ઈન્ડિયા નવી Find X9 સિરીઝ સાથે પ્રીમિયમ સ્માર્ટફોન અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરે છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

OPPO ઈન્ડિયાએ આજે ભારતમાં તેની બહુપ્રતિક્ષિત Find X9 સિરીઝ લોન્ચ કરી, જે ભારતમાં પ્રીમિયમ સ્માર્ટફોન સેગમેન્ટમાં તેની મજબૂત હાજરીનો પુનરોચ્ચાર કરે છે. Find X વારસાને ચાલુ રાખીને, નવી સિરીઝ, Find X9 અને Find X9 Pro નો સમાવેશ કરે છે, ફ્લેગશિપ સ્માર્ટફોન શું પ્રદાન કરી શકે તે માટે નવા ધોરણો નક્કી કરે છે. આ નવી સિરીઝ એક શાનદાર સર્વાંગી અનુભવ પ્રદાન કરે છે, જેમાં Hasselblad દ્વારા કો-એન્જિનિયર્ડ નેક્સ્ટ-જનરેશન કેમેરા સિસ્ટમ, ઉત્તમ બેટરી લાઈફ, શક્તિશાળી પર્ફોર્મન્સ અને સ્મૂધ, સ્માર્ટ ColorOS 16 નો સમાવેશ થાય છે.

ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન (IDC) ના Q3 2025 માટે વર્લ્ડવાઈડ ક્વાર્ટરલી મોબાઈલ ફોન ટ્રેકર અનુસાર, ભારતમાં OPPO ની મજબૂત માર્કેટ પરફોર્મન્સ પછી આ લોન્ચ કરવામાં આવ્યું છે, જ્યાં બ્રાન્ડ 13.9% ના માર્કેટ હિસ્સા સાથે બીજા સ્થાને પહોંચી ગઈ છે.

Find X9 Pro 16GB + 512GB માં રૂ. 109999 માં આવે છે, જ્યારે Find X9 12GB + 256GB અને 16GB + 512GB માં અનુક્રમે રૂ. 74999 અને રૂ. 84999 માં ઉપલબ્ધ છે. બંને વેરિઅન્ટ 21 નવેમ્બરથી વેચાણ માટે ઉપલબ્ધ થશે.

Find X9 Pro OPPO ઈ-સ્ટોર, એમેઝોન, ફ્લિપકાર્ટ અને મેઈનલાઈન રિટેલ આઉટલેટ્સ પર ઉપલબ્ધ રહેશે. Find X9 OPPO ઈ-સ્ટોર, ફ્લિપકાર્ટ અને મેઈનલાઈન રિટેલ આઉટલેટ્સ પર ઉપલબ્ધ રહેશે. Hasselblad Teleconverter Kit રૂ. 29,999 ની વધારાની કિંમતે ઉપલબ્ધ રહેશે.

### અનમોલ બિશ્નોઈને અમેરિકાથી ભારત લવાતા પહેલા

# દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પર સુરક્ષા સઘન

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ગેંગસ્ટર અનમોલ બિશ્નોઈનું અમેરિકાથી પ્રત્યાર્પણ કરીને ભારત લાવવાની તૈયારીના ભાગરૂપે, બુધવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર સુરક્ષા સઘન કરવામાં આવી હતી. પોલીસ કર્મચારીઓએ ડોગ સ્ક્વોડ સાથે મળીને ટર્મિનલ ૩ પર વાહનો અને પરિસરની વ્યાપક તપાસ કરી, અનમોલ બિશ્નોઈના આગમન પહેલા સુરક્ષાના અનેક સ્તરો સુનિશ્ચિત કર્યા હતા.

અનમોલ બિશ્નોઈ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નાનો ભાઈ છે અને ગયા વર્ષે ઓક્ટોબરમાં થયેલા એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં વોન્ટેડ છે.

દરમિયાન, અનમોલ બિશ્નોઈના પિતરાઈ ભાઈ રમેશ બિશ્નોઈએ કેન્દ્ર સરકારને તેમના ભાઈની સલામતી સુનિશ્ચિત કરવા વિનંતી કરી



છે, જે ટૂંક સમયમાં અમેરિકાથી પ્રત્યાર્પણ બાદ ભારત પહોંચશે.

રમેશ બિશ્નોઈએ દાવો કર્યો કે અનમોલને માત્ર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ હોવા બદલ સજા કરવામાં આવી રહી છે. તેમણે તપાસ એજન્સીઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો, પરંતુ કહ્યું કે પરિવારની મુખ્ય પ્રાથમિકતા તેમના સંબંધીની સલામતી સુનિશ્ચિત કરવાની છે.

રમેશ બિશ્નોઈએ કહ્યું, "કાયદો પોતાનું કામ કરશે. અમારો પરિવાર કાયદાનું સન્માન કરે છે. પરંતુ આજે અમારી મુખ્ય ચિંતા એ છે કે જો તેને (અનમોલ બિશ્નોઈ) ભારત લાવવામાં આવી રહ્યો છે, તો ભારત સરકારે તેની સલામતી સુનિશ્ચિત કરવી જોઈએ. આ અમારી માંગણી રહેશે." તેમણે ઉમેર્યું કે, "સત્ય બહાર આવશે અને અનમોલ બિશ્નોઈ નિર્દોષ સાબિત થશે. તે માત્ર લોરેન્સ બિશ્નોઈનો નાનો ભાઈ હોવા બદલ સજા ભોગવી રહ્યો છે."

### બાબા સિદ્દીકીના પુત્રની માંગ: અનમોલને મુંબઈ લાવો

અગાઉ, બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ જણાવ્યું હતું કે તેમને એક ઈમેઈલ મળ્યો છે, જેમાં જણાવાયું છે કે ફેડરલ સરકારે અનમોલ બિશ્નોઈને ૧૮ નવેમ્બરથી અમેરિકામાંથી "દૂર" કરી દીધો છે. ઝીશાન સિદ્દીકીના પરિવારને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા આ સૂચના મળી હતી.

### ઝીશાન સિદ્દીકીએ માંગ કરી:

"સવાલ એ છે કે શું તેને ભારત મોકલવામાં આવી રહ્યો છે? કેન્દ્ર સરકારને મારી પ્રબળ વિનંતી છે કે જો તેને અમેરિકામાંથી દૂર કરવામાં આવ્યો હોય તો તેને પાછો ભારત લાવે, અને રાજ્ય સરકારને પણ વિનંતી છે કે તેને મુંબઈ પાછો લાવવામાં આવે અને ખાતરી કરવામાં આવે કે તેની પૂછપરછ અને ધરપકડ થાય."

ઝીશાન સિદ્દીકીએ કહ્યું કે તેઓ હજી પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે અને તેમના પિતાની હત્યા પાછળનું સંપૂર્ણ કાવતરું બહાર આવવું જોઈએ. બાબા સિદ્દીકી, જે ભૂતપૂર્વ મહારાષ્ટ્ર મંત્રી અને એનસીપી નેતા હતા, તેમને ગયા વર્ષે ઓક્ટોબરમાં બાંદ્રામાં ગોળી મારી દેવામાં આવી હતી.

## Third Wave Coffeeએ બે નવા કેફે સાથે અમદાવાદ શહેરમાં પ્રવેશ કર્યો

(એજન્સી) અમદાવાદ । તા. 19

ભારતની સૌથી ઝડપથી વિકસી રહેલી સ્પેશિયલ્ટી કોફી બ્રાન્ડ્સ પૈકીની એક Third Wave Coffee એ બે નવા કેફેના લોન્ચ સાથે અમદાવાદ શહેરમાં પ્રવેશ કર્યો છે. શહેરના સૌથી વાઈબ્રન્ટ સ્થળોમાં સ્થાન ધરાવતા સીજી રોડ અને પ્રહલાદ નગર ખાતે આવેલા આ કેફેનું લોન્ચિંગ બ્રાન્ડની દેશભરમાં વિસ્તરણ કરવાની યોજનામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. અમદાવાદ એરપોર્ટ ખાતે હાલની હાજરી સાથે આ નવા લોન્ચીસ Third Wave Coffeeની શહેરમાં તથા તેના વેસ્ટર્ન માર્કેટ ક્લસ્ટરમાં હાજરી વધુ મજબૂત બનાવે છે જેમાં મુંબઈ અને પૂણેનો સમાવેશ થાય છે.મોટા મેટ્રો અને ઉભરતા વિસ્તારોમાં મજબૂત હાજરી સ્થાપનારી Third Wave Coffee હવે 12 શહેરોમાં 195થી વધુ કેફે ચલાવે છે. અમદાવાદમાં પ્રવેશ એ આ ક્લસ્ટરમાં વ્યૂહાત્મક વિસ્તરણ છે અને આ પ્રદેશમાં વધુ ગહન ગ્રાહક જોડાણો ઊભા કરવાની બ્રાન્ડની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે.Third Wave Coffeeના સીઈઓ રજત લુથરાએ આ લોન્ચ અંગે જણાવ્યું હતું કે "અમે ગુજરાતમાં Third Wave Coffee લાવતા ઉત્સાહિત છીએ. અમદાવાદમાં પ્રવેશ એ અમારી વૃદ્ધિની સફરમાં એક સાહજિક પગલું છે, જે ગ્રાહક માંગ અને શહેરની વાઈબ્રન્ટ કેફે કલ્ચર દ્વારા પ્રેરિત છે. અમદાવાદની ખાસ વાત છે તેની હૂંફ, આતિથ્યભાવના અને પ્રીમિયમ કોફી માટેની વધતી જતી માંગ. આ એવા મૂલ્યો છે જે અમારા બ્રાન્ડની નૈતિકતા સાથે મજબૂત રીતે જોડાયેલા છે. અમે અહીં પણ તે જ પ્રેમ મેળવવા માટે આતુર છીએ જે અમને અન્ય બજારોમાં મળે છે."

કોફી-ફર્સ્ટ ફિલોસોફીને વળગી રહેતા Third Wave Coffee અમદાવાદમાં તેના સિગ્નેચર સ્પેશિયાલિટી બ્રુ લાવે છે જે નૈતિક રીતે પ્રાપ્ત કરેલા બીન્સમાંથી બનાવવામાં આવે છે. કોફીના અનુભવને પૂરક બનાવતું ગુજરાત-એક્સક્લુઝિવ, 100 ટકા વેજિટેરિયન મેનુ જે ખાસ આ શહેર માટે બનાવવામાં આવ્યું છે.

### યુપી મદરેસાઓ માટે યોગી સરકારનો મોટો નિર્ણય

## શિક્ષકો અને વિદ્યાર્થીઓની વિગતો એટીએસને સોંપવી પડશે

(એજન્સી) લખનઉ । તા. 19

દેશની રાજધાની દિલ્હીમાં તાજેતરમાં થયેલા બ્લાસ્ટ બાદ ઉત્તર પ્રદેશની યોગી સરકારે રાજ્યની આંતરિક સુરક્ષાને લઈને એક મહત્ત્વનું પગલું ભર્યું છે. સુરક્ષા એજન્સીઓને સતર્ક રાખવાના ઉદ્દેશ્યથી, રાજ્યમાં એક નવો પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત રાજ્યની તમામ મદરેસાઓમાં ભણાવતા મૌલવીઓ અને અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની સંપૂર્ણ વિગતો એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) ને સોંપવી પડશે.

નવા સરકારી આદેશ મુજબ, ઉત્તર પ્રદેશની દરેક માન્યતા પ્રાપ્ત અને બિન-માન્યતા પ્રાપ્ત મદરેસાએ પોતાના ત્યાં કામ કરતા તમામ શિક્ષકો અને ધાર્મિક પ્રશિક્ષકોની વ્યક્તિગત માહિતી ATS કાર્યાલયને આપવી પડશે. આ માહિતીમાં નીચેના દસ્તાવેજોનો સમાવેશ થાય છે: એ જ રીતે, મદરેસાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની વિગતો અને તેમના મોબાઈલ નંબરની યાદી



બનાવીને જમા કરાવવી પણ ફરજિયાત કરવામાં આવી છે. આ પ્રક્રિયા માત્ર ડેટા સંગ્રહનો ભાગ નથી, પરંતુ એક વ્યાપક 'સુરક્ષા ઓડિટ'નો હિસ્સો છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈપણ સંસ્થામાં શંકાસ્પદ તત્વોની હાજરીને સમયસર ઓળખવાનો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં, ગુપ્તચર એજન્સીઓએ કેટલીક મદરેસાઓ અને ખાનગી ધાર્મિક સંસ્થાઓમાં બહારના રાજ્યોના યુવાનોની વધતી જતી અવરજવર પર સતર્કતા વ્યક્ત કરી હતી, જેના પગલે આ સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે.

### વિશ્વ શૌચાલય દિવસ

## ભાવનગરનું ઉમરાળા ગામ સ્માર્ટ ટોઈલેટનું ઉદાહરણ બન્યું

(એજન્સી) ઉમરાળા । તા. 19

આજે વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે, ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલું ઉમરાળા ગામ તેના નવીન અને સ્વચ્છ જાહેર શૌચાલય સુવિધાઓને કારણે ગ્રામીણ સ્વચ્છતાના મોડેલ તરીકે ઉભરી આવ્યું છે. સ્વચ્છ શૌચાલયની સુલભતા જાહેર આરોગ્ય, ગરિમા અને સામાજિક વિકાસ માટે અત્યંત જરૂરી છે, ત્યારે ઉમરાળા ગામનો અભિગમ દર્શાવે છે કે આધુનિક ટેકનોલોજી કેવી રીતે ગ્રામીણ સ્વચ્છતાના ધોરણોને બદલી શકે છે.

ઉમરાળા ગામ દ્વારા રાજ્યના કેટલાક સૌથી અદ્યતન જાહેર શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સુવિધાઓ લાઈટ, પંખા અને સ્વચ્છતા કાર્યો માટે સેન્સર-આધારિત પ્રણાલીથી સજ્જ છે. ગ્રામ પંચાયત સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમે આ પ્રોજેક્ટ વિશે વાત કરતા કહ્યું કે, સ્માર્ટ ટોઈલેટના કારણે ગામને વીજળી અને પાણીની બચત કરવામાં મદદ મળી છે. સરપંચ




હેજમે સમજાવ્યું, "રાજ્ય સરકારની ગ્રાન્ટ સાથે અમે ત્રણ જુદા જુદા સ્થળોએ જાહેર શૌચાલય બનાવ્યા છે. તેમાં યુરિન પોટ્સ, સેન્સર સાથેની ટોઈલેટ સીટો અને સેન્સર-નિયંત્રિત લાઈટ અને પંખા છે. આનાથી વીજળી અને પાણીની બચત થાય છે. રહેવાસીઓ આ સ્વચ્છ સુવિધાઓથી ખૂબ જ ખુશ છે." આ પ્રોજેક્ટની સ્થાનિક સમુદાય પર સકારાત્મક અસર સ્પષ્ટ છે. સ્વચ્છ વાતાવરણ, નિયમિત જાળવણી અને સુરક્ષા સુવિધાઓમાં વધારો થવાથી ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને તેમના દૈનિક જીવનમાં ગરિમા અને સુવિધા મળી છે.

સિટી એક્સપ્રેસ
THURSDAY 20 NOVEMBER-2025
AHMEDABAD

## ચંદ્રાલા પાસે બસમાંથી મુંબઈનો યુવાન તમંચા સાથે પકડાયો

ગાંધીનગર : ગાંધીનગર શહેર નજીક ચિલોડા હિંમતનગર હાઈવે ઉપર વિદેશી દારૂની સાથે હવે હથિયારોની પણ હેરાફેરી વધી છે પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ચંદ્રાલા પાસે લક્ઝરી બસમાંથી મુંબઈના યુવાનને તમંચા સાથે ઝડપી લીધો હતો. ૩૦ હજારનો મુદ્દામાલ કબજે કરીને તમંચો ક્યાંથી લાવ્યો હતો અને કોને આપવાનો હતો તે જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. આ યુવાનની પૂછપરછ કરતા તે કુર્લા વેસ્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર ખાતે રહેતો આતિશ વિનાયકભાઈ પવાર હોવાનું બહાર આવ્યું હતું.

## ભુસ્તર તંત્રની કામગીરીમાં અડચણ ઉભી કરનાર છ પકડાયા

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લામાં રેત માફિયાનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે અઠવાડિયા અગાઉ છત્રાલ પાસે ગેરકાયદે રેતી ભરેલું ડમ્પર પકડવા ગયેલા ભુસ્તર વિભાગના મહિલા અધિકારીને છ જેટલા આરોપીઓએ વાહનો લઈને આતર્યા હતા.

જે સંદર્ભે કલોલ તાલુકામાં નોંધાયેલા પુરાવાને પગલે પોલીસે ૩૫.૪૫ લાખના વાહનો સાથે છ આરોપીને પકડીને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. ચાલકે તેના માલિકને ફોન કરતા કાર લઈને આવેલા શખસો દ્વારા આ ડમ્પર છોડાવી જવામાં આવ્યું હતું.



# No હેલમેટ, No મોટરસાઈકલ એન્ટ્રીના બોર્ડ શોભાના ગાંઠિયા

## સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ હેલ્મેટ વિના કરે છે પ્રવેશ, સિક્યુરિટી માત્ર જોતા રહે છે

અમદાવાદ | સેવન્થ ડે સ્કૂલમાં No Helmet, No Motercycle/Scooter Entryના બોર્ડ તો લગાવવામાં આવ્યા છે. પરંતુ આ બોર્ડ શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. વિદ્યાર્થી નયનની હત્યા બાદ સ્કૂલની વધુ એક બેદરકારી સામે આવી છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સ્કૂલ બહાર No Helmet, No Motercycle/Scooter Entryના બોર્ડ તો લગાવાયા છે. પરંતુ તેનું નહતો હોઈ પાલન કરી રહ્યું નહતો કોઈ પાલન કરાવતું જોવા જોવા મળી રહ્યું છે. નિયમોનું પાલન કરાવનાર કોઈ ના હોવાથી વિદ્યાર્થીઓ તો ઠીક સ્કૂલના કર્મચારીઓ પણ હેલ્મેટ વગર કેમ્પસમાં પ્રવેશ કરતા જોવા મળ્યા હતા.

સુરક્ષા અને સલામતી માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. થોડા સમય પહેલા સરકારી કચેરી, શાળા અને કોલેજોમાં આવતા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ટ્રાફિકના નિયમોનું પાલન કરે તેવો આદેશ કરવામાં આવ્યો હતો. જે બાદ કચેરીઓમાં, શાળા કે કોલેજોમાં હેલ્મેટ વગર આવતા લોકોને પ્રવેશ આપવામાં ના આવે તેવી સૂચના આપવામાં આવી હતી. પરંતુ આદેશ થાય તેના થોડા દિવસ જ નિયમોનું પાલન થતું હોય છે. જ્યાં સુધી ડ્રાઈવ ચાલે ત્યાં સુધી જ નિયમોનું પાલન કરવામાં આવતું હોય છે, જેવી ડ્રાઈવ પૂરી થઈ જાય તે બાદ નિયમો કાગળ પર રહી જતા હોય છે.





### નિયમોનું પાલન કરાવનાર જ કોઈ નથી?

હેલ્મેટ વગર આવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્કૂલના કર્મચારીઓને ગેટ પર જ રોકનાર કોઈ નહતું. જેથી હેલ્મેટ પહેરવામાં લોકો આળસ રાખતા જોવા મળ્યા હતા. જો નિયમોનું પાલન કરાવનાર જ કોઈ નથી કે જે હેલ્મેટ પહેર્યા વગર આવતા લોકોને રોકી તેમને કેમ્પસમાં પ્રવેશ ન આપે. તો પછી No Helmet, No Motercycle/Scooter Entryનું લગાવવાનો શું ફાયદો તે સૌથી મોટો સવાલ છે. કારણ કે નિયમ બનાવ્યો છે તેનું પાલન દરરોજ થવું પણ એટલું જ જરૂરી છે. એમાં પણ સુરક્ષા અને સલામતી વાત હોય એમાં આ પ્રકારની ઉદાસીનતા રાખવી કેટલી યોગ્ય છે તેને લઈને પણ સવાલ ઊભા થઈ રહ્યા છે.

### મોટા ભાગના લોકોએ હેલ્ટમેટ પહેર્યું નહતું

સ્કૂલમાં ગેટ પર No Helmet, No Motercycle/Scooter Entry બોર્ડ પાસેથી જ ગેટમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્કૂલના કર્મચારીઓ ગેટમાં પ્રવેશ કરતા જોવા મળ્યા હતા. જેમાં મોટા ભાગના લોકોએ હેલ્ટમેટ પહેર્યું નહતું. છતાં પણ તેમણે ગેટની અંદર પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો. સ્કૂલ ગેટ પર જ્યાં બોર્ડ લગાવ્યું છે ત્યાં જ સિક્યુરિટી ગાર્ડના જવાનોની ફૌઝ જોવા મળી હતી. પરંતુ કોઈએ પણ એક વિદ્યાર્થી, શિક્ષક કે સ્કૂલના કર્મચારીઓ પાસે હેલ્મેટના નિયમોનું પાલન કરવાની કોઈએ પણ તસ્દી લીધી નહતી. સેવન્થ ડે સ્કૂલના ગેટ પર જ એક બોર્ડ લગાવેલું છે. જેના પર લખેલું છે No Helmet, No Motercycle/Scooter Entry. પરંતુ આ બોર્ડ માત્ર દેખાવ પૂરતું જ સારું લાગી રહ્યું છે.

## ન્યુઝ બ્રિફ

### અમદાવાદમાં ગુનાખોરી ડામવા મોટો નિર્ણય: ગેરેજ-વર્કશોપમાં વાહન અને માલિકની નોંધણી ફરજિયાત

અમદાવાદ | દિલ્હીના લાલ કિલ્લા નજીક તાજેતરમાં બનેલી કાર-બોમ્બ ઘટનાના પગલે અમદાવાદના પોલીસ કમિશનરે ગેરેજ માલિકોને વાહનોના રેકોર્ડ રાખવા અને CCTV કેમેરા લગાવવા માટે ફરજિયાત આદેશ જારી કર્યો છે.

અમદાવાદ સિટી પોલીસ કમિશનરેટ દ્વારા તાજેતરમાં લેવાયેલા એક કડક પગલામાં શહેરના તમામ વર્કશોપ્સ, ગેરેજો અને સર્વિસ સ્ટેશનોના સઘન મોનિટરિંગ માટે એક આદેશ બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણય પર દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર-બોમ્બ વિસ્ફોટની ઘટનાની ગહન અસર જોવા મળી રહી છે. 18 નવેમ્બરથી 16 જાન્યુઆરી સુધી અમલમાં રહેનારા આ નિર્દેશ મુજબ તમામ ગેરેજોને વાહનો અને તેમના માલિકોના વિગતવાર રેકોર્ડ જાળવવા અને તેમના પરિસરમાં CCTV કેમેરા લગાવવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે.

સર્વિસિંગ કે મોડિફિકેશન માટે આવતા તમામ વાહનો માટે ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશનોએ વિગતવાર રેકોર્ડ જાળવવો પડશે અને પ્રવેશ તથા બહાર નીકળવાના સ્થળોએ CCTV કેમેરા લગાવવા પડશે.

### સુરતની સગીરાનું અમદાવાદની હોસ્ટેલમાંથી કથિત અપહરણ, પિતાએ નોંધાવી ફરિયાદ

અમદાવાદ | સુરતની 17 વર્ષીય સગીરાનું એક યુવક દ્વારા કથિત રીતે અપહરણ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે, જેને પગલે યુવતીના પિતાએ અમદાવાદના આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. FIR અનુસાર યુવતી, જેનું નામ રિદ્ધિ (નામ બદલેલું છે) (ઉંમર 17 વર્ષ અને 11 મહિના) છે, તે 14 નવેમ્બરથી ગુમ છે.

સુરતના વરાછાના રહેવાસી અને હીરા ઘસવાનું કામ કરતા જયંતિભાઈ ગોહિલે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની મોટી દીકરી રિદ્ધિ જે B.Com પ્રથમ વર્ષની વિદ્યાર્થીની છે. તે 14 નવેમ્બરના રોજ અમદાવાદની તેની મહિલા હોસ્ટેલમાંથી બે દિવસની રજાની અરજી આપીને નીકળી હતી.

જયંતિભાઈએ જણાવ્યું કે, તે બપોરે લગભગ 3 વાગ્યે ઘરે હતા, ત્યારે તેમના દીકરીના ફોન પરથી એક કોલ આવ્યો હતો. જો કે, સામે રિદ્ધિ નહોતી, પરંતુ એક યુવકે પોતાનો પરિચય ગોપાલ તરીકે આપ્યો અને કહ્યું કે 'હું ગોપાલ છું અને રિદ્ધિ મારી સાથે છે. અમે ભાગી જઈ રહ્યા છીએ.

## સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને નવા વાડજમાં નો - કેટલ ઝોન : ઢોર રખડતું જોવા મળશે તો ફરિયાદ થશે

# શહેરમાં નો- કેટલ ઝોન ક્યારે જાહેર થશે?



અમદાવાદ | અમદાવાદ શહેરમાં ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સ તથા ઓલિમ્પિકની યજમાની થવાની હોવાથી અને વારંવાર વી.આઈ.પી. તથા વી.વી.આઈ.પીની મુવમેન્ટ રહેતી હોય છે. રખડતા ઢોર નિયંત્રણ પોલિસી અમલમાં લાગુ કરવામાં આવી છે છતાં પણ કેટલાક પશુ માલિકો દ્વારા ઢોર રોડ ઉપર રખડતા મૂકવામાં આવતા હોવાના પગલે શહેરના નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સરદાર પટેલ સ્ટેડિયમ, નવા વાડજ ભરવાડ વાસ, નિર્ણયનગર ગરનાળા, શિવમ શાકમાર્કેટ અને જુના રાણીપ વિસ્તારમાં નો- કેટલ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

જો કોઈપણ ઢોર આ વિસ્તારમાં રખડતું જોવા મળશે તો તેના માલિક વિરુદ્ધ પોલીસ કમિશનર જાહેરનામા ભંગ બદલ પોલીસ ફરિયાદ નોંધવામાં આવશે. શહેરના નવા વાડજ વિસ્તારમાં શિવમ શાકમાર્કેટ અને નવા વાડજ ભરવાડ વાસ સહિતના વિસ્તારમાં નો કેટલ ઝોન જાહેર કરવામાં આવતા આજે સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશનની સીએનસીડી વિભાગની ટીમ દ્વારા નવા વાડજ ભરવાડ વાસમાં નો - કેટલ ઝોનને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી.

સીએનસીડી વિભાગની ટીમ દ્વારા આ વિસ્તારમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ભરવાડ વાસમાં રહેલા તમામ ઢોરવાડાઓમાં તપાસ કરવામાં આવી હતી. ઢોર માલિકોને સાથે રાખી અને ઢોરવાડામાં તપાસ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં એક પણ ઢોર રખડતું ન મુકવા સૂચના આપવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં ફરી એકવાર તમામ વિસ્તારોમાં ઢોર રખડતા જોવા મળી રહ્યા છે ત્યારે આખા શહેરને નો- કેટલ ઝોન જાહેર કરવામા આવે તેવી માંગ ઉઠી છે.

### નો-કેટલ ઝોનમાં પશુ પકડાશે તો માલિક સામે ફરિયાદ થશે

પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી આશ્રમ, મલ્ટી મોડલ હબ, રાણીપ GSRTC બસ સ્ટેન્ડ, RTO કચેરી જેવી ભીડભાડવાળા મોટી સંખ્યામાં નાગરિકોની અવર-જવરવાળા સ્થળો આવેલા છે. જેથી વિસ્તારોને નો-કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે. જેના પગલે પોલીસ કમિશનર દ્વારા નવાવાડજ વોર્ડમાં આવેલા શિવમ શાકમાર્કેટ, નિર્ણયનગર ગરનાળા તથા નારણપુરામાં આવેલ સ્પોર્ટ્સ સંકુલના આસપાસના વિસ્તારમાં રખડતા પશુઓના કારણે ટ્રાફિકની સમસ્યા રહે છે. આ તમામ બાબતો ધ્યાને લઈ આ વિસ્તારોને 'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

### આખા શહેરમાં નો-કેટલ ઝોન ક્યારે જાહેર થશે?

પોલીસ કમિશનર દ્વારા પશ્ચિમ વિસ્તારના જ્યાં વધારે વીઆઈપી અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે ત્યાં નો કેટલ ઝોન જાહેર કરવામાં આવ્યું છે પરંતુ સમગ્ર અમદાવાદ શહેરમાં ફરી એકવાર ઢોર રોડ ઉપર જોવા મળી રહ્યા છે ખાસ કરીને સાબરમતી, ચાંદખેડા, મોટેરા, ન્યુ રાણીપ, ગોતા, ઓઢવ, સીટીએમ, નરોડા, સરદારનગર, નાનાચિલોડા સહિતના વિસ્તારોમાં રખડતા ઢોર જોવા મળતા હોય છે ત્યારે સમગ્ર અમદાવાદ શહેરમાં નો કેટલ ઝોન જાહેર કરવાની જરૂરિયાત છે

## 'હું મારા સાહેબના ત્રાસના કારણે મરી રહ્યો છું'

# પેટ્રોલ પંપના કર્મચારીએ મણિનગર રેલવે સ્ટેશન પર આત્મહત્યા કરી, પરિવારજનોનો મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર

અમદાવાદ | અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને પેટ્રોલપંપમાં નોકરી કરતા યુવકે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ પડતું મૂકી આત્મહત્યા કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મૃતકના કબજામાંથી એક સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં તે જ્યાં નોકરી કરતો હતો ત્યાંના સાહેબ રશ્મિત સિંહ અને હાર્દિક પટેલના ત્રાસના કારણે જિંદગી ટૂંકાવી રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. મૃતક યુવાને પોતાની પત્નીને ન્યાય અપાવવા સુસાઈડ નોટમાં વિનંતી કરી છે. પરિવારજનોએ ન્યાયની માગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. તો બીજી તરફ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સુસાઈડ નોટને FSL મોકલવા તજવીજ હાથ ધરી છે.

### 'મારી પત્નીને ન્યાય અપાવજો'



હું પંચાલ કિરીટ કુમાર હેમરાજભાઈ મરવા જઈ રહ્યો છું. મારા ઘરે દીકરી હોવા છતાં મારે મરવું પડે એમ છે. હું મારા સાહેબના ત્રાસથી મરી રહ્યો છું. મારા સાહેબનું નામ રશ્મિત સિંઘ ગુરુદત્ત છે અને એક બીજા ભાઈ હાર્દિકભાઈ પટેલ છે. જે વાઈડ એંગલની બિલ્ડીંગના છે. જે ભાઈ પૈસા માટે મને રોજ ટોર્ચર કરે છે અને બીજા સાહેબ મારા ટોર્ચર કરે છે. મને ઓફિસમાં લઈ જઈને પટ્ટાથી માર પણ માર્યો હતો. અને હવે આજે મારી પાસે કોઈ રસ્તો રહ્યો નથી. મારી પત્નીને ન્યાય અપાવવા વિનંતી. આપનો -કિરીટ

**પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો :** કિરીટ પટેલની આત્મહત્યા મામલે તેના સાળી જાનકી પંચાલે જણાવ્યું હતું કે, કાલે જે ઘટના બની હતી એ મારા જીજાજી થાય.

કાલે મણિનગરમાં રેલવે સ્ટેશન ઉપર આ ઘટના બની છે. એમના પેટ્રોલપંપ વાળા તેને માનસિક-શારીરિક ટોર્ચર કરતા હતા. અમારી એટલી જ માગ છે કે આગળની કાર્યવાહી ઝડપી કરી અમને ન્યાય મળે. પેટ્રોલપંપ વાળા છે તે ઘરવાળાને પણ મારવાની ધમકી આપતા હતા એટલે મારા જીજાજીએ અંતિમ પગલું ભર્યું છે. મારા જીજાજીને ઓફિસમાં પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો.

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા કિરીટ પંચાલ નામના યુવકે 18મી નવેમ્બરે સાંજના સમયે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ પડતું મૂકી જિંદગી ટૂંકાવી લીધી હતી. ઘટનાના પગલે તપાસ માટે પહોંચેલી પોલીસને એક સુસાઈડ નોટ મળી આવી છે.

પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# 'કૃષિ સહાય પેકેજના ફોર્મ માટે એક રૂપિયા પણ ન આપવો' : સરકાર...

ગાંધીનગર | રાજ્ય સરકારે કૃષિ સહાય પેકેજને લઈને મહત્વપૂર્ણ સ્પષ્ટતા જાહેર કરી છે. સહાય માટેના ફોર્મ ભરાવવા ખેડૂતો પાસેથી પૈસા વસૂલાત હોવાની મળેલી ફરિયાદોના પગલે સરકારે તુરંત પગલું લઈ વિકાસ કમિશનરની કચેરી મારફતે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં તેને કહ્યું છે કે, ખેડૂતે સહાય માટેના ફોર્મ ભરાવવા કોઈપણને એક પણ રૂપિયો આપવાનો નથી. ફોર્મ ભરવાની અને સહાયની બધી પ્રોસેસ નિઃશુલ્ક(ફ્રી) છે.

વિકાસ કમિશનરની કચેરીએ સ્પષ્ટ કર્યું છે કે કૃષિ સહાય પેકેજના ફોર્મ ભરાવવા માટે અરજદારને કોઈપણ ઓપરેટર કે વ્યક્તિને એક પણ રૂપિયા આપવાની જરૂર નથી. આખી પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને કોઈપણ પ્રકારની વસૂલાત કડક મનાઈ છે.

તાજેતરમાં કેટલાક વિસ્તારોમાંથી માહિતી મળી હતી કે ફોર્મ ભરાવવા માટે ખેડૂતો પાસેથી પૈસા લેવામાં આવી રહ્યા છે. આ મુદ્દો સરકારના ધ્યાનમાં આવતા જ તરત સ્પષ્ટતા જાહેર કરવામાં આવી છે. સરકારએ જણાવ્યું છે કે જો કોઈ વ્યક્તિ પૈસા માંગે તો તરત જ સંબંધિત અધિકારીને જાણ કરવી.

સરકારે તમામ ખેડૂતોને અપીલ કરી છે કે તેઓ કોઈપણ પ્રકારની ચૂકવણી ન કરે અને સરકારી માર્ગદર્શિકા મુજબ નિઃશુલ્ક સેવા મેળવવા માટે જ ફોર્મ ભરાવે.

# નલિયા 10.5 ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડુ : અમરેલીમાં 11.2, ગાંધીનગરમાં 12.2 ડિગ્રી તાપમાન નોંધાયું

અમદાવાદ | હવામાન વિભાગ ગઈકાલે રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે 10.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ અમરેલીમાં 11.2 અને ગાંધીનગર જ્યાં ન્યૂનતમ તાપમાન 12.2 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વડોદરામાં 13.6 અમદાવાદમાં 14 ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં 13.1 ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટ 12.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતા, રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડુ દ્વારકામાં ન્યૂનતમ તાપમાન 18.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન 29.7 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સીઝનનો અનુભવ થશે. રાજ્યમા મોટાભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું છે.

## ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયાના કેસમાં વધારો...

# સોલા સિવિલ હોસ્પિટલમાં ગત અઠવાડિયાની સરખામણીએ OPDમાં 1000 દર્દીનો વધારો

(એજન્સી) અમદાવાદ | તા. 19

સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા અઠવાડિયામાં ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગચાળાના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. હોસ્પિટલના RMO કિરણ ગોસ્વામીના જણાવ્યા મુજબ, OPDમાં ગયા અઠવાડિયાની સરખામણીમાં 1000 દર્દીનો વધારો થયો છે, જેમાં કુલ 14,310 દર્દીઓ નોંધાયા છે, જ્યારે દાખલ દર્દીઓની સંખ્યા 1,152 હતી.

શિયાળાની ધીમે ધીમે શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે સિવિલ હોસ્પિટલોમાં રોગચાળાની સ્થિતિ અંગે ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં વધારો જોવા મળ્યો છે. આ અંગે સોલા સિવિલ હોસ્પિટલ RMO કિરણ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, જુદા જુદા રોગચાળા જોઈએ તો ડેન્ગ્યુમાં લગભગ ગયા અઠવાડિયામાં 126 દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા. તેમાંથી 11 દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ હતા. તે જ રીતે મેલેરિયામાં 499 શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા તેમાંથી 14 દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ હતા. જ્યારે ચિકનગુનિયાના 11 દર્દીના શંકાસ્પદ સેમ્પલ લેવામાં આવ્યા અને ડાયેરિયાના કેસ લગભગ 18 કેસ ગયા અઠવાડિયામાં નોંધાયા. તે જ રીતે વાઈરલ હેપેટાઈટિસના 3 કેસ ગયા અઠવાડિયામાં નોંધાયા.



### લગભગ 1000 OPDનો સોલા સિવિલ હોસ્પિટલમાં વધારો

બે અઠવાડિયાની સરખામણી કરીએ તો આ અઠવાડિયામાં લગભગ 1000 OPDનો સોલા સિવિલ હોસ્પિટલમાં વધારો થયો છે. લગભગ ગયા અને ગયા અઠવાડિયે 13,760 દર્દી હતા અને આ અઠવાડિયે 14,310 દર્દીઓ અમારી હોસ્પિટલમાં નોંધાયા છે. તથા બાળકોમાં લગભગ રોજેરોજ 100 દર્દીઓની, 100થી 150 દર્દીઓની OPD રહેતી હોય છે અને લગભગ તાવ, શરદી, ઉધરસ વાળા દર્દીઓ OPDમાં આવતા હોય છે. અમારા ડોક્ટરો દ્વારા તેમની તપાસ કરી અને જો જરૂર હોય તો દવાઓ આપવામાં આવે છે અને જરૂર પડે તો દાખલ કરી સારવાર આપવામાં આવે છે.

ઠંડીના કારણે બોડીમાં એકદમ જે લિક્વિડિટી હોય છે એ ઘટી જતી હોય છે. તેના કારણે ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પણ થતી હોય છે. તો દરેક નાગરિકે પોતાના શરીરની જનરલ તપાસ ડોક્ટર દ્વારા કરાવી જોઈએ અને જરૂર પડે ત્યાં રિપોર્ટ કરાવવા જોઈએ અને ડોક્ટરની સલાહ પ્રમાણે દવા લેવી જોઈએ.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...